પાના ૮, કિંમત રૂ.૨, તા. ૧૪-૦૭-૨૦૨૬-મંગળવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૧૮૨ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# હોર્મુજમાં યુએઈના બે ટેન્કરો પર ઈરાનના હુમલા

## હુમલામાં એક ભારતીયનું મોત, ૬ ભારતીય સહિત ૮ ઈજાગ્રસ્ત : બન્ને ક્રુડ ટેન્કરો ભારત આવતા હતા

તહેરાન, તા.૧૪

તહેરાન: અમેરિકા તથા ઈરાન વચ્ચે હવે હોર્મુઝ જળમાર્ગ પર અંકુશ માટે શરૂ થયેલા યુદ્ધમાં ભારતીય વ્યાપારી જહાજો પણ નિશાન બનવા લાગ્યા છે તથા હોર્મુઝ જળમાર્ગની દક્ષિણ લેનમાંથી પસાર થઈ રહેલા સંયુક્ત આરબ અમીરાતના ઝંડાવાળા ભારતીય જહાજ પર ઈરાને મિસાઈલથી હુમલો કરતા એક ભારતીયનું મોત થયુ છે.

જયારે ભારતીય સહિત વધુ આઠ ઘાયલ થયા છે. જેમાં ચારની હાલત ગંભીર છે. ઈરાને બે જહાજો પર હુમલા કર્યા હતા જે ભારત આવી રહ્યા હતા. સંયુક્ત આરબ અમીરાતે એક સતાવાર પોસ્ટમાં જાહેર કર્યુ કે ઓમાનના જળક્ષેત્રમાં હોર્મુઝ જળમાર્ગના દક્ષિણ લેન જે હાલ સમાંતર તૈયાર કરવામાં આવી છે.

તેના પરથી 'મોમ્બાસા' તથા બાહીયા નામના ઓઈલ ટેન્કર પસાર થઈ રહ્યા હતા તે સમયે ઈરાનના મિસાઈલથી બન્ને જહાજોમાં ભારે નુકશાન થયું છે. જેમાં એક ભારતીય નાગરિકનું મોત થયુ છે તથા છ ભારતીય અને બે યુક્રેનના નાગરિકો જે આ જહાજ પર ફરજ બજાવે છે. તેઓ ઘાયલ થયા છે.

મોમ્બાસા પર ડ્યુટી કરતા ભારતીયનું મૃત્યુ થયુ છે. આ હુમલાના કારણે બન્ને જહાજોમાં આગ લાગી હતી. જો કે તેમાં જહાજના કર્મચારીઓએ કાબુ મેળવી લીધો હતો. જો કે ઈરાને દાવો કર્યો છે કે હોર્મુઝ જળમાર્ગની અમારા દળ માન્ય નહી તેવી લેનમાંથી પસાર થઈ રહેલા બે જહાજો પર ચેતવણીનું ફાયરીંગ થયું હતું અને તેમને રોકવામાં આવ્યા હતા.

બીજી તરફ બ્રિટને પણ ઓમાનથી ૪૦ નોટીકલ માઈલ દુર એક અજ્ઞાત ટેન્કર પર હુમલો થવાનો દાવો કર્યો છે. હવે આ ક્ષેત્રમાં યુએઈના ફલેગવાળા જહાજ પર હુમલો થતા તે વધુ નૌકાદળ આ ક્ષેત્રમાં ઉતારે તેવી ધારણા છે.

ઈરાને દાવો કર્યો છે કે, અમેરિકી સેના હોર્મુઝમાં જહાજોને ગેરકાનુની માર્ગ પરથી પસાર કરાવવા પ્રયાસ કરે છે જે સ્વીકાર્ય નથી. આ અગાઉ યુદ્ધના પ્રારંભે એક ભારતીય જહાજ પર અમેરિકી હુમલામાં ચાર ભારતીયો માર્યા ગયા હતા.

# અમેરિકાએ ઈરાન પર પાંચ કલાક સુધી મિસાઈલો ઝીંકી

### ઈરાન દ્વારા બહેરીન-જોર્ડનમાં અમેરિકી ઠેકાણાઓ પર હુમલા

નવી દિલ્હી, તા.૧૪

હોર્મુઝ સ્ટ્રેટમાં ઈરાને UAEના બે તેલ ટેન્કરો પર ક્રુઝ મિસાઈલોથી હુમલો કર્યો છે. UAEના સંરક્ષણ મંત્રાલય અનુસાર, મોમ્બાસા અને અલ બહિયા નામના આ ટેન્કરો પરના હુમલામાં એક ભારતીયનું મોત થયું છે, જ્યારે ૬ ભારતીયો સહિત ૮ લોકો ઘાયલ થયા છે.બીજી તરફ, ઈરાનની ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) એ દાવો કર્યો છે કે તેણે બહેરીનના અલ-જુફૈર સૈન્ય અડ્ડા અને અમેરિકી ફિફ્થ ફ્લીટના ઠેકાણા પર મિસાઈલ અને ડ્રોનથી હુમલો કર્યો. આ સાથે, જોર્ડનમાં પણ અમેરિકી સૈન્ય ઠેકાણાઓ પર હુમલા કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ જોર્ડનની સેનાએ તેના હવાઈ ક્ષેત્રમાં ૪ ઈરાની મિસાઈલોને તોડી પાડવાનો દાવો કર્યો છે.બીજી બાજુ, અમેરિકાએ પણ ઈરાન પર મોટા પાયે જવાબી સૈન્ય કાર્યવાહી કરી. અમેરિકી સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM) અનુસાર, લગભગ પાંચ કલાક સુધી ચાલેલા હુમલાઓમાં બુશેહર, ચાબહાર, જાસ્ક, કોનાર્ક, અબુ મૂસા અને બંદર અબ્બાસ સ્થિત સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવવામાં આવ્યા.

અનુસંધાન પાના ૭ પર

# બંગાળની ખાડીમાં બોટ દુર્ઘટનામાં ૯ મૃતદેહો મળ્યાં, ૬ હજુ પણ ગુમ

### બંગાળના અખાતમાં ૮ દિવસ પહેલા બોટ પલટી હતી

નવી દિલ્હી, તા.૧૪

પશ્ચિમ બંગાળના દક્ષિણ ૨૪ પરગણા નજીક બંગાળની ખાડીમાં ડૂબી ગયેલા એક ટ્રોલરમાંથી આઠ દિવસ પછી નવ માછીમારોના મૃતદેહ મળી આવ્યા છે. છ માછીમારો હજુ પણ ગુમ છે અને તેમની શોધખોળ ચાલુ છે.'જય મા કાલી' નામનું ટ્રોલર ૨ જુલાઈએ પૂર્વ મેદિનીપુર જિલ્લાના શંકરપુર માછલી બંદરગાહથી ૧૫ માછીમારોને લઈને દરિયામાં માછલી પકડવા નીકળ્યું હતું. ૬ જુલાઈ પછી ટ્રોલર સાથેનો સંપર્ક તૂટી ગયો હતો.અધિકારીએ જણાવ્યું કે દરિયામાં ઘણા દિવસો સુધી રહેવાને કારણે મૃતદેહો ખરાબ રીતે સડી ગયા છે અને તેમની ઓળખ કરવી મુશ્કેલ છે. હવે તેમની ઓળખ ડીએનએ (DNA) તપાસ પછી જ થઈ શકશે.

પીએમ મોદીએ આ દુર્ઘટના પર દુઃખ વ્યક્ત કરતા મૃતકોના પરિવારજનોને પીએમએનઆરએફ (PMNRF) માંથી બે-બે લાખ રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી છે.જિલ્લા પ્રશાસન અનુસાર, પોલીસ અને ભારતીય તટરક્ષક દળે આઠ દિવસની શોધખોળ બાદ શનિવારે બક્ખાલી તટથી લગભગ ૩૫ કિલોમીટર દૂર બાઘેર ચાર પાસે ડૂબેલાં ટ્રોલરનો પત્તો લગાવ્યો.રવિવારે ઘણા માછીમારી ટ્રોલરોની મદદથી તેને પાથરપ્રતિમાના સીતારામપુર તટ સુધી લાવવામાં આવ્યું. ત્યારબાદ આખી રાત ચાલેલા રાહત અભિયાનમાં ટ્રોલરની અંદરથી નવ માછીમારોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા.પ્રારંભિક તપાસમાં માનવામાં આવી રહ્યું છે કે બંગાળની ખાડીમાં ખરાબ હવામાનને કારણે ટ્રોલર પલટી ગયું હશે. જોકે, દુર્ઘટનાનું સાચું કારણ

અનુસંધાન પાના ૭ પર

# અરુણાચલમાં કુમે નદીમાં પુર બોર્ડર પર ૧૫ જવાનો ફસાયા

### તાપા બોર્ડર પર તૈનાત આઈટીબીપીના જવાનોનો સંપર્ક કપાયો

નવી દિલ્હી, તા.૧૪

દેશના મોટાભાગના વિસ્તારોમાં ચોમાસાએ વિરામ લીધો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી ૬-૭ દિવસ સુધી ઉત્તર-પશ્ચિમ, મધ્ય અને દક્ષિણ ભારતના મોટાભાગના વિસ્તારોમાં વરસાદની શક્યતા ઓછી છે. જોકે, પૂર્વોત્તર, બિહાર અને પશ્ચિમ બંગાળમાં ભારેથી અતિભારે વરસાદ ચાલુ રહેશે.

ચોમાસાની ટ્રફ હિમાલયની તળેટી તરફ ખસી ગઈ છે. જેના કારણે રાજસ્થાન, ગુજરાત, એમપી, દિલ્હીમાં સૂકી હવાઓ ચાલી રહી છે. હવામાં રહેલા ભેજને કારણે અઠવાડિયા સુધી ઉકળાટ રહેશે.ઘણા શહેરોમાં તાપમાન ૩૨ થી ૩૭ ડિગ્રી સેલ્સિયસ હોવા છતાં, 'ફીલ લાઈક' તાપમાન ૪૫ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે.બીજી તરફ, પૂર્વોત્તરમાં વરસાદને કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. બિહાર, આસામ, મેઘાલય, સિક્કિમ, અરુણાચલમાં ભૂસ્ખલન અને પૂરના અહેવાલો સામે આવી રહ્યા છે.સોમવારે અરુણાચલના કુરુંગ કુમે જિલ્લામાં કુમે નદીમાં પૂર આવ્યા બાદ ભારત-ચીન સરહદ (LAC) નજીક તાપા બોર્ડર

અનુસંધાન પાના ૭ પર



નવી દિલ્હીના હિરંકી ગામ નજીક, યમુના નદીના તીવ્ર પ્રવાહમાં નહાતી વખતે ચાર સગીરો ડૂબી ગયા હોવાના અહેવાલ બાદ બચાવ કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી દરમિયાન લોકો એકઠા થયા હતા.

# રશિયાએ ડૂમ્સ ડે પ્લેન ઈરાન મોકલતા અમેરિકા માટે ચિંતા

### રશિયા-ઈરાન વચ્ચે સૈન્ય સહયોગ મજબૂત બનતા વૈશ્વિક રાજનિતીમાં ફેરફારના સંકેત

નવી દિલ્હી, તા.૧૪

અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા સૈન્ય તનાવ વચ્ચે રશિયાએ પોતાનું સૌથી સુરક્ષિત અને આધુનિક હવાઈ કમાન્ડ વિમાન ટીયુ-૨૧૪ પીયુ (ડૂમ્સ ડે પ્લેન) તહેરાન મોકલ્યું છે. ફલાઈટ ટ્રેકીંગ ડેટાના રિપોર્ટ મુજબ વિમાન મોસ્કોના વનુકોવો આંતરરાષ્ટ્રીય વિમાન મથકેથી રવાના થયુ છે.આ વિમાન રશિયાના ટોચના નેતૃત્વ માટે એક મોબાઈલ કમાન્ડ સેન્ટર તરીકે કાર્ય કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે, જે રાષ્ટ્રપતિની યાત્રા અને હાલતા-ચાલતા સરકારી કાર્યોમાં સહાયતા માટે સમર્પિત રેડિયો અને સંચાર સીસ્ટમથી સજજ છે. રક્ષા વિશેષજ્ઞોનું માનવું છે કે આ વિમાનની ઈરાનમાં હાજરી માત્ર કૂટનીતિક સંયોગ નથી, બલ્કી વૈશ્વિક રાજનીતિમાં એક મોટા ફેરફારનો સંકેત છે.વિશેજ્ઞોનું માનીએ તો જો રશિયા અને ઈરાન વચ્ચે સૈન્ય સહયોગ વધુ મજબૂત થાય છે તો તે અમેરિકા માટે ચિંતાની વાત બની શકે છે. જો કે માત્ર એક વિમાન ઈરાન પહોંચી જવાથી એમ ન કહી શકાય કે યુદ્ધની ભાષા બદલી જાય.ઉલ્લેખનીય છે કે ડૂમ્સ ડે વિમાન કોઈ સાધારણ વિમાન નથી. આ ખાસ રીતે તૈયાર કરાયું છે. વિમાન એવી રીતે ડિઝાઈન કરાયુ છે કે જમીની સંચાર પ્રણાલીઓ કે મુખ્યાલય કોઈ યુદ્ધ કે પરમાણુ હુમલામાં નષ્ટ થઈ જાય તો દેશનું ટોચનું નેતૃત્વ હવામાં જ યુદ્ધ અને મિસાઈલ પ્રણાલિયોને નિયંત્રીત કરી શકે.

# તા.૨૦થી સંસદનું ચોમાસુ સત્ર મળશે

## સંસદમાં વિરોધ પક્ષ અયોધ્યા મંદિર દાન ચોરીનો મુદ્દો ગજવશે

નવી દિલ્હી, તા.૧૪

સંસદનું ૨૦ જુલાઈથી શરૂ થનાર મોનસૂન સત્ર આ વખતે ધગધગતુ બનવાની સંભાવના છે, જેમાં સરકાર અને વિપક્ષ વચ્ચે અનેક સમસામયિક મુદ્દા પર જોરદાર ધમાસાન થશે. પશ્ચિમ બંગાળ ચુંટણીમાં મળેલી ઐતિહાસિક જીત બાદ સતારૂઢ ભાજપ અને એનડીએની હિંમત સાતમા આસમાને છે. જો કે વિપક્ષના ભથ્થામાં પણ આ વખતે સરકારને ઘેરવા અનેક તીર મોજૂદ છે.સરકારે મોનસૂન સત્રમાં વિધાયી એજન્ડાનો હાલ ખુલાસો નથી કર્યો, પરંતુ બંગાળમાં રાજકીય સફળતા અને બીજી બાજુ વિપક્ષોમાં તિરાડો વચ્ચે સતા પક્ષ બે તૃતીયાંશ બહુમતીના સમર્થનમાં લાગ્યો છે.જેથી તે કોઈ અડચણ વિના પોતાના એજન્ડાનો અમલ કરી શકે. મોન્સૂન સત્રમાં સરકાર પોતાના જૂના અને પેન્ડીગ વિધેયકોને પસાર કરવાની તૈયારીમાં છે, જે પહેલા વિપક્ષ અને સંખ્યા બળની કમીના કારણે અટકી ગયા હતા.બીજી બાજુ ભાજપની રાજનીતિક બઢતને અસર વગરની કરવા વિપક્ષે સરકારને દર મોરચે ઘેરવાની તૈયારી કરી લીધી છે. કોંગ્રેસે ભાજપ શાસીત અરુણાચલ પ્રદેશ, મધ્યપ્રદેશ અને દિલ્હીના મુખ્યમંત્રી તથા ચાર કેન્દ્રીય મંત્રીઓ સાથે રામ મંદિર ચડાવા ચોરી પર સરકારને ઘેરવાની રણનીતિ બનાવી છે.સરકારના પ્રયાસઃ બે તૃતીયાંશ બહુમતી માટે ડીએમકે પાસેથી મુદ્દા આધારિત પરોક્ષ સમર્થનના પ્રયાસ કરાશે. અપક્ષો અને નાના પક્ષો પાસેથી સમર્થન લેવાશે. ગણતરી પુરી થવા પર પરિસીમન મહિલા અનામત જેવા બિલ પસાર કરવાનો પ્રયાસ થશે.

બન્ને સદનોમાં એનડીએ થયું મજબૂતઃ બંગાળ ચુંટણી બાદ ભાજપના નેતૃત્વમાં એનડીએ પહેલાની તુલનામાં વધુ મજબૂત બન્યું છે. જયારે વિપક્ષના અનેક દળોમાં આંતરિક મતભેદ ખુલ્લીને બહાર આવવાથી ઈન્ડિયા બ્લોક અગાઉની તુલનામાં મજબૂત બન્યો છે.

એનડીએને ટીએમસીથી અલગ થયેલા ૨૦ સાંસદો, શિવસેના યુબીટીના ૬ સાંસદોનો સાથ મળી ગયો છે. રાજયસભામાં પણ 'આપ'ના ૭ સભ્યોએ પક્ષ પલટો કરતા ભાજપ વધુ મજબૂત બન્યું છે. ટીએમસીના વિદ્રોહીએ ભાજપની ટિકીટ પર જીતેને પરત કરતા રાજયસભામાં એનડીએ બે તૃતીયાંશ બહુમત લેવાની નજીક પહોંચી ગઈ છે.

બીજી બાજુ કોંગ્રેસ મહાસચીવ જયરામ રમેશે જણાવ્યું હતું કે સત્ર દરમિયાન અરુણાચલ પ્રદેશના મુખ્યમંત્રી પેમા, ખાંડુ, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવ પર કથિત ભ્રષ્ટાચારના મુદ્દા ઉઠાવાશે.

# તેલંગાણામાં ૬ લોકોનો હત્યારો મૃત હાલતમાં મળી આવ્યો

### જામીન પર છૂટયા પછી બળાત્કાર પીડિતાના આખા પરિવારની હત્યા કરી હતી

નવી દિલ્હી, તા.૧૪

તેલંગાણાના રંગારેડ્ડી જિલ્લામાં છ લોકોની હત્યાના કેસનો મુખ્ય આરોપી પી રાજકુમાર મૃત હાલતમાં મળી આવ્યો. પોલીસને તેનો મૃતદેહ કોઠૂર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી મળ્યો છે. મૃતદેહ પાસેથી જંતુનાશકની એક બોટલ પણ મળી આવી છે. પોલીસને આશંકા છે કે તેણે ઝેર ખાઈને આત્મહત્યા કરી છે. જોકે, મૃત્યુના સાચા કારણની પુષ્ટિ તપાસ બાદ જ થશે.

રાજકુમાર વિરુદ્ધ મે મહિનામાં એક સગીર છોકરીને હેરાન કરવાના આરોપમાં પોક્સો એક્ટ (POCSO Act) હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. આનો બદલો લેવા માટે, ૧૦ જુલાઈની રાત્રે તેણે પીડિતા, તેની દાદી-નાની અને પોતાની પત્ની અને બે પુત્રોને મોતને ઘાટ ઉતારી દીધા હતા. હત્યા બાદથી તે ફરાર હતો.

પોલીસે જણાવ્યું કે રાજકુમાર વિરુદ્ધ મે મહિનામાં સગીર છોકરીની દાદી અને નાનીએ ફરિયાદ નોંધાવી હતી. તેને પકડવામાં આવ્યો હતો. તે ૮ જુલાઈએ જ જામીન પર બહાર આવ્યો હતો.

અનુસંધાન પાના ૭ પર

# ભારતીય નિકાસકારોને ટેરિફના એક અબજ ડોલર પરત મળ્યા

### ટેક્સટાઈલ્સ, જેમ્સ-જવેલરીના નિકાસકારોને ૮૪૦૦ કરોડ પરત મળ્યા

નવી દિલ્હી, તા.૧૪

અમેરિકાનાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનાં દ્વારા લાદવામાં આવેલાં વિવાદાસ્પદ 'ઈમરજન્સી ટેરિફ' (વધારાની આયાત જકાત) ને અમેરિકી સુપ્રીમ કોર્ટે ગેરકાનૂની જાહેર કર્યા બાદ, હવે ભારતીય નિકાસકારોને મોટી રાહત મળી છે.યુએસ કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેક્શન (CBP) વિભાગે જકાતના નાણાં પરત (રિફંડ) કરવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. આ પ્રક્રિયા હેઠળ ટેક્સટાઈલ, જેમ્સ એન્ડ જ્વેલરી અને સી-ફૂડ (દરિયાઈ ખોરાક) જેવા વિવિધ ક્ષેત્રોનાં ભારતીય નિકાસકારોને અત્યાર સુધીમાં ૧ બિલિયન ડોલર આશરે ૮,૪૦૦ કરોડ રૂપિયા જેટલી રકમ પરત મળી ચૂકી છે.આ સમગ્ર વિવાદની વાત કરીએ તો,



અમેરિકાની સુપ્રીમ કોર્ટે ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ એક ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. અદાલતે ઠરાવ્યું હતું કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલો ટેરિફ વૈશ્વિક આયાત જકાત કાયદાની વિરુદ્ધ હતો.સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું કે, ઈન્ટરનેશનલ ઈમરજન્સી ઈકોનોમિક પાવર્સ એક્ટ (IEEPA) રાષ્ટ્રપતિને મનસ્વી રીતે ટેક્સ નાખવાની સત્તા આપતો નથી, કારણ કે આંતરરાષ્ટ્રીય વ્યાપારનું નિયમન

અનુસંધાન પાના ૭ પર

# બ્રિટનમાં હિન્દુ મંદિરની જગ્યા મુસ્લિમોને વેચવા મુદ્દે વિવાદ

### યુકેના નિર્ણય વિરુદ્ધ હિંદુ સમાજે હાઈકોર્ટમાં અરજી કરી

નવી દિલ્હી, તા.૧૪

લંડનથી ૧૨૦ કિમી દૂર પીટરબરોમાં ૪૦ વર્ષ જૂના મંદિર અને કોમ્યુનિટી સેન્ટરના વેચાણ પર વિવાદ થયો છે. પીટરબરો સિટી કાઉન્સિલે ન્યૂ ઈંગ્લેન્ડ કોમ્પ્લેક્સને હરાજી પછી એક મુસ્લિમ સંસ્થા, યુનાઈટેડ કિંગડમ ઈસ્લામિક મિશન, ને વેચવાનો નિર્ણય કર્યો છે.આ જ પરિસરમાં ભારત હિંદુ સમાજનું મંદિર ચાલે છે, જે શહેર અને આસપાસ રહેતા હજારો હિંદુઓનું મુખ્ય પૂજા અને સાંસ્કૃતિક કેન્દ્ર છે. આ નિર્ણયથી નારાજ ભારત હિંદુ સમાજે હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને વેચાણ પ્રક્રિયાને પડકારી છે.ભારત હિંદુ સમાજ સંગઠનનો આરોપ છે કે કાઉન્સિલે મંદિરની લગભગ ૪૦ વર્ષ જૂની ધાર્મિક અને સામુદાયિક ભૂમિકાને અવગણી. હરાજીના મૂલ્યાંકનમાં પણ ગંભીર ખામીઓ રહી. ફેબ્રુઆરી ૨૦૨૬માં હાઈકોર્ટે વચગાળાનો સ્ટે આપતા કાઉન્સિલને વેચાણ પૂર્ણ કરવા જેવા કોઈપણ પગલાં ભરવાથી રોકી દીધી હતી.

અનુસંધાન પાના ૭ પર

# યુદ્ધના કારણે બ્રેન્ટ ક્રુડનો ભાવ વધી ૮૫ ડોલર બોલયો

### પેટ્રોલ-ડિઝલ સસ્તા થવાની આશા પર પાણી ફરી વળ્યું

નવી દિલ્હી, તા.૧૪

અમેરિકા-ઈરાન વચ્ચે નવેસરથી યુધ્ધ અને હોર્મુઝ પર કબ્જો કરવાના બન્ને દેશોના દાવાની સાથોસાથ ૨૦ ટકા ટેરિફ વસુલવાની જાહેરાતથી વિશ્વબજારમાં ક્રૂડતેલના ભાવ સળગ્યા છે. બ્રેન્ટ ક્રૂડ ફરી ૮૫ ડોલરને આંબી જવા સાથે એક મહિનાની ઉંચાઈએ પહોંચી ગયું છે. તેમાં ગઈકાલે એક જ દિવસમાં ૯.૬ ટકાનો ઉછાળો નોંધાયો હતો. જે મે ૨૦૨૦ પછીનો સૌથી મોટો ઉછાળો હતો.

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હોર્મુઝમાંથી પસાર થતા જહાજો પાસેથી ૨૦ ટકા ચાર્જ વસુલવાનું જાહેર કરતા દુનિયાભરના દેશોમાં સન્નાટો પ્રસરી ગયો છે. અગાઉની જેમ નાકાબંધી પણ જાહેર કરી છે. ઈરાને હોર્મુઝ પર પોતાનો કબ્જો ગણાવ્યો છે.

આ સિવાય બે જહાજ પણ ફુંકી માર્યા હતા. આ ઘટનાક્રમના વિશ્વબજારમાં ક્રૂડતેલમાં ભડકો સર્જાયો હતો. આજે પણ તેજીનો દોર જારી રહેવા સાથે ડબલ્યુટીઆઈ ક્રૂડ ૭૯.૬૮ ડોલર તથા બ્રેન્ટ ક્રૂડ ૮૪.૭૧ ડોલર થયું છે. એક મહિનાની નવી ઉંચાઈએ પહોંચ્યું હતું.

ક્રૂડતેલની તેજીને પગલે ભારતમાં ભાવઘટાડાની આશા પર પાણી ફરી વળવાની આશંકા છે. અમેરિકા-ઈરાન વચ્ચે સમજુતીના સંકેતોથી ક્રૂડ ૭૦ ડોલર પર આવી જતાં ભારતમાં પેટ્રોલ-ડિઝલમાં ભાવઘટાડોની માંગ ઉઠી હતી. જો કે, સરકારે તેનો ઈન્કાર કર્યો હતો.

હવે ફરી ક્રૂડ મોંઘુ થતા ભાવ ઘટાડાની શક્યતાનો છેદ ઉડી શકે છે એટલું જ નહીં, રાંધણગેસના ભાવમાં પણ ફરી વધારો થવાની ભીતિ છે. સપ્લાય પ્રભાવિત થવાના સંજોગોમાં ભાવવધારો થવા ઉપરાંત નવા નિયંત્રણો પણ આવી શકે છે.



# રથયાત્રા પૂર્વે સલાબતપુરા પોલીસની શાંતિ સમિતિ મળી

## યાત્રા દરમિયાન કાયદો વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખવા સંદર્ભે ચર્ચા

સુરત, તા.૧૪

સુરત શહેરમાં આગામી ૧૬ જુલાઈ, ૨૦૨૬ના રોજ યોજાનારી પવિત્ર રથયાત્રાને શાંતિપૂર્ણ, સુવ્યવસ્થિત અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સંપન્ન કરવાના હેતુથી સલાબતપુરા પોલીસ સ્ટેશન દ્વારા શાંતિ સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

ACP શ્રી ચિરાગસાહેબ ની અધ્યક્ષસ્થાને મળેલ મિટિંગમાં સલાબતપુરા પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી જાડેજાસાહેબ શાંતિ સમિતિના સભ્યોશ્રી મુકેશ મહાત્મા શ્રી અસદ કલ્યાણી શ્રી સોહેલ હાંસોટી શ્રી સાકીર મસ્તાનસાહેબ શ્રી સાઈસાબેન. શેખ શ્રી ઝબ્બારભાઈ. શેખ શ્રી સાદિકમામા શ્રી રાઈસ રેતીવાળા શ્રી રિસીભાઈ રાજપૂત શ્રી દસરથભાઈ વિવિધ ધાર્મિક અને સામાજિક સંસ્થાઓના આગેવાનો તેમજ સ્થાનિક પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન રથયાત્રાના રૂટ, ટ્રાફિક વ્યવસ્થા, સુરક્ષા બંદોબસ્ત, કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ તમામ નાગરિકો પરસ્પર સૌહાર્દ અને શાંતિ જાળવી રાખે તે અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. સલાબતપુરા પોલીસે નાગરિકોને અપીલ કરી હતી કે તેઓ પોલીસ તંત્રને સંપૂર્ણ સહકાર આપે, કોઈપણ પ્રકારની અફવા પર વિશ્વાસ ન કરે અને કોઈ શંકાસ્પદ પ્રવૃત્તિ જણાય તો તાત્કાલિક પોલીસને જાણ કરે.

# કિસનાડ ગામમાં શિક્ષણ સહાયનું વિતણ કરાયું

સુરત, તા.૧૪

કિસનાડ ગામ ખાતે શિક્ષણ ની પરબ અન્વયે ગરીબ મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને શિક્ષણ સામગ્રી વિતરણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેમાં બામસેફ ભરૂચ જિલ્લા પ્રમુખ સુષ્મા બેન.વસાવા, ઈન્સાફ રાષ્ટ્રીય અધ્યક્ષ મોહનભાઈ પરમાર,ચાવજવાલા રમણભાઈ પરમાર, ભારત રાષ્ટ્ર મહિલા ગૃહ ઉદ્યોગ રાષ્ટ્રીય અધ્યક્ષ જે.વી.પરમાર, ઈન્સાફ ગુજરાત નાં જયંતિભાઈ સુતરીયા, અશોકભાઈ પરમાર, વિઠ્ઠલભાઈ પરમાર, તથા બામસેફના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ બેચરભાઈ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા તથા શિક્ષણ ની મહત્તવતા સમાજાવી ને ભણી ગણીને ગામ તથા પરિવારનું નામ રોશન કરવા આહ્વાન કર્યું હતું કાર્યક્રમ ને સફળ બનાવવા માટે ઉપસરપંચ અશોકભાઈ ઠાકોર તથા સ્કૂલ નાં શિક્ષક સ્ટાફ તેમજ ગામ નાં સભ્યો હાજર રહ્યા હતા, વિધાર્થીઓ ને શૈક્ષણિક સામગ્રી વિતરણ કરવામાં આવી હતી.



# ચેમ્બરની એજ્યુકેશન કમિટિમાં ડો.નૈલેષ પટેલની નિમણૂંક કરાઈ



## કમિટીના કો-ચેરમેન તરીકે ગુરૂકૃપા વિદ્યાલયના મેનેજીંગ ટ્રસ્ટીની પસંદગી

સુરત, તા.૧૪

દક્ષિણ ગુજરાતની અગ્રણી વેપારી અને ઔદ્યોગિક સંસ્થા ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ માટે રચાયેલી એજ્યુકેશન એન્ડ એકેડેમિક કમિટીના કો-ચેરમેન તરીકે શિક્ષણવિદ્ ડો. નૈલેષ પટેલની નિમણૂક કરવામાં આવી છે. વર્ષ ૧૯૪૦થી કાર્યરત એવી ૮૬ વર્ષ જુની SGCCI દક્ષિણ ગુજરાતની સૌથી પ્રતિષ્ઠિત, સર્વાંગી અને બિનરાજકીય વેપારી-ઔદ્યોગિક સંસ્થા છે. હાલમાં સંસ્થામાં ૧૪,૦૦૦થી વધુ સભ્યો, ૧૫૦થી વધુ વેપારી અને ઔદ્યોગિક એસોસિએશનો તેમજ લાખો ઉદ્યોગકારો, વેપારીઓ અને વ્યાવસાયિકોનું પ્રતિનિધિત્વ થાય છે. વેપાર, ઉદ્યોગ, સેવા ક્ષેત્ર, સ્ટાર્ટઅપ, MSME, કૌશલ્ય વિકાસ અને શિક્ષણ જેવા વિવિધ ક્ષેત્રોમાં SGCCI સતત સક્રિય કામગીરી બજાવી રહ્યું છે. SGCCIના પ્રમુખ શ્રી અશોક જિરાવાલા દ્વારા પાઠવાયેલા નિયુક્તિ પત્રમાં જણાવાયું છે કે, ડો. નૈલેષ પટેલની શિક્ષણ ક્ષેત્રે વિશાળ અનુભવ, સકારાત્મક વિચારસરણી, દૃઢ નેતૃત્વ ક્ષમતા, Ph.D.સુધીનો અભ્યાસ અને સેવાભાવી અભિગમને ધ્યાનમાં રાખીને તેમને એજ્યુકેશન એન્ડ એકેડેમિક કમિટીના કો-ચેરમેન તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. નિમણૂક અંગે ડો. નૈલેષ પટેલે જણાવ્યું હતું કે, SGCCI દ્વારા સોંપવામાં આવેલી આ મહત્વપૂર્ણ જવાબદારીને તેઓ શિક્ષણ ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે એક અવસર તરીકે સ્વીકારી સંપૂર્ણ નિષ્ઠા અને સમર્પણ સાથે કામગીરી કરશે. દક્ષિણ ગુજરાતમાં શિક્ષણની ગુણવત્તા, ઉદ્યોગ અને શિક્ષણ વચ્ચે સંકલન, કૌશલ્ય આધારિત શિક્ષણ અને નવી પેઢીને વૈશ્વિક પડકારો માટે તૈયાર કરવા તેઓ સક્રિય યોગદાન આપશે.ડો. નૈલેષ પટેલ હાલ ગુરુકૃપા વિદ્યાલયના મેનેજિંગ ટ્રસ્ટી તરીકે સેવા બજાવી રહેલ છે. તેઓ હાલ સુરત એકેડેમિક એસોસિએશનના મંત્રી તથા સુરતની વિવિધ શાળા અને કોલેજોમાં છેલ્લા ૨૫ વર્ષથી પોતાનું આગવું યોગદાન આપી રહેલ છે. તેઓ ઓલપાડ તાલુકાના બરબોધન ગામના વતની અને કોળી પટેલ સમાજના બિઝનેશ ગૃપના પ્રમુખ તરીકે સેવા બજાવી રહેલ છે. આ પ્રતિષ્ઠિત નિમણૂક બદલ વિવિધ શાળાઓ, કોલેજ, કોચિંગ ક્લાસીસ, શૈક્ષણિક સંસ્થા અને શિક્ષણજગત તથા સામાજિક વર્તુળોમાંથી તેમને શુભેચ્છાઓ અપાઈરહેલ છે.

## પૂર અસરગ્રસ્તોને ઝડપથી સહાય મળે તે માટે

# રાજય સરકારના મહેસુલ વિભાગ દ્વારા ત્રણ મામલતદારોની ફાળવણી

સુરત, તા.૧૪

સુરત શહેરમાં થયેલા ભારે વરસાદ અને ખાડીપૂરના કારણે અસરગ્રસ્ત વિસ્તારોનો ઝડપી સર્વે પૂર્ણ કરીને સહાય આપી શકાય તે માટે રાજય સરકારના મહેસુલ વિભાગ દ્વારા ગાંધીનગર અને અમદાવાદથી ત્રણ મામલતદારોને સુરત જિલ્લા કલેકટર હસ્તક ફાળવણી કરી છે. તેઓએ સુરત ખાતે આવીને ચાર્જ પણ સંભાળી લીધો છે. અમદાવાદના સ્પીપામાં ફરજ બજાવતા મામલદાર સુનીલ જી.મહેતાને ઉધના ખાતે, ગાંધીનગર આર.આઈ.સી.ના કમલેશ ખરાડીને પુણા માટે અને સેટલમેન્ટ વિભાગમાં ફરજ બજાવતા મામલતદારશ્રી ધવલ પરમારને મજુરા તાલુકા વિસ્તારની કામગીરી સંભાળી લીધી છે.

# બ્રાન્ડની સફળતા પાછળ ગ્રાહકોના ઇમોશન્સ અને વિચારોની ભૂમિકા સૌથી મહત્વની બને

## સફળ બ્રાન્ડ્સ ગ્રાહકોની જરૂરિયાત અને તેમની ખુશી પર જ ધ્યાન કેન્દ્રિત કરે છેઃ જાણીતા લેખક વિક્રાંત પાંડે

સુરત, તા.૧૪

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા શનિવારે, તા. ૧૧ જુલાઈ ૨૦૨૬ના રોજ સાંજે ૦૫:૦૦ કલાકે સરસાણા સ્થિત 'સંહતિ' ખાતે 'DESI DISRUPTORS – Strategy On A Page' વિષય પર એક વિશેષ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહેલા ખ્યાતનામ લેખક તેમજ અનુવાદક શ્રી વિક્રાંત પાંડે અને જાણીતા લેખક તેમજ માર્કેટિંગ રિસર્ચ પ્રોફેશનલ ડૉ. વિસ્પી ડોક્ટરે સ્થાનિક ઉદ્યોગસાહસિકોને બદલાતા બિઝનેસ લેન્ડસ્કેપમાં સફળ થવાના ચાવીરૂપ પાસાંઓ વિશે વિસ્તૃત સમજ આપી હતી.



**ગ્રાહકોના ઈમોશન્સ બિઝનેસનો સૌથી મોટો ઘટકઃ વિક્રાંત પાંડે**

આ વર્કશોપ દરમિયાન શ્રી વિક્રાંત પાંડેએ ગ્રાહકોની સાયકોલોજી સમજાવતા જણાવ્યું હતું કે, ''વૈશ્વિક સ્તરે જે બ્રાન્ડ્સ સફળ થઈ છે, તેમણે હંમેશાં એ બાબત પર જ ફોકસ કર્યું છે કે ગ્રાહકોની વાસ્તવિક જરૂરિયાત શું છે અને તેમને કઈ વસ્તુથી સાચો સંતોષ કે ખુશી મળે છે. ઉદ્યોગસાહસિકો માટે ગ્રાહકોનું ઈમોશન (લાગણી) એ બિઝનેસ ગ્રોથનો સૌથી મહત્વનો ઘટક છે. ઘણીવાર ગ્રાહકો માત્ર પોતાની સમસ્યાનું નિવારણ જ નથી શોધતા, પરંતુ તેમની સમસ્યાને ધ્યાનથી સાંભળનાર અને સમજવાવાળી બ્રાન્ડને વધુ પસંદ કરે છે.''

**વિચારો અને મજબૂત સ્ટ્રેટેજીથી બને છે મોટી બ્રાન્ડઃ ડૉ. વિસ્પી ડોક્ટર**

બીજા મુખ્ય વક્તા ડૉ. વિસ્પી ડોક્ટરે કોર્પોરેટ જગતમાં ધૂમ મચાવનારી ફોગ, મૂવ અને વિક્સ જેવી અગ્રણી બ્રાન્ડ્સના રસપ્રદ ઉદાહરણો આપ્યા હતા. તેમણે જણાવ્યું કે, ''કોઈપણ બ્રાન્ડની સફળતા પાછળ ઉદ્યોગસાહસિકોએ પ્રારંભિક તબક્કે કરેલા નાના-નાના અને ગ્રાહક-લક્ષી વિચારોનો ફાળો સૌથી વધુ હોય છે. વ્યવસાયમાં 'સ્ટ્રેટેજી' સૌથી અગત્યનું માધ્યમ છે. ઉદ્યોગકારોએ હંમેશાં એ વિચારવું જોઈએ કે તેઓ ગ્રાહકોને માર્કેટ કરતાં શું નવું આપી રહ્યા છે, તેમની પ્રોડક્ટથી ગ્રાહકને શું વધારાનો લાભ થશે, અને તેમની પ્રોડક્ટ હરીફોની પ્રોડક્ટ કરતાં કઈ રીતે અલગ અને શ્રેષ્ઠ છે.'' આ રસપ્રદ વર્કશોપમાં ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, માનદ્ ખજાનચી શ્રી અતુલ પટેલ, ગ્રૂપ ચેરમેન સર્વશ્રી મૃણાલ શુક્લ, ભાવેશ ટેલર અને ડૉ. વિજય રાદડિયા સહિત સુરતના વિવિધ ઉદ્યોગો સાથે સંકળાયેલા અગ્રણી ઉદ્યોગસાહસિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી પરેશ લાઠિયાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ચેમ્બરના ગ્રૂપ ચેરમેન શ્રી સંજય પંજાબીએ વર્કશોપની મુખ્ય રૂપરેખા આપી હતી અને ગ્રૂપ

અનુસંધાન પાના ૭ પર

# કુલ ૩૨૦૧૭ અસરગ્રસ્તોને કુલ રૂ.૭.૨૦ કરોડથી વધુની આર્થિક સહાયની ચૂકવણી

## તા.૧૩મી જૂલાઈના રોજ શહેરના છ તાલુકામાં ૩૭૧૫ લાભાર્થીઓને કુલ રૂ.૮૪ લાખથી વધુની આર્થિક સહાય પેટે કેશડોલ્સ-ઘરવખરી સહાયનું વિતરણ

સુરત, તા.૧૪

સુરત શહેરમાં અને તેના આજુબાજુના વિસ્તારોમાં સર્જાયેલી પૂરની પરિસ્થિતિને ધ્યાને રાખીને, રાજ્ય સરકારના દિશા-નિર્દેશો અનુસાર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અસરગ્રસ્ત નાગરિકોને ત્વરિત આર્થિક રાહત આપવાની કામગીરી અત્યંત વેગવંતી બનાવવામાં આવી છે. સુરત જિલ્લા કલેક્ટર તેજસ પરમારના માર્ગદર્શન હેઠળ અત્યાર સુધીમાં શહેરના છ તાલુકામાં કુલ અસરગ્રસ્તોને કુલ રૂ.૭.૨૦ કરોડથી વધુની આર્થિક સહાયની ચૂકવણી કરવામાં આવી છે. તા.૧૩મી જુલાઈના રોજ શહેરના છ અસરગ્રસ્ત તાલુકાઓમાં ૩૭૧૫ અસરગ્રસ્ત લાભાર્થીઓને કુલ રૂ.૮૪ લાખથી વધુની આર્થિક સહાય પેટે કેશડોલ્સ તેમજ ઘરવખરી નુકસાનીની સહાય ચૂકવવામાં આવી છે. વિગતે જોઈએ તો અત્યાર સુધીમાં સાંજના ૫.૩૦ વાગ્યા સુધીમા ૨૧૪૮૪ અસરગ્રસ્તોને કુલ ૧.૯૩ કરોડની કેશડોલ્સ ચુકવાઈ છે તાલુકાવારની વિગતો જોઈએ તો, કતારગામ તાલુકામાં ૧૨૪૩ અસરગ્રસ્તોને રૂ.૧૧.૧૮ લાખ, પુણા તાલુકામાં ૬૬૮૩ અસરગ્રસ્તોને રૂ.૬૦.૧૪ની રોકડ સહાય ચૂકવવામાં આવી છે. મજુરા તાલુકામાં ૩૩૩૨ લાભાર્થીઓને



રૂ.૨૯.૯૮ લાખ તેમજ અઠ્ઠામા તાલુકામાં ૧૦૫૪ લાભાર્થીઓને રૂ.૯૪.૮૬ લાખ સહાય પેટે ચૂકવાયા છે. સૌથી વધુ સહાય ઉધના તાલુકામાં ૯૦૪૦ અસરગ્રસ્તોને રૂ.૮૧.૩૬ લાખથી વધુની રોકડ કેશડોલ્સ સહાય તથા અડાજણમાં ૧૩૨ અસરગ્રસ્તોને રૂા.૧.૧૮ લાખ સહાય પૂરપીડિતોને આફતના સમયે મોટી રાહત આપવામાં આવી છે. વિશેષ રૂપે, આજે

અનુસંધાન પાના ૭ પર

# અંકલેશ્વર શહેરમાં મુખ્ય માર્ગો પર રખડતા ઢોરોનો અડિંગો

## રસ્તા પર રખડતા ઢોરોના કારણે અકસ્માતની ભીતિ

અંકલેશ્વર, તા.૧૪

અંકલેશ્વર શહેરમાં મુખ્ય માર્ગો પર રખડતા ઢોરોનો ત્રાસ અને તેના કારણે થતા અકસ્માતોની ભીતિ એક ગંભીર સમસ્યા છે ત્યારે નગરપાલિકા તંત્ર ટ્રાફિકને અડચણ રૂપ અડિંગો જમાવતા પશુઓને પકડવાની ઝુંબેશ હાથ ધરે તેવી માંગ ઉઠી છે. અંકલેશ્વર શહેરના મુખ્ય માર્ગો પર રખડતા ઢોરોનો ત્રાસ અને તેના કારણે થતા અકસ્માતો ની ભીતિ એક ગંભીર સમસ્યા છે. રસ્તાઓ પર અડિંગો જમાવીને બેસતા આ રખડતા ઢોર વાહનચાલકો માટે જોખમી સાબિત થઈ રહ્યા છે જેના કારણે ટ્રાફિક જામ અને જીવલેણ અકસ્માતોની ઘટનાઓ સર્જાય છે.



મુખ્ય માર્ગો પર અડિંગો જમાવતા ઢોરને કારણે વાહનચાલકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. ખાસ કરીને સંધ્યાકાળે જ્યારે નોકરીયાત વર્ગ અને બજારોમાં લોકોની અવરજવર રહેતી હોય છે ત્યારે પશુઓ મુખ્ય માર્ગો પર આવીને અડીંગો જમાવી દે છે. શહેરના સૌથી વ્યસ્ત ગણાતા ત્રણ રસ્તા સર્કલ ઉપર પશુઓનુ મોટું ઝુંડ રસ્તાની મધ્યમાં બેસી ગયું હતું .જેના કારણે વાહન ચાલકોને મુશ્કેલી પડી હતી.અતિ વ્યસ્ત માર્ગો પર રખડતા પશુઓના કારણે ટ્રાફિક વ્યવસ્થા અને અકસ્માતની ભીતિ સેવાય રહી છે ત્યારે નગરપાલિકા તંત્ર વહેલી તકે રખડતા પશુઓને પકડવાની ઝુંબેશ હાથ ધરી પશુ માલિકો સામે દંડનીય કાર્યવાહી હાથ ધરે તેવી લાગણી પ્રવર્તી છે.

# માંડવી ખાતે 'એક પેડ માં કે નામ' અભિયાન શરૂ થયું

## સાંસદ પ્રભુભાઈ વસાવાના હસ્તે વૃક્ષા રોપણ

સુરત, તા.૧૪

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના આહ્વાન પર સમગ્ર દેશમાં પર્યાવરણ જતન અને સ્વચ્છતાના કાર્યો વેગવંતા બન્યા છે, ત્યારે સાંસદ પ્રભુભાઈ વસાવાના અધ્યક્ષસ્થાને સુરત જિલ્લાના માંડવી તાલુકાના સિંધવાઈ ફાર્મ ખાતે 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ અને 'સ્વચ્છતા હી સેવા' અંતર્ગત વિશેષ સફાઈ ઝુંબેશ યોજાઈ હતી.શ્રી તાપીવન ગ્રામ વિકાસ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત સ્વચ્છતા અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય સ્વચ્છ, સ્વસ્થ અને હરિત ભારતના નિર્માણના સંકલ્પને વધુ મજબૂત બનાવવાનો હતો. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત તમામ મહાનુભાવો-નગરજનોએ ઉત્સાહભેર શ્રમદાન કરી પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. સાથે જ સૌએ સામૂહિક રીતે સ્વચ્છતા જાળવવાના શપથ લઈ પ્રકૃતિની રક્ષા માટે દરેક નાગરિકને ઓછામાં ઓછું એક વૃક્ષ વાવી તેની માવજત કરવા અને માંડવીને પ્લાસ્ટિક મુક્ત-સ્વચ્છ રાખવા અપીલ કરી હતી. આ પ્રસંગે ભારત પેટ્રોલિયમના ટેરિટરી મેનેજરશ્રી સુરજીત બોરા, માંડવી નગરપાલિકાના પ્રમુખ કુ.અમિષા રાઠોડ, નગર સંગઠન પ્રમુખ પ્રીતેશ રાવલ, ન.પા.ના અન્ય હોદ્દેદારો, શ્રી તાપીવન ગ્રામ વિકાસ ચેરિટેબલ ટ્રસ્ટના અગ્રણીઓ, સામાજિક કાર્યકરો તેમજ મોટી સંખ્યામાં સ્થાનિક નગરજનો હાજર રહ્યા હતા.

# સુરતની વીએનએસજીયુના શિરે વધુ એક ગૌરવસિદ્ધિ

## વર્ષ ૨૦૨૬-૨૭માં સ્નાતક કક્ષાના પ્રવેશોમાં ૫૧,૯૨૭ વિદ્યાર્થીઓ સાથે રાજ્યમાં મોખરે

સુરત, તા.૧૪

સુરત સ્થિત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી(VNSGU)એ વર્ષ ૨૦૨૬-૨૭ માટેની સ્નાતક(UG) કક્ષાની પ્રવેશ પ્રક્રિયામાં રાજ્ય સ્તરે મહત્તમ વિદ્યાર્થીઓ મેળવીને એક નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે. VNSGUમાં રેકોર્ડબ્રેક ૫૧,૯૨૭ વિદ્યાર્થીઓએ પોતાના પ્રવેશ નિશ્ચિત કરાવ્યા છે. આ આંકડા સાથે યુનિવર્સિટીએ રાજ્યની અન્ય તમામ અગ્રણી યુનિવર્સિટીઓને પાછળ છોડી દીધી છે. આ યાદીમાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી(HNGU), પાટણ ૫૦,૬૬૧ પ્રવેશો સાથે બીજા ક્રમે અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ૩૯,૨૦૯ પ્રવેશો સાથે ત્રીજા ક્રમે રહી છે. જ્યારે ગુજરાત યુનિવર્સિટીમાં ૩૮,૦૭૭ એડમિશન નોંધાયા છે. દક્ષિણ ગુજરાતના શૈક્ષણિક ક્ષેત્ર માટે આ એક ઐતિહાસિક અને ગૌરવપૂર્ણ ક્ષણ છે, જે યુનિવર્સિટીની લોકપ્રિયતા અને શૈક્ષણિક ગુણવત્તાનો જીવંત પૂરાવો છે.

યુનિવર્સિટી તરફથી મળતી માહિતી અનુસાર, VNSGU ખાતે વિદ્યાર્થીઓને વૈશ્વિક સ્તરનું શિક્ષણ પૂરું પાડવા માટે આર્ટ્સ, કોમર્સ, સાયન્સ, મેનેજમેન્ટ, કમ્પ્યુટર એપ્લિકેશન અને લો (Law) જેવા પરંપરાગત તેમજ આધુનિક પ્રવાહોમાં વૈવિધ્યસભર કોર્સીસ ચલાવવામાં આવે છે. સ્નાતક કક્ષાએ BA, B.Com, B.Sc, BBA, BCA, અને LL.Bમાં દર વર્ષે હજારો વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવે છે. આ ઉપરાંત, બદલાતા સમયની માંગને પહોંચી વળવા માટે યુનિવર્સિટી અને તેના દ્વારા સંલગ્ન કોલેજોમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજી(IT), બાયોટેકનોલોજી, ફાઈન આર્ટ્સ, પરફોર્મિંગ આર્ટ્સ, ઈન્ટિગ્રેટેડ એચ.આર.ડી. અને બિઝનેસ ઈકોનોમિક્સ જેવા રોજગારલક્ષી અને પ્રોફેશનલ કોર્સીસ પણ સફળતાપૂર્વક ચલાવવામાં આવી રહ્યા છે. આ પ્રકારના સમૃદ્ધ અભ્યાસક્રમો અને શ્રેષ્ઠ કેમ્પસ પ્લેસમેન્ટની સુવિધાને કારણે જ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ફદ્વજીયે પ્રથમ પસંદગી બની રહી છે.

# જમીન દફતર ખાતાની જિલ્લા કક્ષાની કામગીરી હવે તાલુકા કક્ષાએ કરાશે

## સરકારનું વહીવટી સુધારા તરફ સીમાચિહ્નરૂપ પગલું

સુરત, તા.૧૪

સુરત જિલ્લાના દરેક તાલુકાની ભૌગોલિક પરિસ્થિતિ તથા સ્થાનિક કક્ષાએ ઉદ્દભવતા વિવિધ પ્રશ્નોનું આયોજનબધ્ધ રીતે ઝડપથી નિરાકરણ થાય તેમજ લોકોને તેઓના રહેઠાણથી નજીક તાલુકા કક્ષાએ ત્વરિત સેવા મળે તે હેતુથી જિલ્લા નિરીક્ષક જમીન દફતર,વર્ગ-૨ સંવર્ગ અને એ સંવર્ગ હેઠળની તમામ જગ્યાઓનું તાલુકા કક્ષાએ વિકેન્દ્રીકરણ કરવામાં આવ્યું છે. 'જમીન દફતર નિરીક્ષક, વર્ગ-૨ (Inspectro of Land Recrods - ILR)' ના નવા સંવર્ગ હેઠળ સત્તાઓનું વિભાજન કરીને તાલુકા સ્તરે વહીવટી કચેરીઓ કાર્યરત કરાઈ છે.

આ નવી નવરચિત વ્યવસ્થા હેઠળ જમીન દફતર ખાતાની રિ-સર્વે સુધારાને લગતી વહીવટી પ્રક્રિયા, જમીન માપણીને લગતી તમામ નાની-મોટી કામગીરી, હક્કચોકસી, નવા પ્રોપર્ટીકાર્ડ મેળવવા તેમજ પ્રોપર્ટીકાર્ડમાં નામ કે વહેંચણી સંબંધિત ફેરફાર નોંધની કામગીરી, સ્વામિત્વ યોજના તેમજ એકત્રીકરણ યોજનાને લગતી તમામ કામગીરીઓ હવેથી જે તે તાલુકા મથકે આવેલી જમીન દફતર નિરીક્ષક, વર્ગ-૨ની સ્થાનિક કચેરીએથી થશે. આ વ્યવસ્થા માટે સરકારના મહેસૂલ વિભાગ તેમજ સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકશ્રી દ્વારા કચેરીના વડાના હોદ્દા અને ચોક્કસ સ્થળો નિયત કરવામાં આવ્યા છે.

અગાઉ સુરત જિલ્લાના તમામ ૧૭ તાલુકા અને શહેરી વિસ્તારોના અરજદારોએ પોતાના જમીન સબંધી રેકોર્ડના કામો માટે જિલ્લા કક્ષાની મુખ્ય જૂની કચેરી (એ-બ્લોક, બહુમાળી ભવન, નાનપુરા, અઠવાગેટની બાજુમાં, સુરત) ખાતે આવવું પડતું હતું. પરંતુ હવે, સુરતના તમામ તાલુકાઓ (જેવા કે

અનુસંધાન પાના ૭ પર

# શારદાયતન શાળાના ૪૦માં સ્થાપના દિને ભવ્ય સ્વરોત્સવ



સુરત, તા.૧૪

સુરત શહેરના પિપલોદ ખાતે આવેલી શારદાયતન શાળાના ૪૦માં સ્થાપના દિન નિમિત્તે ભવ્યાતિભવ્ય સ્વરોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.લાયન્સ ઉમરા પિપલોદ એજ્યુકેશન સોસાયટી સંચાલિત શારદાયતન શાળાના સ્થાપના દિન ગૌરવપૂર્ણ ઉજવણી પ્રસંગે આયોજિત સંગીત સંધ્યા કાર્યક્રમમાં વિવિધ વ્યાવસાયિક ક્ષેત્રે ટોચનું મુકામ હાંસલ કરનાર ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ગીત-સંગીત રજુ કરી વાલીઓ, શિક્ષકગણ,બિન શૈક્ષણિક કર્મચારીઓ, આમંત્રિત મહેમાનો તથા ઉપસ્થિત શ્રોતાગણને મંત્રમુગ્ધ કરી દીધા હતા.સ્વરોત્સવમાં શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ વિવિધ વાદ્યો દ્વારા લાઈવ સંગીતના સથવારે સમગ્ર કાર્યક્રમને ભાવનાત્મક બનાવી દીધો હતો.કાર્યક્રમના અંતે શારદાયતન શાળા સંચાલક મંડળ પ્રમુખ ટ્રસ્ટી શ્રી હેમંતભાઈ પટેલે સર્વેનો આભાર વ્યક્ત કર્યો હતો અને શાળાના વિકાસ કાર્યો માટે ઉમદા સહયોગ આપનાર વાલીઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

# સાવધાન! તમે જે લાલ મરચું ખાઓ છો તે અસલી છે કે નકલી? આ ૪ રીતથી ઘરે જ કરો તપાસ

આપણા ભારતીય રસોડામાં તીખાશ અને આકર્ષક રંગ લાવવા માટે લાલ મરચું પાવડર એક અનિવાર્ય મસાલો છે. દાળ-શાકથી લઈને દરેક વાનગી લાલ મરચા વગર અધૂરી લાગે છે. પરંતુ, આજકાલ બજારમાં વધુ નફો કમાવવાના ચક્કરમાં મસાલાઓમાં મોટા પાયે મિલાવટ કરવામાં આવી રહી છે. લાલ મરચામાં ઈંટોનો ભૂકો, લાકડાનો વહેર, સ્ટાર્ચ અને કેન્સર જેવા ગંભીર રોગો નોતરી શકે તેવા કેમિકલ કલર ભેળવવામાં આવે છે.

આવો ઝેરી મસાલો આપણા પરિવારના સ્વાસ્થ્યને ગંભીર નુકસાન પહોંચાડી શકે છે. એક અહેવાલ અનુસાર, તમે બજારમાંથી લાવેલા લાલ મરચાની શુદ્ધતા ખૂબ જ સરળતાથી, કોઈપણ ખર્ચ વગર ઘરે બેઠા આ ૪ રીતો દ્વારાચેક કરી શકો છો:



### વોટર ટેસ્ટ:

એક કાચના ગ્લાસમાં ચોખ્ખું પાણી લો. તેમાં ઉપરથી એક ચમચી લાલ મરચું પાવડર નાખો.

જો મરચું પાવડર શુદ્ધ હશે, તો તે પાણીની સપાટી પર થોડીવાર તરતો રહેશે અને ધીમે-ધીમે નીચે બેસશે. પરંતુ જો મરચું પાણીમાં નાખતાની સાથે જ પથ્થરની જેમ ઝડપથી નીચે બેસી જાય અને પાણીનો રંગ એકદમ ઘટ્ટ લાલ થઈ જાય, તો તેમાં ઈંટોનો ભૂકો અથવા ભારે કેમિકલ કલર ભળેલો છે.

રબિંગ ટેસ્ટ:

થોડો લાલ મરચું પાવડર તમારી આંગળીઓ અને અંગૂઠાની વચ્ચે લો અને તેને જોરથી ઘસો.

જો ઘસતી વખતે તમને પાવડર એકદમ લીસો લાગે, તો તે શુદ્ધ છે. પરંતુ જો આંગળીઓમાં કણ કે કચરો અનુભવાય, તો સમજી લેવું કે વજન વધારવા માટે તેમાં ઈંટોનો બારીક ભૂકો, રેતી કે લાકડાનો વહેર ભેળવવામાં આવ્યો છે.

### સ્ટાર્ચ ટેસ્ટ:

ઘણીવાર મરચાનો જથ્થો વધારવા માટે તેમાં સ્ટાર્ચ કે રાઈસ પાવડર ઉમેરવામાં આવે છે. આ તપાસવા માટે થોડું મરચું લઈ તેમાં ટિંક્ચર આયોડિનના થોડા ટીપાં ઉમેરો.

જો આયોડિન ઉમેર્યા પછી મરચાના પાવડરનો રંગ બદલાઈને વાદળી થઈ જાય, તો તેનો સ્પષ્ટ અર્થ એ છે કે તેમાં સ્ટાર્ચ અથવા ચોખાના લોટની મિલાવટ કરવામાં આવી છે.

આર્ટિફિશિયલ કલર ટેસ્ટ:

એક ગ્લાસ પાણીમાં થોડું લાલ મરચું નાખીને ગ્લાસને ૫ થી ૧૦ મિનિટ માટે સ્થિર મૂકી રાખો.

જો પાણીની ઉપરના ભાગમાં લાલ રંગની તેલીય સપાટી અથવા અલગ જ કેમિકલ જેવું પડ દેખાય, તો તેમાં કપડાં રંગવાના કે જીવલેણ આર્ટિફિશિયલ કલર ભેળવેલા છે. શુદ્ધ મરચું પાણીમાં કલરનું આવું અકુદરતી પડ બનાવતું નથી.



# "અષાઢી ગુપ્ત નવરાત્રી - અંતરની શક્તિની જાગૃતિ"!

(લોકલાડીલા યુવા મહારાજ મહર્ષિ વિપુલ અંબાજીવાળા)

અત્રે ભાગળ સ્થિત જૂના અંબાજી રોડ ખાતે ભાવિક ભક્તજનોના હાર્દ સમા તથા આસ્થાનાં પ્રતિક ગણાતા પૌરાણિક શ્રી અંબાજી માતા મંદિરનાં ગાદીપતિ અને સીધી લીટીનાં વારસદાર ટ્રસ્ટી તથા લોક લાડિલા યુવા મહારાજ મહર્ષિ વિપુલ અંબાજીવાળા (૭૯૯૦૮૧૦૧૨૪) તથા સહયોગી ટ્રસ્ટીઓએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે,

સનાતન સંસ્કૃતિમાં વર્ષે ચાર નવરાત્રી આવે છે. ચૈત્ર અને શારદીય નવરાત્રીની તો ધામધૂમથી ઉજવણી થાય, પણ અષાઢ અને માઘ માસમાં આવતી ગુપ્ત નવરાત્રી વિશે બહુ ઓછા લોકો જાણે છે. "ગુપ્ત" શબ્દ જ તેનું રહસ્ય ખોલે છે. આ નવ દિવસ બાહ્ય ઉત્સવ માટે નહીં, પણ અંતરની સાધના માટે છે.

અષાઢ મહિનો શરૂ થાય એટલે ચોમાસાની શરૂઆત, ખેતીનો આરંભ અને ભગવાન વિષ્ણુની યોગનિદ્રા. પ્રકૃતિ જ્યારે શાંત થાય, ત્યારે માણસે પણ અંદર ડોકિયું કરવાનો સમય છે. અને એ જ સમયે માં આદિશક્તિની ગુપ્ત નવરાત્રી આવે.

૧. ગુપ્ત નવરાત્રીનું શાસ્ત્રીય મહત્વ

ચૈત્ર-આસોમાં આપણે માં દુર્ગાના ૯ સ્વરૂપની પૂજા કરીએ છીએ. ગરબા, જગ, ભંડારો થાય. પણ અષાઢ-માઘમાં સાધક દસ મહાવિદ્યાની ઉપાસના કરે. દસ મહાવિદ્યા એટલે માં શક્તિના ૧૦ ગુપ્ત અને ઉગ્ર સ્વરૂપ - કાલી, તારા, ષોડશી, ભુવનેશ્વરી, ભૈરવી, છિન્નમસ્તા, ધૂમાવતી, બગલામુખી, માતંગી અને કમલા.

ઋષિઓ કહે છે કે ચૈત્ર-આસોમાં દેવી બહાર પ્રગટ થાય અને અષાઢ-માઘમાં દેવી સાધકના અંતરમાં પ્રગટ થાય. એટલે આ નવરાત્રીને "ગુપ્ત" કહેવામાં આવી. આ દિવસોમાં કરેલો જપ, તપ અને ધ્યાનનું ફળ સો ગણું મળે છે.

અષાઢી ગુપ્ત નવરાત્રી ખાસ કરીને તાંત્રિક સાધના, વશીકરણ, ઉચ્ચાટન અને શત્રુબાધા નિવારણ માટે ઉત્તમ માનવામાં આવે છે. પણ સામાન્ય ગૃહસ્થ માટે તે આત્મશુદ્ધિ અને સંકલ્પ સિદ્ધિનો સમય છે.

૨. અષાઢ માસ કેમ પવિત્ર?

અષાઢથી ચાતુર્માસ શરૂ થાય. વરસાદથી ધરતી ધોવાય, મન પણ ધોવાય. બહાર કાદવ-કીચડ હોય ત્યારે અંદર સ્વચ્છતા રાખવાની તક મળે. આપણા સંતો અને ઋષિઓ આ મહિનામાં મૌન, ઉપવાસ અને ભજન કરતા.

ગુજરાતમાં અષાઢી બીજથી રથયાત્રા પણ શરૂ થાય. ભગવાન જગન્નાથ નગરચર્યાએ નીકળે. એટલે અષાઢનો અર્થ જ છે - ઈશ્વરને ઘરેથી બહાર લાવીને લોકોની વચ્ચે લાવવા. અને ગુપ્ત નવરાત્રી કહે છે - ઈશ્વરને બહાર નહીં, અંદર શોધો.

૩. ઘરે બેઠા કેવી સાધના કરવી?

બધાએ હિમાલય જવાની જરૂર નથી બાપજી. ગુપ્ત નવરાત્રી ગૃહસ્થ માટે પણ છે.

સંકલ્પ: પહેલા દિવસે ઘીનો દીવો કરીને એક સંકલ્પ લો. "માં, મારામાં રહેલો ક્રોધ, લોભ, ઈર્ષ્યા દૂર કરો."

જપ: રોજ સવારે સ્નાન કરીને ૧૦૮ વાર "ઓમ ઐં હ્રીં ક્લીં ચામુંડાયૈ વિચ્ચે" અથવા ફક્ત "જય માતાજી"નો જપ કરો. માળા ન હોય તો આંગળી પર પણ ગણી શકાય.

ઉપવાસ: શક્તિ હોય તો ફળાહાર, નહીંતર એક ટંક ભોજન. શરીર હળવું થશે તો મન પણ હળવું થશે.

સેવા: આ ૯ દિવસ કોઈ ગરીબને અન્નદાન કરો, કોઈનું કામ કરો. શક્તિની સાચી આરાધના સેવામાં છે.

મૌન: દરરોજ ૩૦ મિનિટ મોબાઈલ-ટીવી બંધ કરીને મૌન રાખો. અંદરનો અવાજ ત્યારે જ સંભળાશે.

૪. આજના યુગ માટે સંદેશ

આજે આપણે કેનેડા, અમેરિકા, દુબઈ, ઓસ્ટ્રેલિયા કમાવા ગયા. ડોલર, પાઉન્ડ, દિરહમ કમાયા. પણ મનની શાંતિ? સંતાનો સાથેનો સમય? સંસ્કાર?

અષાઢી ગુપ્ત નવરાત્રી આપણને યાદ અપાવે છે કે પૈસા કમાવા એ ખરાબ નથી, પણ પૈસાની પાછળ દોડતા-દોડતા આપણી અંદરની શક્તિ ન સુઈ જાય એનું ધ્યાન રાખો.

જે માણસ પોતાના મનને જીતે, તે જ વિદેશમાં પણ ગુજરાતી સંસ્કૃતિનું નામ ઊંચું રાખી શકે. જે માણસ પોતાના ભયને હરાવે, તે જ ૬ ખંડમાં વસતા ગુજરાતીઓને એકતાના દોરે બાંધી શકે.

માં શક્તિ કોઈની પરીક્ષા લીધા વિના કૃપા નથી કરતી. આ ૯ દિવસ તમારી પરીક્ષા છે. મોહ-માયા છોડીને જો તમે ૯ દિવસ નિયમ પાળો, તો આખું વર્ષ તમારા ઘરમાં સુખ-શાંતિ રહેશે.

૫. ઉપસંહાર

તો આવો, આ અષાઢી ગુપ્ત નવરાત્રીમાં આપણે સૌ એક જ પ્રાર્થના કરીએ. "હે માં જગદંબા, અમને શક્તિ આપ કે અમે પહેલા સારા માણસ બનીએ, પછી સારા ગુજરાતી અને પછી સારા દ્રૈૈં."!બહારનું વિશ્વ ગમે તેટલું ભાગે, પણ આપણા ઘરના પૂજા ખંડમાં ૯ દિવસ શાંતિનો દીવો જલતો રહે. એ જ સાચી ઉજવણી છે. એ જ સાચી ગુપ્ત નવરાત્રી છે, એમ એક અહેવાલમાં મહર્ષિ અંબાજીવાળા મહારાજ ટ્રસ્ટીગણ વગેરેએ પવિત્ર અષાઢી ગુપ્ત નવરાત્રી નિમિતે હાર્દિક શુભેચ્છા વ્યક્ત કરી જણાવ્યું છે કે, જગતજનની દયાળુ માઁ સૌની મનોકામના પરિપૂર્ણ કરે તેવી પ્રાર્થનાસહ જયઅંબે! જય શક્તિ!

**ચૈત્ર-આસોમાં આપણે માં દુર્ગાના ૯ સ્વરૂપની પૂજા કરીએ છીએ. ગરબા, જગ, ભંડારો થાય. પણ અષાઢ-માઘમાં સાધક દસ મહાવિદ્યાની ઉપાસના કરે. દસ મહાવિદ્યા એટલે માં શક્તિના ૧૦ ગુપ્ત અને ઉગ્ર સ્વરૂપ - કાલી, તારા, ષોડશી, ભુવનેશ્વરી, ભૈરવી, છિન્નમસ્તા, ધૂમાવતી, બગલામુખી, માતંગી અને કમલા.ઋષિઓ કહે છે કે ચૈત્ર-આસોમાં દેવી બહાર પ્રગટ થાય અને અષાઢ-માઘમાં દેવી સાધકના અંતરમાં પ્રગટ થાય. એટલે આ નવરાત્રીને "ગુપ્ત" કહેવામાં આવી. આ દિવસોમાં કરેલો જપ, તપ અને ધ્યાનનું ફળ સો ગણું મળે છે.**

# IVF સેન્ટરની ઘોર બેદરકારી, જોડિયા બાળકીઓનો DNA માતા-પિતા સાથે મેચ ન થયો, ન્યાય માટે પીડિત પરિવારની ગુહાર

લોકો ડૉક્ટરને ભગવાન અને હોસ્પિટલને મંદિર માનતા હોય છે, પરંતુ કેટલીક વખતે ડૉક્ટરો દ્વારા એવા કામ કરવામાં આવે છે કે, અનેક સવાલો થવા લાગે છે. હરિયાણાના ગુરુગ્રામ (Gurugram) માંથી એક એવો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જેને આધુનિક મેડિકલ સાયન્સની આઈવીએફ (IVF - ઈન વિટ્રો ફર્ટિલાઈઝેશન) પ્રક્રિયા સામે મોટા સવાલો ઉભા કરી દીધા છે. એક દંપતીએ દાવો કર્યો છે કે,


IVF દ્વારા જન્મેલી તેમની જોડિયા બાળકીઓનો ઢ્ઢછ ટેસ્ટ કરાવતા રિપોર્ટ નેગેટિવ આવ્યો છે, એટલે કે બાળકીઓનો ઢ્ઢછ તેમના માતા-પિતા સાથે બિલકુલ મેચ થયો નથી. આ સમાચારથી માતા-પિતા સ્તબ્ધ થઈ રહ્યાં છે. કારણ કે, જે માતાએ બે દીકરીઓને જન્મ આપ્યો છે, તે વાસ્તવમાં તેની છે જ નહીં! ચાલો જોઈએ આ અહેવાલ...

DNA ટેસ્ટ કરાવતા રિપોર્ટ નેગેટિવ આવ્યો હોવાથી લાચાર પરિવાર વહીવટીતંત્રને એક જ સવાલ પૂછી રહ્યો છે કે, "અમારા અસલી બાળકો ક્યાં છે?, પરંતુ તંત્ર પાસે આનો કોઈ જ જવાબ નથી. એટલું જ નહીં પરંતુ કાયદો પણ આ પરિવારની મદદ કરવામાં આંધળો થઈ ગયો છે. જો હોસ્પિટલ કે ડૉક્ટરો દ્વારૈંફ્લ્ દરમિયાન કોઈ છેડછાડ કરવામાં આવી હોય તો તે ખૂબ જ મોટો ગુનો છે, જેની સામે કાયદાસેરની કાર્યવાહી થવી જ જોઈએ, પરંતુ આ પરિવારની મદદ કરવામાં કાયદો પણ અમીરોના દ્વારે જઈને બેસી ગયો છે.

ચહેરો અલગ દેખાતા શંકા ગઈ અને સત્ય સામે આવ્યું

પીડિત રાહુલ રાઠોડ અને તેમની પત્નીએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું કે, ગત વર્ષે ડૉક્ટરની સલાહ પર તેમણે ગુરુગ્રામના એક પ્રતિષ્ઠિતૈંફ્લ્ સેન્ટરમાં સારવાર શરૂ કરાવી હતી. તમામ જરૂરી તબીબી પ્રક્રિયાઓ પૂર્ણ કર્યા બાદ, ૧૪ માર્ચે ભ્રૂણને મહિલાના ગર્ભાશયમાં ટ્રાન્સફર કરવામાં આવ્યું હતું. આ વર્ષે જાન્યુઆરીમાં મહિલાએ ઓપરેશન દ્વારા બે જોડિયા બાળકીઓને જન્મ આપ્યો. પરિવારમાં ખુશીનો માહોલ હતો, પરંતુ થોડા દિવસોમાં જ એક વાતે તેમની ચિંતા વધારી દીધી.

બંને બાળકીઓમાંથી જે નાની દીકરી હતી, તેનો ચહેરો પરિવારના કોઈ સભ્ય સાથે મળતો આવતો નહોતો. તેના નૈન-નક્ષ ઉત્તર-પૂર્વ ભારતના લોકો જેવા દેખાતા હતા. મનમાં શંકા વધતા દંપતીએ બંને બાળકીઓનો ઢ્ઢછ ટેસ્ટ કરાવવાનું નક્કી કર્યું. જ્યારે લેબમાંથી રિપોર્ટ આવ્યો ત્યારે માતા-પિતાના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. રિપોર્ટમાં સ્પષ્ટ થઈ ગયું કે બંનેમાંથી એકપણ બાળકી તેમની પોતાની નહોતી. ભ્રૂણ બદલાઈ જવાના કારણે આ મોટી ગરબડ થઈ હતી.



ન્યાય માટે લાંબી કાનૂની લડત


આટલી મોટી છેતરપિંડી અને બેદરકારી સામે આવ્યા બાદ રાહુલ રાઠોડે પોલીસનો સંપર્ક કર્યો, પરંતુ આશ્ચર્યની વાત એ છે કે પોલીસે શરૂઆતના ત્રણ મહિના સુધી કોઈ એફઆઈઆર જ નોંધી નહી. આખરે થાકીને દંપતીએ કોર્ટના દ્વાર ખખડાવ્યા. અદાલતના કડક હસ્તક્ષેપ બાદ ૩૧ માર્ચે ગુનો નોંધાયો હતો, પરંતુ તેના બીજા જ દિવસે તપાસ પર સ્ટે આવી ગયો હતો. તાજેતરમાં ૫ જૂનના રોજ આ કેસમાં મોટો વળાંક આવ્યો છે. કોર્ટે કડક વલણ અપનાવીને પોલીસને આદેશ આપ્યો છે કે તેઓ સંબંધિતૈંફ્લ્ સેન્ટરમાંથી બાળકોના તમામ રેકોર્ડ અને જરૂરી દસ્તાવેજો તાત્કાલિક જપ્ત કરે. કોર્ટના આદેશ બાદ હવે પોલીસ એક્શનમાં આવી છે.

શા માટે ત્રણ મહિના સુધી ફરિયાદ નોંધવામાં ના આવી?

આ સમગ્ર વિવાદ અને માનસિક તણાવે બાળકીઓને જન્મ આપનારી માતાને અંદરથી તોડી નાખી છે. પીડિત માતાએ રડતા રડતા પોતાનું દર્દ ઠાલવતા કહ્યું કે, 'આ મારી ત્રીજી સિઝેરિયન ડિલિવરી હતી. મારા શરીરમાં અસહ્ય દુખાવો હતો, તેમ છતાં ડિલિવરીના થોડા જ દિવસો બાદ મને પોલીસ સ્ટેશન બોલાવવામાં આવતી હતી. ત્યાં મારે કલાકો સુધી બેસી રહેવું પડતું હતું, પણ કોઈ મારી ફરિયાદ સાંભળતું નહોતું. ગર્ભવતી હું થઈ, બાળકોને જન્મ મેં આપ્યો, પણ તે અમારા નથી! આ ભૂલ માટે કોણ જવાબદાર છે? વહીવટીતંત્રને મારી હાથ જોડીને વિનંતી છે કે અમારા અસલી બાળકોને શોધીને અમારી પાસે લાવવામાં આવે'.

આઈવીએફ સેન્ટરોના નિયમન પર મોટે પ્રશ્નઆ ઘટનાએ મેડિકલ ક્ષેત્રે ચાલતી આવી ગંભીર બેદરકારીઓ અને આઈવીએફ સેન્ટરોના નિયમન પર મોટા પ્રશ્નાર્થો ઉભા કર્યા છે. હાલમાં આ મામલે કાનૂની તપાસ ચાલી રહી છે. ચોંકાવનારી વાત એ છે કે, ૬ મહિના વિતી ગયા હોવા છતાં પણ આ પરિવારને ન્યાય મળ્યો નથી. ના તો આ પરિવારને તેમના અસલી બાળકો મળ્યાં છે! આખરે આવા ગંભીર કેસમાં તંત્ર દ્વાર શા માટે વિલંબ કરવામાં આવી રહ્યો છે. પ્રશ્ન એ પણ થાય છે કે, શું આ કેસમાં કોઈ મોટા વ્યક્તિનો હાથ હશે? બાળકો બદલાયા છે તે વાત તો નક્કી છે, પરંતુ આ કામ કર્યું કોણે તેને જવાબ હજી મળ્યો નથી. પરિવાર હોસ્પિટલ, ડૉક્ટર અને તંત્રથી નારાજ છે અને સરકાર પાસે ન્યાયની માંગણી કરી રહ્યો છે. કોઈ મદદે ના આવ્યું એટલે પરિવારે મીડિયાનો સંપર્ક કર્યો અને મદદ માટે ગુહાર લગાવી હતી.

# મારા બાળકને આટલુ ન આવડે ?



હવે ધીરે ધીરે વેકશન દેખાદેખી ભયકર ખેલ શરૂ થસે દરેક માતા પિતા પોતાના વ્હાલસોયા સંતાનને શક્ય તેટલુ બધુ જ આપી દેવા માટે તત્પપર છે પોતાના કરતા પોતાન બાળક વધુ સજ્જ અને મજબૂત બને તે અપેક્ષા દરેક માતા પિતા રાખે છે પણ આ અપેક્ષા જ્યારે પ્રેશરથી ઈમ્પોઝ થયેલી દરેત માતા પિતા રાખે છે પણ આ અપેક્ષા જ્યારે પ્રેશરની ઈમ્પોજ થયેલી હોય મતલબ જબરદસ્તી થોપેલી હોય ત્યારે ખરાબ પરિણાો આપે છે બાળકને વાસ્તવમા શુ ગમે છે તેમજ તે શુ કરે શકે તેમ છે તે બાબતનો માતા પિતાને વિચાર કવો જરૂરી હોય છે મોબાઈલન જમાનના બાળકો બહુ ઝડપી ઘણી બાબતો જાતે જશી ખી લે છે પણ વેકેશન પડતા જ આવા એક્ટિવીટી વાસ્તવા શુ ગમે છે જરૂરી મોબાીલ જમાના બાળકો બહુ ઝડપી ઘણી બાબત રીતસર તૂટી પડે છે એટલુ જ નહી પર સમજા બીજા પોતેકીક કહે શકે અતવા બાતવી આપે તે માટે ઘણીવાર કેટલાક એવા કામ કરવા હોય છે જે તદન એક્ટિવીટી કરાવવાની ચેળા છાવાળા માતા પિતાએ ઘણી વાર સંતાનો પર રીતસર તૂટી પડે છે એટલુ જ નહી પણ સમાજના બીજાઓ પોતે કઈક કહી શકે અથવા બતાવી આપે તે માટે ઘણીવાર કેટલાક એવા કામ કરાવ હોય છે જે તદન બિનજરૂરી હોય ચે અજે આવા જ એક કિસ્સાની વાત કરૂ રાજન અને શશી અકે વખતનું મેઈનટેઈન્ડ કપલ ગણાય શરીરની અને સંબંધોથી બંનેને થોડી મોડી ઉમરે એકનુ એક સંતાન થયુ ઘણી ટ્રીટમેન્ટ બાદ જન્મેલા રીધમ માટે તેઓ દરેક રીતે આશાવાદી રાજન ગર્ભશ્રીમત અને એમનો રીધમ પમ પહેલીથ જાપણી માગે અને દૂધ નહી પણ મલાઈ મેળવે એવુ ઘરનુ વાતાવરણ આજે રીધમની અગિયારમી વર્ષગાઠ હતી. શશીએ પાર્ટીનું આયોજન કરી નાખ્યુ બાળકો માટે અને મોટાઓ માટે અલગ અલગ રીતે રીધમન ગ્રુપ એના જેવા જ બાળકોથી બનેલુ ફેમસ ફાઈવ જેવુ ગ્રૂપ સ્કૂલમાં બધી જ એક્ટિવિટીમા પાર્ટ સીપેટ કરનાર બાકીના ચારેય બાળકોને એવી ઈચ્છા કે રીધમ બર્થડે પાર્ટીમાં ડાન્સ પાર્ટી હોય એ પણ ડી જે સાથે રાજન અને શીસી ચાલીસી વટાવ્યા પછી પણ સરસ ડાન્સ કરી શકે એટલે પાર્ટીમાં ધમાલ થઈ ગઈ બધાને ખૂબ મજા આવી રીધમના ફ્રેન્ડસ તો જાણે એટલુ નાચ્યા કે ઘરના કાચ તોડી નાખશે પણ પણ વાત જામે એમ બનીકે દર વર્ષ જેમ આ વર્ષે પણ રીધમ જબરજસ્તી ડાન્સ કરે તો વે દુરાગ્રહ થયો અને બીજાઓ જેમ`ત ન નાચ્યો તેથી શશીને દુખ અને લઘુતાગ્રંથી બંને થયા મારો રીધમ ડાન્સ ન કરે એવુ કેવી રીત બને આ વિચારથી શશીએ તેને વેકસન એક એક્ટિવીટી તરરે ખૂબ જપેમ ડાન્સ કલાસમાં મૂકવાનુ નક્કી કર્યુ કારણ એટલુ જ હતુ કે બીજી બધી મમ્મીઓએ પણ પોતાના બાળકને આ જ ડાન્સ કલાસમાં મૂક્યા હતા.આગલા વર્ષમા ટ્યૂશન અત્યારથી જ ચાલુ થી ગયા હતા. આગલા વર્ષના ટ્યૂશન અત્યારથી જ ચાલુ થઈ ગયા હતા ટ્યૂશનમાથી થાકીને સાજે ઘરે આવેલા રીધમને રાત્રે સાતથી આઠ વાગ્યાના ડાન્સ કલાસમા જેવુ કપલસ્રી હતુ જે રીધમને અદરખાને બિલકુલ ગમતુ નહોતુ આની પાછલ જવાબદ કારણે એટલુ જ કે મમ્મીનો એક વિચાર્ રા બાલક ને આટસલુ ન આવડે ? આવા અનકે શશી મેડમ આપણી વચ્ચે છે કદાચ ઘરમાં જ છે જ્યારે રાજન અને શશી કાઉન્સેલર પાસે રીધમ અભ્યાસથી મુશ્કેલીઓ લઈને આવ્યા ત્યારે ઉપરથી હિસ્ટ્રી ખબર પડી. શશીને હતુ મારા એકના અકે રીધમને હુ બધા એક રીધમને હુ બધામા એકસપપર્ટ બનવાુ અમરી પાસે કોી વાતની ખોોટ નથી રીધમને બધુ જ બેસ્ટ મળતુ જોઈએ એને સોસાયટીના બધા જ ફ્રેન્ડસ આપવ જોઈને એના ફ્રેન્ડસમાં સોસાયટીમાં બધા જ ફ્રેન્ડસ અપનાવા જઈએ એના ફ્રેન્ડસમા એનુ નીચ ન દેખાશે જોઈએ હુ તો એક જ લર્નેડ મધુર છે અવારનવાર બધા જ નવા પુસ્તકો વાચુ છુ મોડર્ન અને અપડેટેડ નોલેજ છે એટલે રીધમ પણ એકસ્ટ્રા ઓડિનરી હોવો જ જોઈએ. રીધમની અભ્યાસની મુશ્કેલી કારણ તમે સમજી ગયા હશો પણ શશીને કોણ જાણે કેમ તેને ખબર પ ડી સાયકોલોજી ત્રણ બાબતો કોઈપણ ક્ષેત્રમાં પાસે કોઈ વાતની ખોટ નથી રીદમ બધુ જ બેસ્ટ મળતુ જોઈએ અને સોસાયટીમાં દેખાવુ જોઈ હુ તો એ ક જલર્નડ મધર છે અવારનવાર બધા જ નવા પુસ્તક વાચુ છુ મોર્ડન અને અપડેટે નોલેજ છે એટલે રીધમ પણ એકસ્ટ્રા ઓડિનરી હોવો જ જોઈએ. રીધમની અભ્યાસની મુશ્કેલીઓ કારમ તમે સમજી ગયા શશીને કોણ જાણે કેમ તેની ખબર પડી સાયકોલોજીકલી ત્રણ બાબતો કોઈપણ ક્ષેત્રમાં જે તે ક્ષેત્રમાં રસ હોવો તે હજુ ક્ષેત્ર અભિગમ અને અભિયોગ્યતા માનસિક લાયકાત ધરાવે છે કે કેમ આ બાબતો જાણ કવગર આજકા લપપેરન્ટસ પોતાનાસંતાનો બદામા એકસપર્ટ બનાવની ઘેચાને ટીવીના રિયાલટી શો જોઈ વધારી રહ્યા છે જે ભયજનક છે વાસ્તવમાં વેશન અને હળવાસ સમય છે એ સાચુ કે કોઈ મનગરમતી એક્ટિવીટી બાળકને ક્રએટીવલી બિઝ રાખી શકે પણ એની સદગી જો બાળક કરે તો વધુ સારુ પરિમામ આવે અને જે તે એક્ટિવીટીમા બાળક શ્રેષ્ઠતા હાસલ પણ કરી શકે. માસ્ટર માઈન્ડ દરેક એક્ટિવીટી બાળક પ્રથમ આવે તે માતા પિતાની ઈચ્છા હોયશકે માતા પિતાની ઈચ્છા હોયચ શકે પણ સાથે સૌથીમોટી મૂર્ખતાપૂર્મ મહત્વાકાળના પણ છે બાળકની શક્તિઓને સમજી પરિણામ અપેક્ષા રાખનાર પેરન્ટ્રસ વદુ સારી બાળક સાથે સંબંધ ટકાવી શકે છે.



## તંત્રી લેખ...-

મંગળવાર, તા. ૧૪ જુલાઈ ૨૦૨૬

### દાગી નેતાઓને રોકતો ખરડો લોકશાહી માટે અનિવાર્ય

ભારતીય લોકશાહીમાં ગુનેગારોની બોલબાલાની સમસ્યા લાંબા સમયથી ચિંતા જગાવી રહી છે. ખાસ તો રાજનેતાઓને તેમના ચૂંટાયેલા દરજ્જાના જોરે ગુનાની સજા સામે મળતાં રક્ષણને રોકવા અંગે ચર્ચા વધી રહી છે. આવામાં સરકાર હવે વડાપ્રધાન, મુખ્યમંત્રી કે અન્ય મંત્રીઓને પાંચ વર્ષથી વધુની સજાના ગંભીર ગુનામાં સતત ૩૦ દિવસ સુધી જેલમાં રહેવું પડે એવા સંજોગોમાં તેમને હોદ્દા પરથી દૂર કરવાની કાયદાકીય જોગવાઈ કરવા વિચારી રહી છે. આ સંદર્ભમાં સરકાર સંસદના આગામી સત્રમાં બંધારણમાં ૧૩૦મા સુધારા માટેનો ખરડો લાવી શકે તેમ છે. જો આ ખરડાને સંયુક્ત સંસદીય સમિતિ બહાલી આપે તો તે ચોમાસુ સત્રમાં જ ચર્ચા માટે આવે તેમ છે. ઉલ્લેખનીય છે કે, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગયા ઓગસ્ટ મહિનામાં આ ખરડો રજૂ કર્યો હતો, પણ વિરોધપક્ષોના સંખ્યાબંધ વાંધાને લીધે તેને આખરી ઓપ આપવા સંયુક્ત સંસદીય સમિતિની રચના કરાઈ હતી. કોંગ્રેસ સહિતના મોટાભાગના વિરોધપક્ષોએ તેમની ચિંતાઓને ધ્યાન પર લેવાશે નહીં એવી આશંકા વ્યક્ત કરીને આ સમિતિનો બહિષ્કાર કર્યો હતો. રાજકારણમાં ગુનેગારોના વધતા પ્રભાવને નાથવા માટે હાલની કાયદાકીય જોગવાઈઓ નબળી જણાય છે. હાલે જે જોગવાઈઓ છે તેમાં ગૂંચવણ અને છટકબારીનો લાભ લઈને ગંભીર આરોપોનો સામનો કરતા ગુનેગારો સંસદ કે વિધાનસભામાં ચૂંટણી લડીને જીતી જતા હોય છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લાં કેટલાંક વર્ષથી આવા દાગી સાંસદો કે ધારાસભ્યોની સંખ્યા ચિંતાજનક રીતે વધી રહી હોવાના અહેવાલ સામે આવતા રહે છે, પણ તેને રોકવા માટે કોઈ નક્કર વ્યવસ્થા તરફ ભાગ્યે જ ધ્યાન અપાયું છે. તમામ રાજકીય પક્ષો દેખાવ ખાતર આવા દાગીઓને રોકવા માટે ચિંતા વ્યક્ત કરતા રહે છે, પણ તેમને ટિકિટ આપવાની વેળાએ જીતની લાલચમાં આ ચિંતાને વિસરી જતા હોય છે. વળી આ મામલે સ્પષ્ટ કાયદાકીય જોગવાઈઓના અભાવમાં ચૂંટણીપંચના હાથ બંધાયેલા રહે છે. સાર્વજનિક જીવનમાં નૈતિકતાની હિમાયત કરતા વિરોધપક્ષો આ મામલે એવી દલીલ અને આગ્રહ કરી રહ્યા છે કે, જ્યાં સુધી આરોપ સાબિત ન થયા ત્યાં સુધી કોઈને ગુનેગાર ઠેરવી શકાય નહીં. માત્ર કસ્ટડીમાં કેદ થાય તેના આધારે કોઈને ગેરલાયક ઠેરવવા જોઈએ નહીં એવો હઠાગ્રહ વિરોધપક્ષોનો છે. તેઓ આશંકા વ્યક્ત કરી રહ્યા છે કે, સત્તાધારી પક્ષ વતીથી તપાસનીશ એજન્સીઓ રાજકીય વિરોધીઓની ધરપકડ કરાવીને તેમને ગેરલાયક ઠેરવવાનો કારસો કરવામાં આવી શકે છે. કેન્દ્ર સરકાર હવે જો આવો ખરડો લાવવા ઉત્સુક હોય તો તેમાં તેના દુરુપયોગની આશંકાને દૂર કરતી ખાસ વ્યવસ્થા સામેલ કરવા પર ધ્યાન અપાવું જોઈએ. વિપક્ષી નેતાઓને આગોતરા વિશ્વાસમાં લીધા બાદ તેમાં આગળ વધવામાં આવે તો તે વધુ યોગ્ય બની રહેશે, પણ હાલની સ્થિતિ જોતાં આ ખરડાથી વિપક્ષના દાગી નેતાઓની માથે મોટું જોખમ ઊભું થઈ શકે છે, પણ ખરડો આવે ત્યારે કારણ વગરનો વિરોધ કરીને પણ વિપક્ષ આ સંવેદનશીલ મુદ્દે ખુલ્લો પડી જશે એમાં શંકા જણાતી નથી. લોકશાહીના હિતમાં આ કડક કાયદાકીય જોગવાઈ જ લોકોના વિશ્વાસને વધારી શકે તેમ છે.

### અધિકારીઓને દંડ કેમ નહીં ?

સર્વોચ્ચ અદાલતે વિવિધ પ્રશાસનને એક વેધક સવાલ કર્યો છે કે, ક્યાંય પણ દુર્ઘટના બને તો બિલ્ડર્સ સામે તમે પગલાં લો છો, પરંતુ જવાબદાર અધિકારીઓઁ દર વખતે કેમ છટકી જાય છે ? આ પ્રશ્ન અનેક સંદર્ભે અગત્યનો છે. કોર્ટે બરાબર મુદ્દો ઉઠાવ્યો છે કારણ કે કોઈ પણ તંત્રની બેદરકારી હોય, કોઈ કૌભાંડ હોય કે કોઈ પણ પ્રકરણ હોય, કાં તો નાના કર્મચારીને સજા થાય કે પછી વેપારી, બિલ્ડર્સ, કોઈ વ્યવસાયી ઉપર કાયદાનો કોરડો વિંઝાય, પરંતુ કાયદાનો અમલ કરાવવાની જેમની જવાબદારી છે તે અધિકારીઓ સામે પગલાં લેવાતાં હોવાનો દાખલો બેસતો નથી અને જો એવું થાય તો પણ તે ટૂંકા ગાળા માટેના સસ્પેન્શનથી વધારે કંઈ હોતું નથી. દેશ-રાજ્યમાં ક્યાંય પણ, ક્યારેય કોઈ ઈમારત તૂટે, આગ લાગે કે એવું કંઈ પણ થાય એટલે પ્રશાસન તરત પગલાં ભરે, આર્કિટેક્ટનું લાયસન્સ રદ થાય, મકાન સીલ થાય એવા પગલાં ભરાય. કોઈ ગેમઝોન કે હોટેલ-રિસોર્ટ જેવી જગ્યા હોય તો તેના માલિકની ધરપકડ થાય. કાનૂની રીતે જે કંઈ જરૂરી હોય તે કરવું જ જોઈએ તેમાં ન ચાલે. બિલ્ડર હોય કે હોટેલ માલિક કે કોચિંગ ક્લાસના માલિક તેમની સામે આકરાં પગલાં ભરાવાં જોઈએ, પરંતુ જે કાયદાનો તેમણે ભંગ કર્યો છે તેનો અમલ કરાવવાની જવાબદારી જે અધિકારીની હતી તેમની સામે શું? આ સવાલ અગત્યનો છે. લખનઉમાં હમણા અગ્નિ દુર્ઘટના થઈ એવું સુરતમાં થયું હતું. અમદાવાદમાં હોસ્પિટલ સળગી હતી, વડોદરામાં બોટિંગનાં સ્થળે અકસ્માત થયો અને એવું ઘણુ થયું છે. પ્રશાસને પગલાં લીધાં છે, પરંતુ જેને 'લાયસન્સિંગ ઓથોરિટી' કહેવાય છે. આવી બધી બાબતો માટે જે મંજૂરી આપે, 'ના વાંધા પ્રમાણપત્ર' આપે તે અધિકારીનું શું ? કોઈ મહાનગરપાલિકા હોય તો ટાઉનપ્લાનિંગ શાખાની જવાબદારી બાંધકામના કાયદાનું પાલન કરાવવાની છે, ફાયર બ્રિગેડની જવાબદારી અગ્નિશમનના કાયદાનું પાલન કરાવવાની છે. જો કોઈ બિલ્ડર, કોઈ ઉપભોક્તા નિયમ ભંગ કરે તો તેની સામે પગલાં લેવાય, પરંતુ સંબંધિત અધિકારીને સજા નહીં, કોર્ટે પૂછ્યું આંખ આડા કાન કરનાર અધિકારીને કેમ કંઈ નહીં ? આ બાબત ખાસ તો વિવિધ વિસ્તારના ડિમોલિશન વખતે અગત્યની છે. કોઈ વિસ્તારમાં અનધિકૃત બાંધકામ કે વસાહત તોડવા તંત્ર જેસીબી સહિતના શત્ર-સરંજામ સાથે પહોંચી જાય છે. મકાનો, દુકાન તોડી પાડે છે. સરકારી જમીન ઉપર અતિક્રમણ હોય તો તે દૂર થવું જરૂરી છે, પરંતુ સેંકડો મકાન બની જાય ત્યાં સુધી કેમ ધ્યાન ન જાય? સરકારી જમીન ઉપર સોસાયટી બને, વ્યાપારી સંકુલ બને ત્યાં સુધી કોઈનું ધ્યાન જ નહીં જતું હોય? અનધિકૃત બાંધકામ કરનારને માફ ભલે ન કરાય, પરંતુ તે થવા દેનાર સામે પગલાં નહીં. મહાનગરપાલિકા વિસ્તારમાં તો આવું સતત ચાલે છે, સૂચિત સોસાયટીઓ ગણાતા વિસ્તારની સંખ્યા વધે, ખરાબાની જમીનમાં બાંધકામ થાય એવું કેટકેટલું ચાલે છે. આ રોકવાની જેમની ફરજ છે તે અધિકારી સામે પગલાં ન લેવાય. સર્વોચ્ચ અદાલતે લાલઆંખ કરીને કહ્યું છે કે, આ અનધિકૃત બાંધકામ તથા સુરક્ષા નિયમોની અવગણના અધિકારીઓની સાઠગાંઠ વગર શક્ય જ નથી. ગુજરાત હાઈકોર્ટે રાજકોટના ટીઆરપી ગેમઝોનના પ્રકરણમાં જવાબદાર પાંચ અધિકારીઓ સામે પગલાં લેવા આદેશ કરતાં તેમને ડિસમિસ કરાયા છે. જો કે, આ ચુકાદો સવા બે વર્ષે આવ્યો છે. આપી છે તેની અસર દુનિયાના વિકસતા દેશો ઉપર પડી છે. પરિણામે સમસ્ત યુવા પેઢીનું ભવિષ્ય બરબાદી તરફ ધકેલાઈ રહ્યું છે. ભારતમાં આઈટી વિભાગના પ્રધાન અશ્વિની વૈષ્ણવે પણ આ દિશામાં ભયસૂચક રેડ લાઈટ બતાવી છે અને સોશિયલ મીડિયા કંપનીઓ સાથે ચર્ચા કરીને શ્રોતા-દર્શકોની વયને આધારિત નિયંત્રણો મૂકવાની વિચારણા થઈ છે અને હજુ થઈ રહી છે, ત્યારે વડાપ્રધાન મોદીએ નિર્દેશ આપ્યા પછી આ દિશામાં ઝડપી પગલાં આવવાની આશા વધી છે, હકીકતમાં હવે રાહ જોવાઈ રહી છે.

---

**બીજી તરફ, ઈરાન દુનિયામાં શિયાઓનો એક માત્ર દેશ છે.**

# અમેરિકા-ઇરાનઃ યુદ્ધવિરામ ટકતો કેમ નથી?

## ઈઝરાયલ દુનિયામાં યહૂદીઓનો એક માત્ર દેશ છે તેથી ઈરાન ઈઝરાયલ પર પરમાણુ બોમ્બ ફેંકે તો મોટા ભાગના યહૂદીઓ સાફ થઈ જાય.

આ યુદ્ધે એવી અંધાધૂંધી સર્જી છે કે સમસ્ત વિશ્વની આર્થિક દશા-દિશા બદતર થઈ રહી છે. યુદ્ધબંધીના કરાર દર બીજે દિવસે જે રીતે ફોક થઈ જાય છે એ એક માત્ર અકસ્માત નથી, પણ ઈરાનને એ નેસ્તનાબૂદ કરવા જંગે ચઢેલા અમેરિકા- ઈઝરાયલ અને આરબ દેશોનું એક સશકત સંયુકત ષડ્યંત્ર છે...અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલા યુદ્ધવિરામનું સુરસુરિયું થઈ ગયું ને પાછા સામસામા હુમલા શરૂ થઈ ગયા છે. અમેરિકા અને ઈઝરાયલ ઈરાનનાં ઠેકાણાં પર હુમલા કરી રહ્યાં છે તો ઈરાન પણ ઈઝરાયલ ઉપરાંત અમેરિકાના સાથી એવા આરબ દેશોને નિશાન બનાવી રહ્યું છે તેના કારણે મિડલ ઈસ્ટમાં પાછી અશાંતિ ઊભી થઈ ગઈ છે. આ અશાંતિ ક્યારે મટશે એ ખબર નથી પણ અત્યારે તો સૌથી વધારે ચર્ચા એ વાતની થઈ રહી છે કે, આખરે ઈરાન અને અમેરિકા વારંવાર યુદ્ધવિરામ કર્યા પછી કેમ પાછાં યુદ્ધ શરૂ કરી દે છે ?આ સવાલ વ્યાજબી છે કેમ કે અમેરિકા અને ઈઝરાયલે ઈરાન પર હુમલા શરૂ કર્યા પછી વારંવાર એવું બન્યું છે કે, બંને દેશે યુદ્ધવિરામની જાહેરાત કરી હોય પણ થોડાક દિવસોમાં પાછાં બંને યુદ્ધ કરવા મંડી પડ્યાં હોય. છેલ્લે તો બંને દેશ ૬૦ દિવસના યુદ્ધવિરામ માટે તૈયાર થયેલાં પણ છ દિવસમાં તો તેનું પણ સુરસુરિયું થઈ ગયું તેથી આ સવાલ યોગ્ય છે.આ સવાલનો જવાબ આરબ દેશો અને ઈઝરાયલ છે.આરબ દેશો ઈચ્છે છે કે અમેરિકા જ ઈરાનનો ખાતમો કરી નાંખે, તેથી ઈઝરાયલને સાધીને યુદ્ધવિરામ થવા દેતાં નથી. બીજી તરફ, ઈરાન દુનિયામાં શિયાઓનો એક માત્ર દેશ છે. મુસ્લિમોમાં શિયા અને સુન્નીઓએ વચ્ચે બાપે માર્યા વેર છે તેથી સુન્ની આરબ દેશોને ઈરાન તાકાતવર બને એ પસંદ નથી. યુદ્ધવિરામના કારણે ઈરાને અમેરિકા અને ઈઝરાયલને નમાવ્યું એવો મેસેજ જાય તેના કારણે દુનિયાભારના મુસ્લિમો ઈરાનને મુસ્લિમો માટે લડનારો દેશ માને તેથી આરબોનું મુસ્લિમો પર વર્ચસ્વ ઘટે તેથી આરબો ઈરાનમાં શાંતિ નથી ઈચ્છતા.

બીજી તરફ, ઈરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધવિરામ થાય, બંને દેશો વચ્ચે મિત્રતા વધે ને આર્થિક સંબંધો ગાઢ બને તો ઈરાનનો વટ વધી જાય એ પણ એક કારણ છે. આરબ દેશો વરસો લગી અમેરિકાના પીઠ્ઠુ બનીને રહ્યા પછી હવે ચીનના પડખામાં ભરાયા છે. અમેરિકા અને ચીન વચ્ચે કોલ્ડ વોર ચાલે છે તેથી અમેરિકા અને ઈરાન વચ્ચે દોસ્તી થાય તો ભવિષ્યમાં મિડલ ઈસ્ટમાં ઈરાન સૌથી શક્તિશાળી દેશ તરીકે ઊભરે. ઈરાનનું વર્ચસ્વ વધે એવું આરબો કોઈ કાળે ના ઈચ્છે તેથી યુદ્ધવિરામમાં ફાચર મરાવી દે છે.ઈરાન સાથે ઈઝરાયલ યુદ્ધવિરામ નથી ઈચ્છતું કેમ કે અત્યારે ઈઝરાયલનો સૌથી મોટો દુશ્મન ઈરાન છે અને ઈઝરાયલમાં આતંકવાદને ભડકાવે છે. એક જમાનામાં સાઉદી અરેબિયા સહિતનાં તમામ આરબ દેશો ઈઝરાયલ સામે એક થઈને લડેલા. આ યુદ્ધોમાં કારમી હાર પછી આરબ દેશોએ પ્રોક્સી વોર શરૂ કરીને મુસ્લિમ આતંકવાદીઓની લડાઈને પોષીને નવો જંગ શરૂ કર્યો. યાસર અરાફત અને અબુ નિઢાલ સહિતના આતંકવાદીઓને આરબ દેશોએ તન-મન-ધનથી મદદ કરીને ઈઝરાયલને વરસો લગી પરેશાન કર્યું પણ બધા મુસ્લિમો ભેગા થઈને પણ ઈઝરાયલને નમાવી ના શક્યા.શાસકોના આક્રમક મિજાજ, યહૂદીઓની લડાયકતા અને અમેરિકાના સંપૂર્ણ પીઠબળના જોરે ઈઝરાયલે મુસ્લિમ આતંકવાદીઓનો સફાયો કરવા માંડ્યો પછી યાસર અરાફત સહિતના આતંકવાદી હાંફી ગયા ને ઈઝરાયલ સાથે સમાધાન કરી લીધું. આ સમાધાનના ભાગરૂપે વેસ્ટ બેંકમાં અરાફતના ફતહની અને ગાઝા પટ્ટીમાં હમાસનું શાસન છે. અરાફત તો બહુ પહેલાં ગુજરી ગયા, પણ અત્યારે તેમના ચેલકા રાજ ચલાવે છે.આરબ દેશોએ ઈઝરાયલ સામે બહુ પહેલાં જ હથિયાર હેઠાં મૂકી દીધાં છે. યુએઈ, બહેરીન સહિતના આરબ દેશોએ તો ઈઝરાયલ સાથેની દુશ્મનીને ભૂલાવીને હાથ મિલાવી લીધા છે. સાઉદી અરેબિયા પણ ઈઝરાયલ સાથે સહકાર વધારી રહ્યું છે તેથી ઈઝરાયલ સામે લડતાં હમાસ સહિતનાં કટ્ટરવાદી સંગઠનોને આરબ દેશો પાસેથી પહેલાં જેવી મદદ મળતી નથી. ઈરાને આ તકનો લાભ લઈને ઈઝરાયલ સામે લડતાં આતંકવાદી સંગઠનોને પોષવા માંડ્યાં છે. ઈરાન શિયાઓનો દેશ છે પણ મુસ્લિમ એકતાના નામે સુન્ની કટ્ટરવાદી સંગઠનને પણ મદદ કરે છે.શિયા કટ્ટરવાદીઓનું આતંકવાદી સંગઠન હિઝબોલ્લાહ તો ઈરાનનું જ બગલબચ્ચું છે. હુથી આતંકીઓ પણ ઈરાને ઊભા કરેલા છે. આ બધાનો ઉપયોગ કરીને ઈરાન દુશ્મન ઈઝરાયલની મેથી માર્યા કરે છે.ઈઝરાયલ પોતાની રીતે આતંકીઓનો સફાયો કર્યા કરે છે પણ ઈરાનના કારણે એ ટકી રહ્યાં છે તેથી ઈઝરાયલે મૂળ પર ઘા કરીને આતંકવાદીઓને સાવ નોંધારા કરી દેવાની વ્યૂહરચના અપનાવી છે. અમેરિકાએ તેમાં સાથ આપ્યો પણ હવે અમેરિકા પાણીમાં બેસી જાય તો આતંકવાદીઓને પોરો ખાવા મળી જાય તેથી ઈઝરાયલને ધોળે ધરમેય યુદ્ધવિરામ ખપતો નથી. ઈરાનની પીઠ્ઠુ આતંકીઓનો સફાયો કરીને કાયમ માટે શાંતિ કરી દેવાનો તેનો ઈરાદો છે તેથી અમેરિકા ના કહે તો પણ હુમલા ચાલુ રાખ્યા છે.ઈઝરાયલનો ઈરાદો ઈરાનના પરમાણુ કાર્યક્રમનાં પાટિયાં કાયમ માટે પાડી દેવાનો પણ છે. ઈરાન લાંબા સમયથી પરમાણુ શસ્ત્રો બનાવવા મથી રહ્યું છે. પાકિસ્તાની વિજ્ઞાની ડૉ. અબ્દુ કાદિર ખાનની મદદથી શરૂ કરી પરમાણુ કાર્યક્રમમાં ઈરાન ખાસ્સુ આગળ વધી ગયું છે પણ હજુ ઈરાન પાસે પરમાણુ શસ્ત્રો નથી. ઈરાન પાસે કદીય પરમાણુ શસ્ત્રો ના હોય એવી સ્થિતિ ઈઝરાયલ પેદા કરવા માગે છે કે જેથી ઈઝરાયલ સલામત રહે.જોકે ઈરાન પાસે પરમાણુ શસ્ત્રો આવી ગયાં એ દિવસે ઈઝરાયલ પર પરમાણુ બોમ્બ ઝીંકીને તેનું અસ્તિત્વ મટાડી દેવામાં ઈરાન પળનો વિચાર નહીં કરે એ નક્કી છે તેથી ઈઝરાયલ ખોટું નથી. ઈઝરાયલ બાવીસ હજાર ચોરસ કિલોમીટર વિસ્તારમાં ફેલાયેલો નાનકડો દેશ છે. ગુજરાતનો વિસ્તાર ૧.૯ લાખ ચોરસ કિલોમીટર છે એ જોતાં ઈઝરાયલ ગુજરાત કરતાં નવના ભાગનો વિસ્તાર ધરાવે છે. આવડા નાના દેશને ખતમ કરવા માટે બે પરમાણુ બૉમ્બ તો બહુ થઈ ગયા.

ઈઝરાયલ દુનિયામાં યહૂદીઓનો એક માત્ર દેશ છે તેથી ઈરાન ઈઝરાયલ પર પરમાણુ બૉમ્બ ફેંકે તો મોટા ભાગના યહૂદીઓ સાફ થઈ જાય. આ સ્થિતિ કદી ના આવે એવું ઈચ્છીએ પણ ના કરે નારાયણ ને એવું થાય તો દુનિયાનો કોઈ દેશ ઈઝરાયલની મદદે ના આવે. ઈરાન પોતાના પર પરમાણુ બૉમ્બ ફેંકી દેશે એ ડરે બધા દેશ વેગળા થઈ જાય. ઈઝરાયલ આ વાત સારી રીતે જાણે છે તેથી ઈરાનના પરમાણુ કાર્યક્રમને સાવ રફેદફે કરી નાંખવા માગે છે. આ માટે એ સતત બૉમ્બમારો કરી રહ્યું છે કે જેથી ઈરાને વરસોની મહેનત પછી ઊભી કરેલી પરમાણુ બૉમ્બ લેબોરેટરી સાફ થઈ જાય. અમેરિકા યુદ્ધવિરામ સ્વીકારી લે તો ઈરાનના પરમાણુ કાર્યક્રમનો સફાયો કરી નાખવાનું અભિયાન પણ બંધ

---

**સામા, ગોવા, ત્રિપુરા, અરૂણાચલ પ્રદેશ વગેરે રાજ્યોમાં ભાજપ વરસોથી સત્તા પર હોવા છતાં ગૌહત્યા પર સંપૂર્ણ પ્રતિબંધ નથી**

# ગૌહત્યા વિરોધી દેશવ્યાપી કાયદો કેમ નથી બનતો?

■ તમિળનાડુ સરકારે આ ફરમાનને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યું હતું. સુપ્રીમ કોર્ટે વિજય સરકારની અરજી માન્ય રાખીને પ્રતિબંધને ફગાવી દીધો છે.

તમિળનાડુમાં ગૌવંશ એટલે કે ગાય અને વાછરડાના વધ પર રાજ્યવ્યાપી પ્રતિબંધ મૂકવાનો આદેશ આપતા મદ્રાસ હાઈ કોર્ટના ફરમાનને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધું એ સાથે જ દેશમાં ગૌવંશની હત્યાનો મુદ્દો પાછો ચર્ચામાં છે. ૨૭ મે, ૨૦૨૬ના રોજ કોઈમ્બતુરના સજ્જન કે. સૂર્યપ્રશાંતે જાહેર હિતની અરજી (પીઆઈએલ) કરીને બકરીઈદના દિવસે તમિળનાડુમાં ગૌવંશની હત્યા પર પ્રતિબંધની માગ કરી હતી. મદ્રાસ હાઈ કોર્ટે માત્ર બકરી ઈદ જ નહીં પણ વરસના ત્રણસો ને પાંસઠ દિવસ ગૌવંશની હત્યા પર પ્રતિબંધનું ફરમાન કરી દીધેલું. હાઈકોર્ટનો દાવો હતો કે. બંધારણની કલમ ૪૮, તમિળનાડુ એનિમલ પ્રિઝર્વેશન એક્ટ, ૧૯૫૮ તથા ૧૯૭૬ના રાજ્ય સરકારના આદેશ હેઠળ તમિળનાડુમાં ગૌવંશની હત્યા પર પ્રતિબંધ મૂકવો જરૂરી છે. તમિળનાડુ સરકારે આ ફરમાનને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યું હતું. સુપ્રીમ કોર્ટે વિજય સરકારની અરજી માન્ય રાખીને પ્રતિબંધને ફગાવી દીધો છે. સુપ્રીમ કોર્ટે એવું પણ કહ્યું છે કે, હાઈ કોર્ટના આદેશમાં સુધારાની જરૂર છે તેથી તેનો હમણાં અમલ કરી શકાય તેમ નથી. સુપ્રીમ કોર્ટના ચુકાદાના પગલે રાજકારણ પણ શરૂ થયું છે ને દેશવ્યાપી પ્રતિબંધનું કોરસ પણ શરૂ થયું છે. વાસ્તવમાં ભારતમાં ગૌહત્યાના મામલે રાજકારણ ચાલ્યા જ કરે છે અને ગૌહત્યા પર સમગ્ર દેશમાં પ્રતિબંધની માગ પણ થયા કરે છે પણ કેન્દ્ર સરકારને એવો કાયદો બનાવવામાં રસ નથી. હિંદુવાદી સંગઠનો ગૌહત્યા પર દેશવ્યાપી પ્રતિબંધની તરફેણમાં છે અને એકાદ દાયકા પહેલાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના મુખિયા મોહન ભાગવતે પોતે ગૌહત્યા વિરોધી દેશવ્યાપી કાયદો બનાવવાની હાકલ કરેલી પણ મોદી સરકારે તેમની વાત એક કાનેથી સાંભળીને બીજા કાનેથી કાઢી નાખી હતી. ૨૦૧૭માં ભાજપ ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં જીત્યો પછી ગૌરક્ષાના મુદ્દે બહુ ધમધમાટ થયેલો. ગૌરક્ષાના નામે મુસ્લિમોની ધોકાવાળી કરવાના ઘણા કિસ્સા પણ બન્યા હતા. ગુજરાતમાં એ વખતે પાટીદાર આંદોલને ભાજપના પાયા હચમચાવી નાખેલા તેથી ભાજપે હિંદુ મતદારોને આકર્ષવા ગૌરક્ષા સામે કડક કાયદો બનાવી નાંખેલો. ગૌવંશની હત્યા માટે આજીવન કારાવાસ ને ગૌવંશના માંસની હેરફેર કરતાં વાહનોને કાયમ માટે જપ્ત કરી લેવા સહિતની આકરી જોગવાઈઓ આ કાયદામાં છે. ગુજરાત સરકારે ખરડો પસાર કર્યો તેના પગલે આખા દેશમાં આવો કડક કાયદો બનાવવાનું કોરસ શરૂ થયેલું. ભાગવતે પણ આ કોરસમાં જોડાઈને માગણી તો કરી નાખી પણ મોદી સરકારે ભાવ નહોતો આપ્યો.ભાજપે ભાગવતની વાત ના ગણકારી તેનું મુખ્ય કારણ બંધારણીય જોગવાઈ છે. બંધારણીય જોગવાઈ પ્રમાણે, પશુઓની કતલ રોકવી એ રાજ્ય સરકારનો વિષય છે. બંધારણમાં ગૌહત્યા પર પ્રતિબંધનો રાજ્ય સરકારો માટે નિર્દેશાત્મક સિદ્ધાંત તરીકે સ્વીકાર કરાયો છે પણ રાજ્યોને ગૌહત્યા પ્રતિબંધનો કાયદો ઘડવાની ફરજ પાડી શકાતી નથી કેમ કે પશુઓને લગતા કાયદાઓનો સમાવેશ બંધારણના સાતમા શિડ્યુલમાં રાજ્ય સરકારોએ બનાવવાના કાયદાના લિસ્ટમાં કરાયો છે. દરેક રાજ્યની પરંપરાઓ અને સામાજિક માળખાને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારને અલગ અલગ પશુઓની કતલ રોકવા માટે કાયદો બનાવવાનો અધિકાર બંધારણે આપ્યો છે. આ બંધારણીય જોગવાઈને અનુસરીને એ વખતે દેશનાં ૨૯ રાજ્યોમાંથી ૨૪ રાજ્યોમાં ગૌહત્યા પર પ્રતિબંધ હતો. આ પૈકી ૨૧ રાજ્યોમાં ગૌહત્યા પર સંપૂર્ણ પ્રતિબંધ હતો જ્યારે ત્રણ રાજ્યોમાં ગૌવંશ નકામું થઈ ગયું છે તેવું સર્ટિફિકેટ આપો તો કતલની મંજૂરી મળે એવો કાયદો હતો. અત્યારે પણ એ જ સ્થિતિ છે કેમ કે એ પછીનાં વરસોમાં કોઈ રાજ્ય સરકારે નવો કાયદો બનાવ્યો નથી. આ કારણે પશ્ચિમ બંગાળ, કેરલમ, અરૂણાચલ પ્રદેશ, આસામ, ગોવા, મિઝોરમ, મેઘાલય, નાગાલેન્ડ, ત્રિપુરા આ આઠ રાજ્યોમાં ગૌવંશની કતલ કાનૂની રીતે માન્ય છે જ્યારે બાકીનાં રાજ્યોમાં પ્રતિબંધ છે. રસપ્રદ વાત એ છે કે, ગૌહત્યા પર પ્રતિબંધ નથી એવાં રાજ્યોમાંથી મોટા ભાગના ભાજપ શાસિત છે. પશ્ચિમ બંગાળમાં ભાજપ હમણાં સત્તા પર આવ્યો પણ આસામા, ગોવા, ત્રિપુરા, અરૂણાચલ પ્રદેશ વગેરે રાજ્યોમાં ભાજપ વરસોથી સત્તા પર હોવા છતાં ગૌહત્યા પર સંપૂર્ણ પ્રતિબંધ નથી એ સૂચક છે. કેન્દ્ર સરકાર ગૌહત્યાનો રાષ્ટ્રવ્યાપી કાયદો બનાવવો હોય તો બંધારણીય સુધારો કરીને ગાયને અન્ય પશુઓથી અલગ કરવી પડે અને ગાયો માટે અલગથી કાયદો બનાવવો પડે. પહેલાં ભાજપ પાસે રાજ્યસભામાં બહુમતી નહોતી તેથી એ કાયદો પસાર થઈ શકે તેમ નહોતો પણ ભાજપની રાજ્ય સરકારો એવો કાયદો ચોક્કસ બનાવી શકે છતાં ભાજપ શાસિત સંખ્યાબંધ રાજ્યોમાં ગૌહત્યા પર સંપૂર્ણ પ્રતિબંધ નથી કેમ કે ભાજપ મતબેંકના એંગલથી બધું જુએ છે. હિંદુવાદની અસર પ્રબળ છે અને ગાયને માતા માનીને પૂજવામાં આવે છે એ રાજ્યોમાં ભાજપે કાયદા બનાવી દીધા પણ જ્યાં આ લાગણી પ્રબળ નથી ત્યાં ભાજપને ગૌહત્યા પર સંપૂર્ણ પ્રતિબંધમાં કોઈ રસ નથી. ભાજપના નેતાઓમાં જ એક વર્ગ ગૌમાંસ પર સંપૂર્ણ પ્રતિબંધની માગ કરે છે ત્યારે કિરેન રિજિજુ જેવા ઉત્તર-પૂર્વમાંથી આવતા નેતા પોતે બીફ એટલે કે ગૌમાંસ ખાતા હોવાનું ગર્વથી કહે છે. કોઈને આ બેવડાં ધોરણો લાગે પણ આ બેવડાં ધોરણ નથી. હિંદુઓમાં જ ગૌમાંસ ખાવા મુદ્દે અલગ અલગ મત પ્રવર્તે છે. ઉત્તર, પશ્ચિમ અને મધ્ય ભારતના હિંદુઓમાં ગૌમાંસને વર્જિત ગણવામાં આવે છે પણ કેરળમમાં હિંદુઓનો એક વર્ગ ગૌમાંસ ખાવામાં કશું ખોટું નહીં હોવાનું માનીને ખાય છે. હિંદુઓ સર્વાનમુતે ગૌમાંસ ના ખાવું જોઈએ એવું માનતા હોય ને ભાજપ આ વાત ના સ્વીકારે તો બેવડાં ધોરણ કહેવાય. ઉત્તર-પૂર્વનાં ઘણાં રાજ્યોમાં હિંદુઓ બહુમતીમાં નથી ને બહુમતી પ્રજાને ગૌમાંસ ખાવામાં વાંધો નથી તેથી ભાજપ સરકારો આવા કાયદા ના બનાવે એ સમજી શકાય એવી વાત છે.

હિંદુઓ માટે ગાય પવિત્ર છે તેથી ગૌહત્યા ટાળીને બહુમતી પ્રજાની ધાર્મિક લાગણીને સાચવી શકાય તો સારું પણ હિંદુઓનો ગૌ-પ્રેમ પણ મોટો દંભ છે તેથી આ મુદ્દાને ગંભીરતાથી નથી લેવાતો. બહુમતી હિંદુઓ માટે ગાય આર્થિક પ્રવૃત્તિનું માધ્યમ છે. ગાય દૂઝણી હોય ત્યાં લગી તેને સાચવે પણ જેવી વસૂકી જાય કે તરત જ માલિકો પોતે તેને કતલખાને વેચી દેતા હોય છે કે રસ્તે રઝળતી છોડી દે છે. રસ્તે રઝળતી મોટા ભાગની ગાયો જે મળે એ કચરો ખાઈને જીવતી હોય છે. ઘણી ગાયો તો પ્લાસ્ટિક ખાઈને જીવ ગુમાવી દેતી હોય છે પણ હિંદુઓને તેની પડી નથી હોતી ને બકરી ઈદના દિવસે ગાય કપાય તેનાથી તેમની લાગણી દૂભાઈ જતી હોય તો એવી લાગણીની કોણ ચિંતા કરે?

---

# કરિયરમાં સફળતાનું રહસ્ય છે એક સારા શ્રોતા બનવું...

## પહેલો એ કે આપણને નવી માહિતી મળે છે. બીજું ભૂલો થવાની શક્યતા ઓછી થઈ જાય છે. અને ત્રીજો ફાયદો આપણે જેની વાત ધ્યાનથી સાંભળીએ છીએ

તાજેતરમાં જ ભારતીય ક્રિકેટના સફળ કેપ્ટનોમાંના એક ગણાતા મહેન્દ્ર સિંહ ધોનીએ પોતાના એક ઇન્ટરવ્યૂમાં કહ્યું હતું કે 'હું એક ખૂબ સારો લિસનર છું. ભલે હું ઘણા વિષયો પર બોલવા માટે સક્ષમ ન હોઉં, પરંતુ હું દરેક વિષયને સાંભળવામાં સહજ અનુભવું છું.' પોતાના વિચારો સમજાવતાં મહેન્દ્ર સિંહ ધોનીએ એમ પણ સૂચવ્યું કે જે વિષયમાં તમારી જાણકારી ઓછી હોય, તેમાં તમે એક સારા શ્રોતા બની જાઓ એ વધુ જરૂરી બની જાય છે. સાંભળવામાં આ વાત મામૂલી લાગી શકે છે, પરંતુ એવું નથી. આ વાત એટલી ખાસ છે કે જો આને સફળતાનો 'સિક્રેટ મંત્ર' કહેવામાં આવે તો પણ તે અતિશયોક્તિ નહીં ગણાય. જો ધોની પોતે ન પણ કહે, તો પણ તેની સાથેના લોકો કહે છે કે ધોની ખૂબ ઓછું બોલે છે, પરંતુ કોઈ પણ વાતને તે ખૂબ જ ધ્યાનથી સાંભળે છે. ખરેખર તો આજના સમયમાં એવા લોકોને શોધવા ખૂબ જ મુશ્કેલ છે, જેઓ વધારે બોલવાને બદલે મોટાભાગે શાંત રહે છે, કારણ કે આજના યુગમાં દરેક વ્યક્તિ બોલવા માગે છે, દરેક વ્યક્તિ પોતાનો અભિપ્રાય આપવા માગે છે, કારણ કે દરેક વ્યક્તિ દરેક સમયે પોતાની જાતને સાબિત કરવાના પ્રયત્નમાં રહે છે, પરંતુ દુનિયાના સફળ લોકોની એક ખાસ આદત હોય છે, તેઓ બોલવા કરતાં સાંભળવામાં વધુ રસ ધરાવે છે. આ આદત તેમને માત્ર ગંભીર અને સન્માનનીય જ નથી બનાવતી, પરંતુ પોતાની આ જ આદતને કારણે આવા લોકો વધુ સારા નિર્ણય લેનારા, વધુ સારા ટીમ પ્લેયર અને વધુ સારા ટીમ લીડર બને છે.

આ એક સ્વાભાવિક સવાલ છે કે આખરે સાંભળવું આપણા જીવનમાં આટલી મહત્ત્વની ભૂમિકા કેમ ભજવે છે? ખરેખર તો સાંભળવું એ એક કૌશલ્ય છે. આમાં તમે માત્ર સામેવાળી વ્યક્તિની વાત, તેના ભાવો અથવા તેની સમસ્યાને જ નથી સાંભળતા, પરંતુ આ બધી પ્રક્રિયા દરમિયાન તમે તેના અંગત અનુભવોને પણ સાંભળો છો અને તેનાથી ઘણું બધું શીખવાનો પ્રયત્ન પણ કરો છો.નિષ્ણાતો કહે છે કે જ્યારે આપણે કોઈ વાતને ધ્યાનથી સાંભળીએ છીએ ત્યારે તેના ત્રણ ફાયદા થાય છેઃ

પહેલો એ કે આપણને નવી માહિતી મળે છે. બીજું ભૂલો થવાની શક્યતા ઓછી થઈ જાય છે. અને ત્રીજો ફાયદો આપણે જેની વાત ધ્યાનથી સાંભળીએ છીએ, તેની સાથે આપણા સંબંધો ખૂબ સારા બને છે. કરિયરમાં આ ત્રણેય બાબતો ખૂબ જ મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

જે લોકો અન્ય વ્યક્તિને મહત્ત્વ આપીને તેને ધ્યાનથી સાંભળે છે તેઓ ખૂબ જ ઝડપથી શીખે છે. યાદ રાખો, કોઈ પણ વ્યક્તિ બધું જ નથી જાણતી હોતી. નોકરીના શરૂઆતના દિવસોમાં તો લગભગ દરેક કર્મચારીએ સંસ્થામાં પહેલેથી હાજર કર્મચારીઓ પાસેથી નાની-નાની બાબતો શીખવી પડે છે. આવા સમયે જો કોઈ નવો કર્મચારી સાંભળે ઓછું અને બોલે વધારે, તો તે પોતાના સાથી કર્મચારીઓ પાસેથી શીખવાની તક ગુમાવી બેસે છે. ધોનીની વાત આ બાબતમાં બિલકુલ સાચી છે કે જે વિષયમાં આપણી જાણકારી ઓછી હોય, તેના પર જબરદસ્તીથી પોતાનો અભિપ્રાય આપવા કરતાં વધુ સારું એ છે કે ધ્યાન લગાવીને નિષ્ણાતોને સાંભળવામાં આવે અને સમજવામાં આવે કે આખરે તે વિષય કે બાબત શું છે? ખરેખર તો આવો અભિગમ કોઈ પણ વ્યક્તિને માત્ર નવી વસ્તુઓ શીખવા માટે જ પ્રેરિત નથી કરતો, પરંતુ તેની શીખવાની ગતિ પણ વધારે છે. કોઈ નવા કર્મચારી અને અનુભવી કર્મચારી વચ્ચેનો સૌથી મોટો તફાવત જ્ઞાનનો નથી હોતો, પરંતુ શીખવાની ઈચ્છાનો હોય છે.

ઑફિસમાં મોટાભાગે ગેરસમજો અધૂરી માહિતીને કારણે નહીં, પરંતુ સંવાદના અભાવને કારણે ઊભી થાય છે. બૉસે કોઈ દિશાનિર્દેશ આપ્યા, કર્મચારી કંઈક બીજું જ સમજ્યો અથવા તેણે ધ્યાનથી ન સાંભળ્યું; પરિણામે અધૂરા ધ્યાને સાંભળેલા નિર્દેશોના આધારે કરાયેલું કામ બિનજરૂરી તો બને જ છે, સાથે જ જે લોકો બૉસની વાત ધ્યાનથી નથી સાંભળતા તેમણે કાં તો પહેલાં કરેલા કામની જગ્યાએ નવું કામ કરવું પડે છે અથવા તો સાચું કામ ન કરી શકવા બદલ ઠપકો સાંભળવો પડે છે. જે લોકો ઑફિસમાં બૉસની કે અન્ય કોઈની પણ વાત ખૂબ ધ્યાનથી સાંભળે છે તેઓ માત્ર ઑફિસના દિશાનિર્દેશોને જ વધુ સારી રીતે નથી સમજતા, પરંતુ કઈ વ્યક્તિ સાથે, કયા સમયે, કેવું વર્તન કરવું જોઈએ, તે વાતને પણ સારી રીતે સમજે છે.

કેટલાક લોકોની આદત હોય છે કે જ્યારે કોઈ મહત્ત્વની વાત ચાલી રહી હોય ત્યારે તે વાત પૂરી થાય તે પહેલાં જ તેનાથી સંબંધિત પ્રશ્નો પૂછવાનું શરૂ કરી દે છે. આવા સમયે મોટા ભાગે તેઓ પૂરી વાત સારી રીતે સાંભળી શકતા નથી અને યોગ્ય રીતે સમજી શકતા નથી. ઘણીવાર આવા લોકો પોતાના માટે તો ખરા જ, પણ અન્યો માટે પણ મુશ્કેલી ઊભી કરે છે, કારણ કે તેમના લીધે બીજા લોકો પણ મહત્ત્વની વાત યોગ્ય રીતે સાંભળી શકતા નથી. ઘણીવાર આવા લોકો એક જ વાત માટે વારંવાર પ્રશ્નો પૂછે છે અને જરૂર પડ્યે સ્પષ્ટીકરણ માગે છે. આવી સ્થિતિમાં, મોટાભાગે એક જ વાત ફરીથી કહેનારી વ્યક્તિ ચીડાઈ જાય છે અને તે તમારા પ્રત્યે સારો ભાવ નથી રાખતી. આનાથી ગેરસમજો પેદા થાય છે. લોકોને એવું લાગે છે કે ફલાણી વ્યક્તિ મારી ઈર્ષ્યા કરે છે અથવા મને શાંતિથી જીવવા નથી દેતી; જ્યારે હકીકત એ હોય છે કે તે વ્યક્તિએ પોતે જ સાચા સમયે પોતાની યોગ્ય પ્રતિબદ્ધતા દર્શાવી હોતી નથી.

જે લોકો કોઈ વાતને ધ્યાનથી સાંભળે છે, તેમને તે વાત ઝડપથી અને વધુ સારી રીતે સમજાય છે. તેથી આ ગુણ ખાસ કરીને એવા લોકોમાં ખૂબ જરૂરી હોય છે જેમણે બીજા લોકો પાસેથી કામ લેવાનું હોય છે અથવા બીજા શબ્દોમાં કહીએ તો જેઓ ટીમ લીડર હોય છે, કારણ કે જે વ્યક્તિ કોઈ વાતને વધુ સારી રીતે સમજે છે, તે જ બીજી વ્યક્તિને સારી રીતે સમજાવી શકે છે. યાદ રાખો કે સમસ્યાનો ઉકેલ ત્યારે જ સાચી રીતે મળે છે જ્યારે આપણે તે સમસ્યાને ગંભીરતાથી અને ધ્યાનપૂર્વક સાંભળીએ છીએ. ઘણા લોકોની આદત હોય છે કે તેઓ કોઈ સમસ્યાને પૂરેપૂરી સાંભળ્યા વગર જ તેનો ઉકેલ આપવા લાગે છે. આવી પરિસ્થિતિમાં તેઓ પોતે તો ગૂંચવાઈ જ જાય છે, સાથે જ બીજા લોકોને પણ મૂંઝવણમાં મૂકે છે. તેથી ટીમ લીડર હોવાની પહેલી શરત એ છે કે તમે માત્ર કોઈ વાતને ખૂબ ધ્યાનપૂર્વક સાંભળો એટલું જ નહીં, પરંતુ તેટલી જ ગંભીરતા અને ફોકસ સાથે બીજાને જણાવો પણ ખરા. જે વ્યક્તિ વાતને ધ્યાનપૂર્વક અને પૂરા મનથી સાંભળે છે, તે ખૂબ જ સરળતાથી સમસ્યાના મૂળ સુધી પહોંચી જાય છે. તેથી તેની સલાહ અને નિર્ણય અસરકારક હોય છે.





# ‘ગોલમાલ ૫’માં અજય દેવગન અને અક્ષય કુમાર સામે વિલન તરીકે પ્રિયામણી જોવા મળશે

લોકપ્રિય કોમેડી ફ્રેન્ચાઈઝી ‘ગોલમાલ’ હવે તેની પાંચમી ફિલ્મ સાથે દર્શકોનું મનોરંજન કરવા તૈયાર છે. આ વખતે ફિલ્મમાં એક ચોંકાવનારું કાસ્ટિંગ સામે આવ્યું છે. આ અંગેના અહેવાલો મુજબ, ‘ધ ફેમિલી મેન’, ‘આર્ટિકલ ૩૭૦’ અને ‘યમદોંગા’ જેવી ફિલ્મો અને સિરીઝથી જાણીતી રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા અભિનેત્રી પ્રિયામણી ફિલ્મમાં મુખ્ય વિલનની ભુમિકામાં જોવા મળશે.

ફિલ્મનું શૂટિંગ ફેબ્રુઆરી ૨૦૨૬માં શરૂ થયું હતું. નિર્માતાઓએ એક ખાસ વીડિયો દ્વારા ફિલ્મની જાહેરાત કરી હતી, જેમાં અજય દેવગન, અર્શદ વારસી, શ્રેયસ તળપદે, તુષાર કપૂર અને કુણાલ ખેમુ ફરી એકવાર પોતાની ભૂમિકામાં જોવા મળશે.

આ સાથે જ પ્રથમ ફિલ્મ બાદ શરમન જોશીની ફ્રેન્ચાઈઝીમાં વાપસી થઈ રહી છે, જ્યારે અક્ષય કુમારનો સમાવેશ ચાહકો માટે સૌથી મોટી સરપ્રાઈઝ બન્યો છે. હવે પ્રિયામણી વિલનની ભુમિકામાં જોવા મળતાં રોહિત શેટ્ટી તેનાં પાત્રને કેવી રીતે રજૂ કરે છે અને કોમેડીથી ભરપૂર આ ફિલ્મમાં કેટલો નવો રંગ ઉમેરે છે તે જોવાનું રહેશે. પરંતુ, આ પ્રિયામણીની અને રોહિત શેટ્ટી સાથે પહેલી ફિલ્મ નથી. અગાઉ તે શાહરુખ ખાન અને દીપિકા પાદુકોણની ‘ચેન્નાઈ એક્સપ્રેસ’ના લોકપ્રિય ગીત ‘૧ ૨ ૩ ૪ ગેટ ઓન ધ ડાન્સ ફ્લોર ‘માં ખાસ ડાન્સ નંબર કરી ચૂકી છે. ઉપરાંત, તે ‘મૈદાન’માં અજય દેવગન સાથે પણ સ્ક્રીન શેર કરી ચૂકી છે.

ફિલ્મમાં મુખ્ય કલાકારો ઉપરાંત જોની લીવર, સંજય મિશ્રા, મુકેશ તિવારી અને અશ્વિની કાલસેકર પણ ફરી એકવાર જોવા મળશે, જે પોતાનાં કોમિક ટાઈમિંગથી ફિલ્મમાં વધુ મનોરંજન ઉમેરશે.હાલ ‘ગોલમાલ ૫’નું શૂટિંગ ચાલી રહ્યું છે અને નિર્માતાઓ ફિલ્મને ૨૦૨૭ની શરૂઆતમાં સિનેમાઘરોમાં રિલીઝ કરવાની યોજના બનાવી રહ્યા છે. આ વખતે અજય દેવગનની ટોળકી સામે પ્રિયામણીના વિલન અવતારથી કોમેડી અને ડ્રામાનો નવો અંદાજ જોવા મળશે.




# ફિલ્મમાંથી પોતાનાં પર હસતાં શીખી : સંજીદા શેખ

ટીવીની જાણીતી એક્ટ્રેસ સંજીદા શેખ પહેલી વખત લોકપ્રિય કોમેડી ફ્રેન્ચાઈઝી ‘ધમાલ ૪’માં જોડાઈ છે. ફિલ્મમાં જોડાવાનો પોતાનો અનુભવ શેર કરતાં તેણે કહ્યું કે આ ફિલ્મે તેને સૌથી મોટી શીખ એ આપી કે પોતાનાં પર હસતાં શીખવું જોઈએ. ફિલ્મમાં અંજલિ આનંદ પણ પ્રથમ વખત ફ્રેન્ચાઈઝીનો ભાગ બની છે, જ્યારે જુની ટીમ ફરી એકવાર નવા ટ્રેઝર હન્ટ પર નીકળતી જોવા મળશે. ‘ધમાલ ૪’ ૧૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. ફ્રેન્ચાઈઝીનો ભાગ બનવા અંગે સંજીદાએ કહ્યું, ‘‘મારી પ્રથમ પ્રતિક્રિયા માત્ર ઉત્સાહની હતી. ‘ધમાલ’ જેવી ફિલ્મનો ભાગ બનવાની મને ખૂબ ખુશી છે, કારણ કે આ ૫ વર્ષથી લઈને ૯૫ વર્ષની ઉંમરના દર્શકો સુધી સૌની પસંદગીની ફ્રેન્ચાઈઝી છે. ઈન્દ્ર સર સાથે કામ કરવાની તક મળવી પણ મારા માટે ખાસ છે. તેમની ફિલ્મ ‘ઈશ્ક’ મારી સૌથી ગમતી કોમર્શિયલ કોમેડી ફિલ્મોમાંની એક છે. તેથી આ અનુભવ મારા માટે ખરેખર અવિસ્મરણીય રહ્યો.’’ તેમણે વધુમાં જણાવ્યું, ‘‘લોકોને હસાવવું એક મોટી જવાબદારી છે. જો તમે તેમાં સફળ થાઓ તો એક કલાકાર તરીકે તે ખૂબ જ ખાસ અનુભવ હોય છે. આ ફિલ્મમાંથી મેં સૌથી મોટી શીખ એ મેળવી કે જો તમે પોતાની પર હસી શકો તો તમે બીજાને પણ હસાવી શકો. સમગ્ર કલાકારોએ આ ભાવનાને જીવંત કરી છે. સાચી કોમેડી અને કલાકારો વચ્ચેની અદ્ભુત કેમિસ્ટ્રીનું રહસ્ય પણ આ જ છે, જે દર્શકોને ‘ધમાલ ૪’માં જોવા મળશે.’’ આ ફિલ્મનું દિગ્દર્શન ઈન્દ્ર કુમારે કર્યું છે. ફિલ્મના નિર્માતા અજય દેવગન, ભુષણ કુમાર, કૃષ્ણ કુમાર, અશોક ઠાકેરિયા, ઈન્દ્ર કુમાર, આનંદ પંડિત અને કુમાર મંગત પાઠક છે. ‘ધમાલ ૪’ ૧૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ રિલીઝ થશે.




# દરેક શૂટિંગ શીડ્યુલ તમને કંઈક શીખવે છે

## રાશીએ અનીસ બઝમીની કોમેડી ફિલ્મનું શૂટિંગ પૂરું કર્યું

રાશી ખન્નાએ ડિરેક્ટર અનીસ બઝમીની આગામી કોમેડી ફિલ્મનું શૂટિંગ પૂરું કર્યું છે. આ ફિલ્મમાં અક્ષય કુમાર, વિદ્યા બાલન અને રાશી ખન્ના લીડ રોલમાં જોવા મળશે. આ અંગે રાશીએ સોશિયલ મીડિયા પર એક ભાવુક પોસ્ટ શેર કરી હતી, જેમાં તેણે શૂટિંગ દરમિયાન અનુભવેલા શારીરિક પડકારો અને મુશ્કેલ સમય દરમિયાન સાથ આપનાર તમામ લોકોનો આભાર માન્યો હતો. ફિલ્મ વિશે વધુ વિગતો જાહેર કર્યા વિના રાશીએ લખ્યું કે કેમેરા સામેના દ્રશ્યો કરતાં કેમેરાની પાછળના અનુભવો તેની સાથે વધુ સમય સુધી રહેશે.રાશીએ લખ્યું, ‘‘હું હંમેશાં માનું છું કે દરેક શૂટિંગ શીડ્યુલ તમને કંઈક શીખવી જાય છે. આ શીડ્યુલે મને સમજાવ્યું કે સાચી શક્તિ તમારી આસપાસનાં લોકોમાંથી મળે છે. શૂટિંગ દરમિયાન બીમાર પડવું સરળ નથી હોતું અને કેટલીક વખત મારે ખરેખર મારી જાતને આગળ વધવા બહુ ધકેલવી પડતી હતી. પરિવારનો એક ફોન કે યુનિટનાં કોઈ સભ્ય દ્વારા મારી તબિયત પૂછવામાં આવતી, તો આખો દિવસ હળવો લાગવા માંડતો. અમે એક્શન સીનનું શૂટિંગ કરી રહ્યાં હતાં, તેથી મને થોડા ઘા પણ લાગ્યા. મારું આ શીડ્યુલ સહેલું નહોતું, પરંતુ કરુણાભાવ અને સહયોગથી ભરેલું જરૂર હતું. જ્યારે હું આ શીડ્યુલ પૂરું થવા વિશે વિચારું છું ત્યારે થાક નહીં, પરંતુ કૃતજ્ઞતા યાદ આવે છે. કેમેરા બંધ થઈ જાય પછી પણ આવી યાદો જ હંમેશાં સાથે રહે છે.’’ હજુ આ ફિલ્મનું નામ જાહેર થયું નથી, જેમાં લાંબા સમય બાદ અનીસ અને અક્ષય ફરી એકવાર સાથે કામ કરી રહ્યા છે.

# મહાનાયકની એક જાજરમાન નાયિકા આજે કરોડોના વ્યવસાયની માલીકણ

**પોતાની અભિનય કારકિર્દીને શિખર પર છોડી દઇ આજે બોલિવૂડની ચમક-દમકથી દૂર બિઝનેસની ચમક રેલાવે છે**



મહાનાયક અમિતાભ બચ્ચનની સુદીર્ઘ ફિલ્મી કારકિર્દીમાં અનેક હીરોઇનો સાથે જોડી જમાવીને રૂપેરી પડદે નવાં સોપાનો સ્થાપ્યાં છે. અનેક નવી અને ઓછી જાણીતી હીરોઇનોને અમિતાભ સાથે ચમકવાનો ચાન્સ મળતાં તે રાતોરાત જાણીતી બની ગઇ હતી. આવી જ એક હીરોઇન હતી, પેરિઝાદ, જેણે પોતાની કારકિર્દીને શિખર પર છોડી દીધી હતી. હાલમાં તે ચમક અને ગ્લેમરથી દૂર રહીને કરોડોનો વ્યવસાય કરી રહી છે. પેરિઝાદે પોતાની ૩૩ વર્ષની ઉંમરે બોલિવૂડ છોડી દીધું હતું.

આપણે જે અભિનેત્રી વિશે વાત કરી રહ્યા છીએ તેનું આખું નામ પેરિઝાદ ઝોરાબિયન છે. એક સમય હતો જ્યારે તે ખૂબ જ પ્રખ્યાત બની હતી, પરંતુ કમનસીબે, પેરિઝાદ ગ્લેમરસ બોલિવૂડમાં પોતાના માટે વધુ સમય કોઈ સ્થાન બનાવી શકી ન હતી. બોલિવૂડ કોલિંગ નામની ફિલ્મ રિલીઝ થઈ. તેમાં નવીન નિશ્ચોલ અને ઓમ પુરી જેવા સ્ટાર્સ હતા, જેમની સાથે પેરિઝાદે ડેબ્યૂ કર્યું હતું.

જોકે આ ફિલ્મને વધારે સફળતા મળી ન હતી, પરંતુ તેણે ચોક્કસપણે ચર્ચા જગાવી હતી. પેરિઝાદે મોડેલિંગ અને ફેરનેસ ક્રીમની જાહેરાતોથી પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. તે ધીમે ધીમે ફિલ્મોમાં આગળ વધી અને પોતાનું ડેબ્યૂ કર્યું. બાદમાં પેરિઝાદે ઘણી ફિલ્મોમાં અભિનય કર્યો, પરંતુ તેની સૌથી યાદગાર ફિલ્મ અમિતાભ બચ્ચન સાથેનો તેમનો સહયોગ હતો. ૨૦૦૫ માં તેણે અમિતાભ બચ્ચન સાથે ફિલ્મ ‘‘એક અજનબી’’ માં અભિનય કર્યો. આ ફિલ્મમાં પેરિઝાદ સહિત ઘણા અન્ય સ્ટાર્સ પણ હતા.

પેરિઝાદને તેના અભિનય માટે પ્રશંસા મળી, પરંતુ ફિલ્મ તે ઈચ્છિત સફળતા પ્રાપ્ત કરવામાં નિષ્ફળ રહી હતી. હિન્દી સિનેમામાં પેરિઝાદની કારકિર્દી ટૂંકી પણ યાદગાર હતી. ૨૦૦૩ માં, તેણે વિક્ટર બેનરજી સાથે ‘‘જોગર્સ પાર્ક’’ નામની ફિલ્મમાં અભિનય કર્યો. આ ફિલ્મ સુભાષ ઘાઈ દ્વારા લખવામાં આવી હતી. આ પહેલાં પેરિઝાદે ટીવી પર પણ કામ કર્યું હતું.

ફિલ્મો ઉપરાંત, પેરિઝાદે ટેલિવિઝન પર પણ કામ કર્યું. ટીવી સિરિયલ ‘‘દિલ પરદેસી હો ગયા’’ માં અભિનય કર્યો. આ શોમાં તેણે મુખ્ય ભૂમિકા ભજવી હતી, જેની તે સમયે ખૂબ ચર્ચા થઈ હતી. તે કેટલાક અન્ય ટીવી શોમાં પણ દેખાઈ હતી. જોકે, ટીવી પછી, તેણી ઘણી અન્ય ફિલ્મોનો ભાગ હતી.

જોકે આ ફિલ્મો તેના માટે ખૂબ સફળ રહી ન હતી, પેરિઝાદ એવી અભિનેત્રીઓમાંની એક હતી જેની શૈલી અન્ય કરતા અલગ હતી. તેના દેખાવને કારણે તેને અંગ્રેજી ફિલ્મો માટે પણ ભલામણ કરવામાં આવી રહી હતી. ૨૦૦૪ માં, તેણે ચાઈનીઝ ફિલ્મ બાંદુંગ સોનાટામાં કામ કર્યું હતું, જેમાં તેણે ઈન્દિરા ગાંધીની ભૂમિકા ભજવી હતી.

૩૩ની ઉંમરે લગ્ન, પછી બોલિવૂડ છોડી દીધું

પેરિઝાદે પોતાની ફિલ્મ કારકિર્દી વચ્ચે ફિલ્મોને અલવિદા કરી દીધી હતી. જેને પગલે ઘણું આશ્ચર્ય પણ ફેલાયું હતું. ૨૦૦૬ માં પેરિઝાદે ૩૩ વર્ષની ઉંમરે ઉદ્યોગપતિ બોમન રુસ્તમ ઈરાની સાથે લગ્ન કર્યાં. એ પછી બોલિવૂડથી દૂર રહેવાનું નક્કી કર્યું. આ બોમન ઈરાની અભિનેતા બોમન ઈરાની નહોતા, તેઓ ઉદ્યોગપતિ હતા.



# ‘ધમાલ ૪’માં સતીશ કૌશિકની સરપ્રાઇઝે દર્શકોને ભાવુક કર્યા, ફિલ્મને મિશ્ર પ્રતિસાદ મળ્યો

## ફિલ્મમાં ધમાલ ૫ની અને બેલા ચાઓની સરપ્રાઈઝે દર્શકોને મજા કરાવી છે

અજય દેવગન, અર્શદ વારસી, રિતેશ દેશમુખ અને જાવેદ જાફરીની લોકપ્રિય કોમેડી ફ્રેન્ચાઈઝીની નવી ફિલ્મ ‘ધમાલ ૪’ રિલીઝ થઈ ગઈ છે. ફિલ્મની શરૂઆતથી જ નિર્માતાઓએ દર્શકોને એક ખાસ સરપ્રાઈઝ આપ્યું છે. સ્વર્ગસ્થ અભિનેતા સતીશ કૌશિકનું લોકપ્રિય પાત્ર ‘બટા ભાઈ’ સીજીઆઈ અને એઆઈ ટેક્નોલોજીની મદદથી ફરી જીવંત બનાવવામાં આવ્યું છે. ‘ડબલ ધમાલ’માં આ પાત્રે દર્શકોને ખૂબ હસાવ્યાં હતાં અને હવે ફિલ્મની શરૂઆતમાં એનિમેટેડ સીક્વન્સ દ્વારા તેમને શ્રદ્ધાંજલિ આપવામાં આવી છે. આ માટે ફિલ્મના ઓપનિંગ ક્રેડિટ્સમાં તેમના પત્ની શશી કૌશિકનો ખાસ આભાર પણ વ્યક્ત કરવામાં આવ્યો છે.

ફિલ્મમાં વધુ એક રસપ્રદ સરપ્રાઇઝ તરીકે ‘પૈસા લાઓ’ ગીત રજૂ કરવામાં આવ્યું છે, જે ઈટાલિયન લોકપ્રિય ગીત ‘બેલા ચાઓ’નું રિક્રિએટેડ વર્ઝન છે. ‘મની હાઈસ્ટ’ વેબ સિરીઝ બાદ વિશ્વભરમાં લોકપ્રિય બનેલા આ ગીતને તનિષ્ક બાગચીએ રીક્રિએટ કર્યું છે અને નીરજ શ્રીધરે અવાજ આપ્યો છે. બીજી તરફ ફિલ્મના અંતે આગામી ભાગ ‘ધમાલ ૫’ની પણ જાહેરાત કરવામાં આવી છે.

ફિલ્મમાં અજય દેવગન, રિતેશ દેશમુખ, અર્શદ વારસી, જાવેદ જાફરી અને સંજય મિશ્રા ઉપરાંત ઈશા ગુપ્તા, સંજીદા શેખ, અંજલી આનંદ, ઉપેન્દ્ર લિમયે, વિજય પાટકર અને રવિ કિશન પણ મહત્વના રોલમાં જોવા મળે છે. ઈન્દ્ર કુમારના દિગ્દર્શનમાં બનેલી આ ફિલ્મને લઈને સોશિયલ મીડિયા પર મિશ્ર પ્રતિસાદ જોવા મળી રહ્યો છે.

ઘણા દર્શકોએ ફિલ્મને પારિવારિક મનોરંજનથી ભરપુર ગણાવી છે. કેટલાકે તેને ‘લાફ રાયટ’, ‘પૈસા વસૂલ’ અને સંપૂર્ણ પરિવાર સાથે માણી શકાય તેવી ફિલ્મ ગણાવી છે. ખાસ કરીને અજય, રિતેશ, અર્શદ અને જાવેદ જાફરીની કોમિક ટાઈમિંગ તેમજ ફિલ્મનાં પ્રથમ ભાગના વખામ થઈ રહ્યા છે. કેટલાક દર્શકોએ ફિલ્મને ‘ટોટલ ધમાલ’ કરતાં વધુ સારી ગણાવી છે.

જોકે બીજી તરફ ફિલ્મની સ્ક્રિપ્ટ, બીજા ભાગની ગતિ, વીએફએક્સ અને એઆઈથી બનાવાયેલા સીનની પણ ભારે ટીકા થઈ રહી છે. સોશિયલ મીડિયા પર કેટલાક દર્શકોએ લખ્યું છે કે ફિલ્મનો પહેલો ભાગ મજા કરાવે છે, પરંતુ ઈન્ટરવલ બાદ વાર્તા નબળી પડી જાય છે. અનેક લોકોએ એઆઈ શોટ્સને ‘સસ્તા’ અને ‘આંખોને ખટકે એવા’ ગણાવ્યાં છે, જ્યારે કેટલાકે કહ્યું કે ફિલ્મમાં ઘણા જોક્સ અસરકારક હોવા છતાં કેટલાંક સીન બળજબરીથી ઉમેરાયેલા લાગે છે.

ફિલ્મ સમીક્ષકોના મતે ‘ધમાલ ૪’માં કંઈ જ નવું નથી. ફિલ્મની વાર્તા અને કોમેડી બંનેમાં જુની ફોર્મ્યુલા જ ફરી ઉપયોગમાં લેવાઈ છે. ફિલ્મના ગીતોમાં પણ ‘ગુલાબી સાડી’ અને ‘ગિલોરી બિના ચટણી’ જેવા રિક્રિએટેડ ગીતોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ફિલ્મમાં એક્ટિંગ માટે પણ મિશ્ર પ્રતિસાદ મળ્યો છે. રિતેશ દેશમુખ સૌથી વધુ પ્રભાવિત કરે છે, જ્યારે અજય દેવગન થોડો નિરસ દેખાય છે. અર્શદ વારસી અને જાવેદ જાફરી તેમની જુની જાદુઈ કેમિસ્ટ્રી ફરી ઉભી કરવામાં નિષ્ફળ રહ્યા છે, જ્યારે અંજલી આનંદ અને સંજીદા શેખને પણ ખાસ અસરકારક પાત્રો મળ્યા નથી.

એકંદરે, ‘ધમાલ ૪’ દર્શકો માટે હાસ્ય, નોસ્ટેલ્જિયા અને ભાવનાત્મક સરપ્રાઇઝનું મિશ્રણ લઈને આવી છે. સતીશ કૌશિકને અપાયેલી શ્રદ્ધાંજલિ અને ‘ધમાલ ૫’ની જાહેરાત ફિલ્મના સૌથી યાદગાર પાસાં બની રહ્યા છે, જ્યારે ફિલ્મની કોમેડી, લેખન અને ટેક્નિકલ પાસાંને લઈને દર્શકોમાં મતભેદ જોવા મળી રહ્યાં છે.



# દિલજિતની ‘અમરસિંહ ચમકિલા’ એમી એવોર્ડ્ઝમાં નોમિનેટ થઈ

દિલજિત દોસાંજની કેરિઅરમાં વધુ એક સિદ્ધિ ઉમેરાઈ છે, તેને અમરસિંહ ચમકિલા માટે ૨૦૨૫ના ઈન્ટરનેશનલ એમી એવોર્ડ્ઝ માટે બે કેટેગરીમાં નોમિનેશન મળ્યું છે. આ એક બાયોગ્રાફિકલ ડ્રામા ફિલ્મ હતી, જે હવે એમી એવોર્ડ્ઝમાં બેસ્ટ ટીવી મુવી- મિનિ સિરીઝ કેટેગરીમાં નોમિનેટ થઈ છે. જ્યારે બીજું નોમિનેશન દિલિજત દોસાંજને પોતાને બેસ્ટ એક્ટર કેટેગરીમાં નોમિનેશન મળ્યું છે. તેની સાથે આ કેટેગરીમાં દિલજિત ઉપરાંત ડેવિડ મિચેલ, ઓરિઓલ પ્લા અને ડિએજીઓ વેસ્ક્વેઝ જેવા કલાકારો પણ નોમિનેટ થયા છે. આ કેટેગરીમાં કોને બેસ્ટ એક્ટરનો એવોર્ડ મળે છે, તેની ઘણી આતુરતા રહે છે. ત્યારે દિલજિતનું નોમિનેશન એ દર્શાવે છે કે પ્રાદેશિક કે સ્થાનિક વાર્તાઓ પણ ગ્લોબલ ઓડિયન્સના મનને સ્પર્શી શકે છે. ૨૫ સપ્ટેમ્બરે ઈન્ટરનેશનલ એમીઝની વેબસાઈટ પર આ યાદી જાહેર કરવામાં આવી હતી. ત્યારે આ સિદ્ધિ અંગે પોતાનો અભિપ્રાય વિનમ્ર રાખીને તેણે મૂળ ગાયક અને ફિલ્મના ડિરેક્ટર ઈમ્તિઆઝ અલીને ફિલ્મી સફળતાની ક્રેડિટ આપી છે. તેણે આ અંગે એક પોસ્ટ કરી છે. એક ઈન્ટરવ્યુમાં આ સિદ્ધિ અંગે ઈમ્તિઆઝ અલીએ જણાવ્યું કે, ‘‘અમરસિંહ ચમકિલા બે એવોર્ડ માટે નોમિનેટ થઈ છે, તે સમચાર અમારા સુધી પહોંચાડવા માટે આભાર, દિલજિત દોસાંજને બેસ્ટ એક્ટર તરીકે અને બીજો ચમકીલાને બેસ્ટ ફિલ્મ તરીકે.

# ભારતીય મહિલા ક્રિકેટ ટીમે ટેસ્ટ મેચ જીતીને ઇતિહાસ સર્જ્યો

## યાસ્તિકા ભાટીયાની સદી, બોલિંગમાં કમાલ કરનારી ક્રાંતિ ગૌડ પ્લેયર ઓફ ધ મેચ

ક્રિકેટના કાશી ગણાતા અને ઐતિહાસિક લોર્ડ્ઝ ખાતે હરમનપ્રિત કૌરનું નેતૃત્વ ધરાવતી ભારતીય વિમેન્સ ટીમે સોમવારે ઇતિહાસ સર્જીને યજમાન ઈંગ્લેન્ડને ૨૭૦ રનના વિશાળ માર્જીનથી હરાવ્યું હતું. આ મેદાન પર પ્રથમ ટેસ્ટ જીતવા માટે પુરુષોની ભારતીય ટીમને દાયકાઓ લાગ્યા હતા તે જ મેદાન પર મહાન સચિન તેંડુલકરની ઉપસ્થિતિમાં ભારતની મહિલા ટીમે પહેલી જ વાર રમીને ટેસ્ટ જીતી લીધી હતી. અને, તેમાંય આ મેચમાં દરેક પાસાંમાં ભારતનું વર્ચસ્વ રહ્યું હતું.

અહીં રમાયેલી ટેસ્ટમાં ભારતીય ટીમે રવિવારે ઈંગ્લેન્ડને જીતવા માટે ૪૫૭ રનના કપરો ટારગેટ આપ્યો હતો પરંતુ અંગ્રેજ ટીમ જરાય લડત આપી શકી ન હતી અને સોમવારે લંચ અગાઉ તેઓ ૧૮૬ રનના કુલ સ્કોરે પેવેલિયન ભેગા થઈ ગયા હતા. ભારત માટે આ મેચમાં યાસ્તિકા ભાટીયાએ સદી ફટકારી હતી અને ક્રાંતિ ગૌડે પહેલી ઈનિંગ્સમાં પાંચ સહિત મેચમાં સાત વિકેટ ખેરવી હતી. ક્રાંતિ ગૌડને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાઈ હતી.

આ સાથે લોર્ડ્ઝ ખાતે ટેસ્ટ જીતનારી ભારતીય ટીમ પ્રથમ મહિલા ટીમ બની હતી તો આ જ મેચમાં સદી ફટકારનારી યાસ્તિકા ભાટીયા પ્રથમ વિમેન્સ ક્રિકેટર બની હતી. ભારતની ઝડપી બોલર ક્રાંતિ ગૌડે પહેલી ઈનિંગ્સમાં પાંચ વિકેટ ખેરવીને લોર્ડ્ઝના ઓનર્સ બોર્ડમાં નામ નોંધાવ્યું હતું. આ મેચ નિહાળવા ભારતના મહાન ક્રિકેટર સચિન તેંડુલકર અને આઈસીસીના ચેરમેન જય શાહે હાજરી આપી હતી અને આ ઐતિહાસિક સિદ્ધિના સાક્ષી બન્યા હતા.




ચોથા દિવસે સવારના સત્રમાં જીત માટે ભારતને માત્ર ચાર વિકેટની જરૂર હતી ત્યારે ઈંગ્લેન્ડે થોડો પ્રતિકાર કર્યો હતો. ખાસ કરીને સોફી એકલેસ્ટને મક્કમતાપૂર્વક અડધી સદી ફટકારી હતી. તેણે ૬૬ બોલમાં ૫૦ રન ફટકાર્યા હતા. એકેસલ્ટનને અંતિમ વિકેટો માટે એમી જોન્સ, ઈસ્સી વોંગ અને લૌરન ફિલરે મહત્વનો ટેકો આપ્યો હતો. તેમાં ય અંતિમ વિકેટ માટે એકેલસ્ટન અને ફિલરે આઠ ઓવર સુધી બેટિંગ કરી હતી અને ભારતીય બોલર્સને લડત આપી હતી. છેલ્લે સ્નેહ રાણાએ ભારતને અંતિમ સફળતા અપાવી હતી.

ભારતની મહિલા ક્રિકેટર યાસ્તિકા ભાટીયાએ હાલમાં રમાયેલી ઈંગ્લેન્ડ વિમેન્સ સામેની ટેસ્ટ મેચમાં સદી ફટકારી હતી. આ સાથે લોર્ડ્ઝના ઐતિહાસિક મેદાન પર સદી ફટકારનારી તે પ્રથમ મહિલા ક્રિકેટર બની છે. ભારત તરફથી આ મેદાન પર મેન્સ અને વિમેન્સ ક્રિકેટમાં મળીને ૧૪ સદી જોવા મળી છે.

લોર્ડ્ઝ પર સદી ફટકારનારા ભારતીય મેન્સ અને વિમેન્સ ક્રિકેટર. વિનુ માંકડ (૧૮૪, ૧૯૫૨), ગુંડપ્પા વિશ્વનાથ (૧૧૩, ૧૯૭૯), દિલીપ વેંગસરકર ૧૦૩, ૧૫૭ અને ૧૨૬★ (૧૯૭૯, ૧૯૮૨, ૧૯૮૬), મોહમ્મદ અઝહરુદ્દીન (૧૨૧, ૧૯૯૦), રવિ શાસ્ત્રી (૧૦૦, ૧૯૯૦), સૌરવ ગાંગુલી (૧૩૧, ૧૯૯૬), અજિત અગરકર (૧૦૯★, ૨૦૦૨), રાહુલ દ્રવિડ (૧૦૩★, ૨૦૧૧), અજિંક્ય રહાણે (૧૦૩, ૨૦૧૪), કે એલ રાહુલ ૧૨૯ અને ૧૧૦ (૨૦૨૧, ૨૦૨૫), યાસ્તિકા ભાટીયા (૧૧૩, ૨૦૨૬).

# વર્લ્ડ કપ સેમિફાઇનલ : એમ્બાપ્પે-યામલ, મેસ્સી-હેરી કેન વચ્ચે જંગ

## ફિફા ફૂટબોલમાં હવે ફ્રાન્સ અને સ્પેન તથા આર્જેન્ટિના અને ઇંગ્લેન્ડના મુકાબલા રોમાંચક રહેશે

ફિફા ફૂટબોલ વર્લ્ડ કપ ૨૦૨૬માં આ વખતે સેમિફાઈનલ લાઈન-અપ યાદગાર બની ગઈ છે કેમ કે તેમાં વર્લ્ડ ફૂટબોલ ક્રમાંકની મોખરાની ચાર ટીમે પ્રવેશ કર્યો છે. ચાર ભૂતપૂર્વ ચેમ્પિયન અને વિશ્વની ટોચની ચાર રેન્કિંગ ધરાવતી ટીમો તેમાં સામેલ છે. છમાંથી પાંચ ટોચના સ્કોરર્સ, એક સર્વકાલીન મહાન ખેલાડી અને ફૂટબોલની સૌથી કટ્ટર દુશ્મનાવટ ધરાવતી ટીમો હવે આમને-સામને થનારી છે.આર્જેન્ટિના, સ્પેન, ફ્રાન્સ અને ઈંગ્લેન્ડ હાલમાં ફિફા રેન્કિંગમાં ટોચની ચાર ટીમ તરીકે આ ટુર્નામેન્ટમાં પ્રવેશી હતી. તેઓ હવે વર્લ્ડ ચેમ્પિયન બનવાથી માત્ર બે જીત દૂર છે. સેમિફાઈનલના બંને મુકાબલા એટલા રોમાંચક છે કે કઈ ટીમ જીતશે તે કહેવું મુશ્કેલ છે. મંગળવારે ટેક્સાસના અર્લિંગ્ટન ખાતે ફ્રાન્સનો સામનો સ્પેન સામે થશે અને બુધવારે એટલાન્ટામાં ઈંગ્લેન્ડનો સામનો આર્જેન્ટિના સામે થશે. આ ચારેય ટીમમાં એક એક મહાન ખેલાડી છે જેમની આમને સામને ટકકર રસપ્રદ બની રહેશે.આ ચાર ખેલાડીમાં કિલિયાન એમ્બાપ્પે, યામલ, હેરી કેન અને આ ટુર્નામેન્ટનો સૌથી સફળ લિયાનોલ મેસ્સી સામસામે રમશે. ૧૯૯૦ બાદ આ પહેલીવાર છે જ્યારે વર્લ્ડ કપની અંતિમ ચાર ટીમો સંપૂર્ણપણે ભૂતપૂર્વ વિજેતાઓથી બનેલી છે. તે સમયે પણ ઈંગ્લેન્ડ અને આર્જેન્ટિના સેમિફાઈનલમાં હતા. જોકે તેઓ એકબીજા સામે રમ્યા ન હતા. તે સમયે પણ અત્યારની માફક આર્જેન્ટિના ડિફેન્ડિંગ ચેમ્પિયન હતું. અગાઉ ૧૯૮૬માં તેણે જર્મનીને હરાવ્યું હતું. જોકે ૧૯૯૦માં તે ફાઈનલમાં



જર્મની સામે હારી ગયું હતું.આર્જેન્ટિનાએ ઈંગ્લેન્ડ સામે એક એવી મેચ જીતવી પડશે જે ફૂટબોલના મેદાનની બહાર પણ એક તીવ્ર દુશ્મનાવટ ધરાવે છે, જેમાં ૧૯૮૨ના ફોકલેન્ડ આઈલેન્ડ્સના સંઘર્ષને કારણે રહેલા તણાવનો પણ સમાવેશ થાય છે. મેદાન પર વર્લ્ડ કપ દરમિયાન બંને ટીમો વચ્ચે અનેકવાર તણાવ જોવા મળ્યો છે. આર્જેન્ટિનાના કેપ્ટન એન્ટોનિયો રેટિનનુ શનિવાર નિધન થયું હતુ અને ૧૯૬૬માં તેમને ઈંગ્લેન્ડ સામેની ક્વાર્ટર ફાઈનલ મેચમાંથી બહાર કાઢી મૂકવામાં આવ્યા હતા. તે સમયે ઈંગ્લેન્ડના મેનેજર આલ્ફ રામસેએ ૧-૦ની જીત પછી તેમના ખેલાડીઓને વિરોધીઓ સાથે જર્સી બદલતા અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. તેના ૨૦ વર્ષ બાદ ૧૯૮૬માં ડિએગો મેરાડોનાના કુખ્યાત "હેન્ડ ઓફ ગોડ" ગોલે આર્જેન્ટિનાને ક્વાર્ટર ફાઈનલમાં ઈંગ્લેન્ડ સામે ૨-૧થી જીત અપાવવામાં મદદ કરી હતી અને અંતે તેઓ ટ્રોફી જીત્યા હતા.ફ્રાન્સ અને સ્પેન એક મોટી ટુર્નામેન્ટની સેમિફાઈનલમાં ફરી મળી રહ્યા છે, જે યુરોપિયન ચેમ્પિયનશિપના બે વર્ષ બાદ થઈ રહ્યું છે. સ્પેન ત્યારે ૨-૧થી જીત્યું હતું, જેમાં ૧૬ વર્ષીય લેમિન યામલે ગોલ કર્યો હતો અને ત્યારબાદ ફાઈનલમાં ઈંગ્લેન્ડને હરાવીને ટ્રોફી જીતી હતી. તે ટુર્નામેન્ટમાં કિલિયન એમ્બાપ્પેનું પ્રદર્શન નાકની ઈજાને કારણે મર્યાદિત હતું, બે વર્ષ બાદ ફ્રાન્સને આ વર્લ્ડ કપની સૌથી પ્રભાવશાળી ટીમ માનવામાં આવે છે, જેમાં આક્રમક પ્રતિભાનો ભંડાર છે અને ફ્રાન્સના 'બેસ્ટિલ ડે' (સ્વતંત્રતા દિવસ) પર રમાનારી સેમિફાઈનલ અગાઉ એમ્બાપ્પે સંયુક્ત રીતે ટોચના સ્કોરર છે.

# રોહિત શર્મા પાસે વર્લ્ડ રેકોર્ડ બનાવવાની સુવર્ણ તક

## બ્રેડમેન બાદ ઇંગ્લેન્ડની ધરતી પર ૧૦ સદીનો મહારેકોર્ડ બનાવવા રોહિત શર્માને માત્ર ૧ સદીની જરૂર

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે બર્મિંગહામના એજબેસ્ટન ખાતે રમાનારી પ્રથમ વન-ડે મેચથી ભારતીય સ્ટાર ઓપનર રોહિત શર્મા માટે ઈતિહાસ રચવાની સુવર્ણ તક શરૂ થઈ રહી છે.

ટી-૨૦ સિરીઝમાં મળેલી હાર બાદ ભારતીય ટીમ વન-ડે શ્રેણી જીતવા માટે મેદાને ઉતરશે, જેમાં કેપ્ટન રોહિત શર્મા પાસે કુલ ૧૧ મહારેકોર્ડ્સ બનાવવાની તક રહેશે. જો રોહિત આ શ્રેણીમાં માત્ર એક સદી ફટકારે છે, તો તે મહાન બેટ્સમેન ડોન બ્રેડમેન પછી ઈંગ્લેન્ડની ધરતી પર ૧૦ સદી ફટકારનાર વિશ્વનાં બીજા વિદેશી બેટ્સમેન બની જશે.



આ ઉપરાંત, ભારતીય ઓપનર તરીકે સૌથી વધુ વન-ડે સદીનો રેકોર્ડ બનાવવા માટે અને ૩૯ વર્ષની ઉંમરે વન-ડે સદી ફટકારનાર પ્રથમ ભારતીય ખેલાડી બનવા માટે પણ તેને માત્ર એક જ સદીની જરૂર છે.રોહિત શર્મા માટે ઈંગ્લેન્ડની ધરતી પર આ આખરી શ્રેણી હોવાનું માનવામાં આવી રહ્યું છે, જેથી ચાહકો તેની પાસેથી ધમાકેદાર પ્રદર્શનની આશા રાખી રહ્યાં છે. વન-ડે ક્રિકેટમાં પોતાનાં ૧૨,૦૦૦ રન પૂરા કરવા માટે રોહિતને હવે માત્ર ૮૦ રનની જરૂર છે.આ સિવાય, સેના (SENA) દેશો સામે ૯,૦૦૦ રન બનાવનાર એકમાત્ર એશિયન ઓપનર બનવા માટે ૬૯ રન અને ટીમની જીતમાં ઓપનર તરીકે સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ પોતાનાં નામે કરવા માટે તેને માત્ર ૪૯ રનની જરૂર છે.સિક્સર કિંગ તરીકે જાણીતાં રોહિતને ઈંગ્લેન્ડ સામે સૌથી વધુ છગ્ગા લગાવવા ૧ સિક્સરની અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સેના દેશો સામે સૌથી વધુ છગ્ગા ફટકારવા માટે માત્ર ૩ સિક્સરની જરૂરિયાત છે.

# 'વર્લ્ડ ચેમ્પિયન' કેપ્ટન માટે બીસીસીઆઈના દરવાજા ખુલ્લા

સૂર્યકુમાર યાદવની ટીમ ઈન્ડિયામાં વાપસી થઈ શકે છે. એક ન્યૂઝ એજન્સીના સૂત્રએ જણાવ્યું કે સૂર્યા માટે દરવાજા હજુ પણ ખુલ્લા છે. જોકે તે હજુ ટીમની યોજનાનો ભાગ નથી. જો તે ઘરેલું ક્રિકેટમાં સતત રન બનાવશે, તો વાપસી શક્ય છે.ટીમ ઈન્ડિયાને વર્લ્ડ ચેમ્પિયન બનાવનાર કેપ્ટન સૂર્યાને ખરાબ ફોર્મના કારણે આયર્લેન્ડ અને ઈંગ્લેન્ડના પ્રવાસમાંથી બહાર કરી દેવામાં આવ્યો હતો. તેમની પાસેથી કેપ્ટનશીપ પણ છીનવી લેવામાં આવી હતી. તેમની જગ્યાએ BCCIએ શ્રેયસને નવો ટી-૨૦ કેપ્ટન બનાવ્યો છે.સૂર્યાએ ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ની ૯ ઈનિંગ્સમાં ૨૪૨ રન બનાવ્યા. તેણે માત્ર એક ફિફ્ટી ફટકારી. સૂર્યાનું ખરાબ ફોર્મ IPL ૨૦૨૬માં પણ ચાલુ રહ્યું.



તે ૧૩ ઈનિંગ્સમાં માત્ર ૨૭૦ રન જ બનાવી શક્યો. તેની સરેરાશ ૨૦.૭૬ રહી. સૂર્યા સિઝનમાં માત્ર ૨ ફિફ્ટી ફટકારી શક્યો.શ્રેયસની કપ્તાનીમાં ભારત સતત બે ટી-૨૦ સિરીઝ હાર્યું. પહેલા આયર્લેન્ડ સામે ૨-૦થી હાર મળી. આ આયર્લેન્ડની ભારત સામેની પ્રથમ સિરીઝ જીત હતી. ત્યારબાદ ઈંગ્લેન્ડે ૫ મેચની ટી-૨૦ સિરીઝમાં ૪-૦થી હરાવ્યું. સૂર્યાની કપ્તાની ગયા પછી ભારત એક પણ મેચ જીતી શક્યું નથી.સૂર્યકુમાર યાદવની કપ્તાનીમાં ભારતે આ જ વર્ષે ૮ માર્ચે ટી-૨૦ વર્લ્ડ કપ જીત્યો હતો. આ જીત સાથે ભારત પોતાના ટાઈટલનો બચાવ કરનાર અને સતત બે ટી-૨૦ વર્લ્ડ કપ જીતનાર દુનિયાનો પ્રથમ દેશ બન્યો. મહત્વની વાત એ છે કે સૂર્યાની કેપ્ટનશિપમાં ભારત એક પણ સિરીઝ હાર્યું નથી.સૂર્યકુમારે ૧૧૩ મેચમાં ૩૨૭૨ રન બનાવ્યા છે. તેમની સરેરાશ ૩૬.૩૫ અને સ્ટ્રાઈક રેટ ૧૬૨.૯૪ રહ્યો છે. સૂર્યકુમારના નામે ૪ સદી અને ૨૫ અડધી સદી નોંધાયેલી છે. તેમનો સર્વશ્રેષ્ઠ સ્કોર ૧૧૭ રન છે. સૂર્યાએ ૨૯૭ ચોગ્ગા, ૧૭૯ છગ્ગા ફટકાર્યા છે. તેમણે ૫૮ કેચ પણ લીધા છે.

# પંજાબી રેસલરના એક લાફાથી WWE ચેમ્પિયન ઢળી પડ્યો

## બેભાન થયા પછી ઊભો જ ના થઇ શક્યો; જીત સાથે મહાબલી શેરાએ ટી-શર્ટ કાઢી હવામાં લહેરાવી

પંજાબના ફિરોઝપુરના રેસલર અમનપ્રીત સિંહે પાવર સ્લેપ કોમ્પિટિશનમાં ઉઉઈના પૂર્વ વર્લ્ડ હેવીવેઈટ ચેમ્પિયન જેક હેજરને એક થપ્પડમાં બેભાન કરી દીધો. જેક હેજર પહેલા બે રાઉન્ડમાં આગળ હતો, પરંતુ ત્રીજા રાઉન્ડમાં શેરાની એક જોરદાર થપ્પડે તેમને નોકઆઉટ કરી દીધો હતો.




જીત્યા પછી મંચ પર જ શેરાએ પોતાની ટી-શર્ટ કાઢીને લહેરાવીને ઉજવણી કરી. જ્યારે હેજરને કારકિર્દીની પ્રથમ નોકઆઉટ હારનો સામનો કરવો પડ્યો. પાવર સ્લેપ ૨૧નો આ મુકાબલો ૧૦ જુલાઈ ૨૦૨૬ના રોજ લાસ વેગાસમાં થયો હતો.

અમનપ્રીત સિંહ આ પહેલા ટી.એન.એ. રેસલિંગ, ડબલ્યુ.ડબલ્યુ.ઈ. એન.એક્સ.ટી. અને ઓ.વી.ડબલ્યુ. હેવીવેઈટમાં રમી ચૂક્યો છે. તેઓ રિંગમાં મહાબલી શેરાના નામથી પ્રખ્યાત છે.

દિલજીત દોસાંઝના ગીત પર એન્ટ્રી લીધી: શેરાએ સ્ટેડિયમમાં પંજાબી સિંગર દિલજીત દોસાંઝના ગીત 'બદલે જટ્ટાં દે પુત્ત ની ગિણ-ગિણ કે સોહણિયે લેંદે' સાથે એન્ટ્રી કરી હતી. આ પછી શેરાએ લોકો તરફ હાથ હલાવીને બધાનું સ્વાગત કર્યું. આ દરમિયાન શેરા આત્મવિશ્વાસમાં જોવા મળ્યો.

તિરંગો ઓઢીને પહોંચ્યો, માથાથી ચૂમીને સ્ટેજ પર ગયો: સ્ટેડિયમમાં એન્ટ્રી સમયે શેરાએ પોતાની પીઠ પર તિરંગો રાખ્યો હતો. તિરંગા સાથે પહોંચેલા શેરાને જોતા જ સ્ટેડિયમ શેરા-શેરાના અવાજથી ગુંજી ઉઠ્યું. શેરાએ આવતા જ પોતાના કોચ સાથે હાથ મિલાવ્યો અને આ પછી પીઠ પરથી તિરંગાને હાથમાં લેતા ફોલ્ડ કર્યો અને પછી માથાથી લગાવીને સહયોગીને પકડાવી દીધો.

હાથ ઉંચો કરીને પહેલેથી જ જીત પર મહોર લગાવી: સ્ટેજ પર પહોંચતા પહેલા શેરાએ હાથ ઉંચો કરીને એક આંગળી બતાવીને પોતાની જીતને પહેલેથી જ નક્કી જણાવી દીધી. લોકો તરફ જોતા શેરાએ હાથ ઉપર ઉઠાવી રાખ્યો અને થોડીવાર આમતેમ ફર્યા પછી સ્ટેજને ચુંબન કરીને રિંગમાં ચાલ્યો ગયો.

# આજે બદલાયેલા ફોર્મેટમાં, કોહલી-રોહિતના આગમનથી ભારતની સ્થિતિ પણ બદલાશે

## ભારત-ઇંગ્લેન્ડ વચ્ચે આજે પ્રથમ વન-ડે, બપોરે ૩.૩૦થી પ્રારંભ

અનુભવી વિરાટ કોહલી, રોહિત શર્મા અને જસપ્રિત બુમરાહના આગમન સાથે મજબૂત બની ગયેલી ભારતીય ક્રિકેટ ટીમ હવે ટી૨૦ને સ્થાને બદલાયેલા ફોર્મેટમાં વન-ડેમાં ઈંગ્લેન્ડ સામે ત્રણ મેચની સિરીઝ રમશે ત્યારે ફોર્મેટની સાથે સાથે તેનું નસીબ પણ પલટાય તેવી અપેક્ષા રાખશે. ઈંગ્લેન્ડ સામે પાંચ મેચની ટી૨૦માં વ્હાઈટોશનો સામનો કર્યા બાદ ભારત હવે મંગળવારે ઈંગ્લેન્ડ સામે પ્રથમ વન-ડે મેચ રમશે. ભારતીય સમય મુજબ બપોરે ૩.૩૦ કલાકે મેચનો પ્રારંભ થશે.



મંગળવારે અહીંના એજબસ્ટન ખાતે રમાનારી મેચ સાથે ત્રણ મેચની સિરીઝનો પ્રારંભ થશે. અનુભવી ખેલાડીઓ વિરાટ કોહલી, રોહિત શર્મા અને જસપ્રિત બુમરાહે માત્ર પોતાના માટે જ નહીં, પરંતુ ઉત્સાહમાં રહેલી ઈંગ્લેન્ડની ટીમ સામે ભારતીય ટીમના નબળા પડેલા મનોબળને ઉપર લાવવામાં પણ મુખ્ય ભૂમિકા ભજવવી પડશે.

ટી૨૦ ક્રિકેટની વધતી જતી લોકપ્રિયતા વચ્ચે દ્વિપક્ષીય વન-ડે સિરીઝ પોતાનું મહત્વ અને આકર્ષણ ગુમાવી રહી છે આ ત્રણ સ્ટાર ખેલાડીઓ એક સાથે ફરી આ ફોર્મેટમાં પરત ફર્યા છે. ૩૯ વર્ષનો રોહિત અને ટૂંક સમયમાં ૩૮ વર્ષના થનારા કોહલીના મનમાં હજી પણ રમત પ્રત્યેનો જુસ્સો અકબંધ છે અને તેઓ વન-ડે વર્લ્ડ કપમાં શાનદાર વિદાય લેવાના લક્ષ્ય સાથે મેદાનમાં ઉતરશે. ભારતીય ઉપખંડની સપાટ પિચોની સરખામણીએ ઈંગ્લેન્ડની પિચો પર જોફરા આર્ચર અને જોશ ટંગનો સામનો કરવો એક અલગ જ પડકાર છે. પરંતુ આ જોડીએ વર્ષો દરમિયાન ઈંગ્લેન્ડના બોલરો સામે એટલા રન ફટકાર્યા છે કે તેઓ જાણે છે કે તેમની પાસેથી શું અપેક્ષા રાખવામાં આવે છે. પરંતુ શ્રેયસ ઐયરના નેતૃત્વમાં ભારતીય ટીમ આ પ્રવાસમાં સાતમાંથી છ ટી૨૦ મેચ હારી ગઈ છે, તે જોતાં આ સિરીઝમાં તેમની હાજરી ચોક્કસપણે વધુ મહત્વ ધરાવે છે. એકમાત્ર મેચ જે તેઓ હાર્યા ન હતા તે વરસાદને કારણે રદ કરવામાં આવી હતી. આયર્લેન્ડ સામે ૦-૨ની હાર અને ઈંગ્લેન્ડ સામે ૦-૪ના કારમા પરાજયે ઘણી સમસ્યાઓ સર્જી છે, જેને પગલે બીસીસીઆઈએ પ્રદર્શનની સમીક્ષા કરવાની માંગ કરી છે.આ પૃષ્ઠભૂમિમાં, ટીમ મેનેજમેન્ટ આ બે દિગ્ગજ ખેલાડીઓ માટે પણ કપરી રહેનારી સિરીઝમાં તેમને બગડતી પરિસ્થિતિને સુધારવા માટે ખુલ્લા દિલથી આવકારવા મજબૂર થશે. વન-ડે સિરીઝમાં જીત ટી૨૦ ટીમના વિનાશક પ્રદર્શનની ખામીઓને સંપૂર્ણપણે છુપાવી શકતી નથી પરંતુ તે ચોક્કસપણે આત્મવિશ્વાસ વધારનારી સાબિત થશે.

# ઇંગ્લેન્ડ સામેની વન-ડે શ્રેણી પહેલાં ગિલે કહ્યું - 'કિંગ' અને 'હિટમેન' ભારતીય બેટિંગની કરોડરજ્જુ, તેમનો અનુભવ ટીમ માટે અમૂલ્ય

ભારતીય વન-ડે ટીમનાં કેપ્ટન શુભમન ગિલે સ્પષ્ટ કર્યું છે કે વિરાટ કોહલી અને રોહિત શર્મા ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપ માટે ભારતની યોજનાઓનો મહત્વનો હિસ્સો રહેશે. ઈંગ્લેન્ડ સામે બર્મિંગહામમાં રમાનારી પ્રથમ વન-ડે મેચ પહેલાં મીડિયા સાથે વાતચીત કરતાં ગિલે આ બંને દિગ્ગજ બેટ્સમેનોના ભવિષ્યને લઈને ચાલી રહેલી તમામ અટકળો પર પૂર્ણવિરામ મૂક્યું હતું. તેણે ભારપૂર્વક જણાવ્યું કે ટીમમાં આ બંને વરિષ્ઠ ખેલાડીઓનું સ્થાન અત્યારે ચર્ચાનો વિષય નથી અને તેઓ ટીમની યોજનાઓમાં યથાવત છે.



શુભમન ગિલે જણાવ્યું કે વિરાટ ભાઈ અને રોહિત ભાઈ છેલ્લાં એક દાયકાથી ભારતીય બેટિંગ લાઈનઅપની કરોડરજ્જુ રહ્યાં છે અને તેઓ ટીમનો અભિન્ન અંગ રહેશે. ગીલે ઉમેર્યું કે મુશ્કેલ અને દબાણભરી પરિસ્થિતિઓમાં તેમનો બહોળો અનુભવ ટીમ માટે અમૂલ્ય સાબિત થાય છે.જ્યારે તમારી ટીમમાં આવા અનુભવી ખેલાડીઓ હોય છે, ત્યારે દબાણની સ્થિતિમાં પણ ટીમમાં શાંતિ અને સ્થિરતા જળવાઈ રહે છે, કારણ કે તેઓ આવી પરિસ્થિતિઓનો ભૂતકાળમાં ઘણી વાર સામનો કરી ચૂક્યાં છે.

આ દરમિયાન ગિલે એ વાત પર પણ ભાર મૂક્યો કે ભારત ૨૦૨૭ના વર્લ્ડ કપ માટે નવી જોડીઓ અને યુવા ખેલાડીઓને અજમાવી રહ્યું છે, પરંતુ આ પ્રક્રિયા ટીમનાં મુખ્ય માળખાને નુકસાન પહોંચાડ્યા વિના કરવામાં આવશે.

તાજેતરમાં મુખ્ય પસંદગીકાર અજીત અગરકરે પણ કહ્યું હતું કે વરિષ્ઠ ખેલાડીઓને દરેક શ્રેણીમાં કસોટી પર ન ચડાવવા જોઈએ. કેપ્ટન ગિલનું માનવું છે કે રોહિત અને વિરાટની હાજરીથી મળતી સ્થિરતાની વચ્ચે યુવા ખેલાડીઓને ટીમમાં સામેલ કરીને ભવિષ્ય માટે તૈયાર કરવા સરળ બનશે.



# ખોલવડ-ભાદામાં રૂ.૮૪ કરોડના ખર્ચે જેટકો નવું સબ સ્ટેશન સાકાર થશે

## ખોલવડ અને આજુબાજુના વિસ્તારોમાં આગામી એક વર્ષમાં અવિરત વીજ પુરવઠો ઉપલબ્ધ કરાશેઃ આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા

સુરત, તા.૧૪

કામરેજ વિધાનસભા ક્ષેત્રના ખોલવડ અને આજુબાજુના વિસ્તારોમાં ભવિષ્યની રહેણાંક અને ઔદ્યોગિક જરૂરિયાતોને ધ્યાને રાખીને રાજ્ય સરકાર દ્વારા પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત કરવા માટે પ્રિલીમીનરી ટી.પી. સ્કીમ નં.૪૭ ખોલવડ-ભાદા રિઝર્વેશન નં. ઈ-૨૨ ખાતે ૨૪,૦૦૦ ચોરસ મીટર જગ્યા પર જેટકો દ્વારા નવું સબ સ્ટેશન સ્થાપિત કરવામાં આવશે તેમ રાજ્યના આરોગ્ય રાજ્ય મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ જણાવ્યું હતું. મંત્રીશ્રીએ વિગતો આપતાં કહ્યું કે, ખોલવડ વિસ્તારમાં હાલ મોટા પાયે રેસિડેન્શિયલ ડેવલપમેન્ટ થઈ ચૂક્યું છે. આગામી સમયમાં આ સમગ્ર વિસ્તારને સાતત્યપૂર્ણ અને ગુણવત્તાયુક્ત વીજ પૂરવઠો મળી રહે તેમજ કોઈપણ નાગરિક કનેક્શનથી વંચિત ન રહે તે માટે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ઉર્જા મંત્રીશ્રી ઋષિકેશ પટેલના સકારાત્મક સહયોગથી જેટકોએ રૂ.૮૪ કરોડની માતબર રકમ સુડામાં જમા કરાવી દીધી છે. આ પ્રોજેક્ટ માટેની જરૂરી ૨૪,૦૦૦ ચોરસ મીટર જમીનનો કબજો પણ મેળવી લેવામાં આવ્યો છે.

આગામી એક વર્ષમાં આ સબ સ્ટેશન સંપૂર્ણપણે કાર્યરત થઈ જશે, જેનાથી ખોલવડ, ભાદા અને તેની આસપાસના સમગ્ર વિસ્તારની વીજ જરૂરિયાત સંતોષાશે. હાલની સ્થિતિએ આગામી એક-બે વર્ષમાં નવા જોડાણો આપવા માટે પૂરતો વીજ લોડ ઉપલબ્ધ ન હોત, પરંતુ સરકારે સમયસર આગોતરું આયોજન કરીને આ પ્રશ્નનો કાયમી ઉકેલ લાવ્યો છે.

આ ઉપરાંત, ભવિષ્યમાં થનારા વધુ વસવાટ અને નવા મકાનોના બાંધકામને પહોંચી વળવા માટે જેતકો સાથે પરામર્શ કરીને વધુ એક ૬૬ કેવી (૬૬ KV) અથવા (૨૨૦ KV)નું સબ સ્ટેશન બનાવવાનું આયોજન પણ વિચારણા હેઠળ છે, જેથી નવા રહેવાસીઓને તત્કાલ કનેક્શન આપી શકાય. કામરેજ વિધાનસભા ક્ષેત્રના ખોલવડ વિસ્તારમાં રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલું આ અત્યાર સુધીનું સૌથી મોટું પાવર પ્લાનિંગ છે, જે આવનારા સમયમાં નવા રેસિડેન્સ અને નવી ઈન્ડસ્ટ્રીઝ (ઉદ્યોગો) માટે આશીર્વાદરૂપ સાબિત થશે એમ શ્રી પાનશેરીયાએ ઉમેર્યું હતું.

# પરિવારથી વિખુટા પડેલા સગીરને ચાઈલ્ડ હેલ્પ લાઇને આશ્રય આપ્યો

## છોકરો સુરત રેલવે સ્ટેશન પર પરિવારથી વિખૂટા પડી ગયો

સુરત, તા.૧૪

સુરત રેલવે સ્ટેશન પરથી ભીડના કારણે અજાણતાં પરિવારથી વિખૂટા પડેલા એક સગીરને ચાઇલ્ડ હેલ્પલાઇન-૧૦૯૮ ની ટીમે ત્વરિત કાર્યવાહી કરીને સુરક્ષિત આશ્રય પૂરો પાડ્યો છે. રેલવે પ્રોટેક્શન ફોર્સના સંકલન સાથે જરૂરી કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કરી સગીરને બાળ સંભાળ સંસ્થામાં આશ્રય અપાયો છે. ગત રોજ સુરત રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં. ૧ પર એક છોકરો એકલો અને ગુમસુમ હોવાની માહિતી મળતાં જ ચાઇલ્ડ હેલ્પલાઇનની ટીમ તત્કાલ ઘટનાસ્થળે પહોંચી હતી. ટીમે બાળકને આશ્વાસન આપી કાઉન્સેલિંગ કર્યું હતું. પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું કે મુસાફરી દરમિયાન ભારે ભીડના કારણે સગીર તેના પરિવારથી વિખૂટો પડી ગયો હતો. બાળકની પાસે પરિવારનો કોઈ સંપર્ક નંબર ન હોવાથી તાત્કાલિક માતાપિતાનો સંપર્ક થઈ શક્યો ન હતો. સગીરની સલામતીને ધ્યાને રાખી હેલ્પલાઇન ટીમે ઈંહ્લના સહયોગથી તેનું મેડિકલ ચેકઅપ કરાવ્યું હતું. ત્યારબાદ નિયત સરકારી નિયમોનુસાર બાળ સંભાળ સંસ્થામાં તેને સુરક્ષિત રીતે મોકલી આપવામાં આવ્યો છે. હાલ સંબંધિત સત્તાધિકારીઓ સાથે સંકલન સાધી પરિવારની ભાળ મળે ત્યાં સુધી સુરક્ષિત આશ્રય આપવામાં આવ્યો છે. 'ચાઇલ્ડ હેલ્પલાઇન-૧૦૯૮' દ્વારા જાહેર જનતાને અપીલ છે કે, કોઈપણ બાળક મુશ્કેલીમાં, એકલું કે સંરક્ષણની જરૂરિયાતવાળું જણાય, તો તુરંત જ ટોલ-ફ્રી નંબર ૧૦૯૮ પર જાણ કરીએ, જેથી સમયસર બાળકને જરૂરી સહાય અને રક્ષણ પૂરું પાડી શકાય.

# પુરગ્રસ્ત પુણાગામની હરેકૃષ્ણ સોસાયટીના ૫૩ પરિવારોને આર્થિક સહાયનું વિતરણ

## સુરતના પૂર પ્રભાવિત ૫૩ પરિવારોને સમયસર કેશડોલ્સ ચૂકવાઈ

સુરત, તા.૧૪

ભારે વરસાદને કારણે સુરતના પુણાગામ સ્થિત શ્રી હરેકૃષ્ણ સોસાયટી વિભાગ-૩માં અંદાજે ૩થી ૪ ફૂટ જેટલું પાણી ભરાઈ ગયું હતું. આ પૂર જેવી સ્થિતિને કારણે સ્થાનિક રહીશોના ઘરોમાં પાણી ઘૂસી જતાં અનેક પરિવારોને મોટા પાયે આર્થિક અને ઘરવખરીનું નુકસાન વેઠવું પડ્યું હતું. આ કપરી પરિસ્થિતિમાં રાજ્ય સરકાર દ્વારા સંવેદનશીલ અભિગમ અપનાવીને અસરગ્રસ્ત પરિવારોને તાત્કાલિક રાહત આપવા માટે 'કેશડોલ્સ' (રોકડ સહાય) વિતરણની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. આ અંગે વિગતો આપતા નાયબ મામલતદાર શ્રી પ્રજ્ઞેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારના દિશાનિર્દેશમાં કામરેજ પ્રાંત અધિકારીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ પાંચ સભ્યોની વિશેષ ટીમ બનાવીને પ્રભાવિત વિસ્તારમાં સ્થળ પર જઈને ચોકસાઈપૂર્વક સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. કોઈ પણ પાત્રતા ધરાવતો પરિવાર વંચિત ન રહી જાય તે માટે પારદર્શક કામગીરી કરવામાં આવી હતી. આ સર્વેના આધારે સહાય માટે પાત્ર કુલ ૫૩ પરિવારોને નિયમ અનુસાર પરિવારદીઠ રૂ.૬,૮૦૦ લેખે કેશડોલ્સ સહાયનું વિતરણ સીધું જ કરી દેવામાં આવ્યું છે. આપત્તિના સમયે નાગરિકોને ઝડપથી રાહત મળે તે માટે સમગ્ર વહીવટી પ્રક્રિયા ખૂબ જ સમયબદ્ધ અને સચોટ રીતે પૂર્ણ કરવામાં આવી હતી. રાજ્ય સરકાર કુદરતી આફતોથી પ્રભાવિત નાગરિકોને પડખે ઊભા રહેવા હંમેશાં પ્રતિબદ્ધ છે. પૂર બાદ જિલ્લા વહીવટીતંત્રએ ચોવીસ કલાક સતત કાર્યરત રહીને પ્રભાવિત પરિવારો સુધી પહોંચીને તેમને જરૂરી આર્થિક પીઠબળ પૂરૂ પાડ્યું છે.

# અડાજણમાં પીજી ગેસ્ટ રૂમમાંથી છ મોબાઈલ ફોન ચોરાઈ ગયા

## દીવાલ કુદીને ઘરમાં ઘૂસેલો ચોર મોબાઈલ તફડાવી ગયો

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૪

અડાજણ વિસ્તારમાં આવેલા એક પેઈંગ ગેસ્ટ (પીજી)માં મધરાતે દીવાલ કૂદી અંદર ઘુસેલા તસ્કરે અલગ અલગ કંપનીના છ મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૧.૫૨ લાખના મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયો હતો.

અડાજણ પોલીસના જણાવ્યા મુજબ બનાવ અંગે ભગવાન પાર્ક સોસાયટીમાં આવેલા અક્ષર પીજીમાં રહેતા ઉમંગ મનિષભાઈ મિસ્ત્રી (ઉ.વ. ૨૩)એ ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેઓએ જણાવ્યું હતું કે, ગત તા ૯ જુલાઈના રોજ મોડી રાત્રે સાડા ત્રણેક વાગ્યાના આરસામાં અજાણ્યો રોડ તરફની દીવાલ કૂદી પીજીમાં ઘુસ્યો હતો. ત્યારબાદ પીજીમાં રહેતા યુવકોના રૂમમાંથી એક પછી એક મોબાઈલ ફોન ચોરી કરી ફરાર થઈ ગયો હતો.જે મોબાઈલની કુલ કિંમત રૂપિયા ૧.૫૨ લાખ થાય છે. પોલીસે ગુનો દાખલ કરી સીસીફુટેજના આધારે આરોપીને ઝડપી પાડવાના ચક્રોગતિમાન કર્યા છે.

# સુરતમાં ગણેશ મહોત્સવ અંગે પોલીસ કમિશનરનું જાહેરનામું

## ૯ ફૂટ કરતા વધુ મોટી મૂર્તિ પર પ્રતિબંધ લાગૂ કરાયો

સુરત, તા.૧૪

સુરત શહેરમાં આ વર્ષે તા.૧૪/૦૯/૨૦૨૬થી તા.૨૫/૦૯/૨૦૨૬ દરમિયાન ગણેશ મહોત્સવની ઉજવણી થનાર છે. આ મહોત્સવ માટે તૈયાર કરવામાં આવતી ગણેશ પ્રતિમા તેમજ સરળ વિસર્જન પ્રક્રિયાને અનુલક્ષીને સુરત શહેર ઈ.પો. કમિશનરશ્રી વાબાંગ જામીરે એક જાહેરનામા દ્વારા કેટલાક પ્રતિબંધો મૂક્યા છે.

જે અનુસાર શ્રીજીની માટીની મૂર્તિ બેઠક સહિતની ૦૯(નવ) ફુટ કરતા વધારે ઊંચાઈની બનાવવા, વેચવા, સ્થાપના કરવા ઉપર (તમામ મુર્તીઓનું વિસેજન કૃત્રિમ તળાવ તથા દરિયામાં કરવાનું રહેશે), શ્રીજીની પી.ઓ.પી.ની કે ફાયબરની મૂર્તિ બેઠક સહિતની ૦૫ (પાંચ) ફૂટથી વધારે ઉચાઈની બનાવવા, વેચવા, સ્થાપવા, જાહેર માર્ગ ઉપર પરીવહન કરવા અને નદી, તળાવ સહિતના કુદરતી જળસ્ત્રોતમાં વિસર્જન કરવા ઉપર( માટી તથા પી.ઓ.પી.ની મુર્તીઓનું જીસ્ક્ર દ્વારા કૃત્રિમ રીતે બનાવેલ તળાવમાં અથવા દરિયામાં વિસર્જન કરવાનું રહેશે.), ઓવારા વાઇઝ જ્યાં કૃત્રિમ તળાવ બનાવેલ હોય તેવા ઈસ્યુ કરેલ પાસ સિવાયના અન્ય ઓવારા ઉપર આયોજકોને મૂર્તિઓનું વિસર્જન કરવા ઉપર, મૂર્તિકારો જે જગ્યાએ મૂર્તિઓ બનાવવાની કામગીરી કરે છે તે જગ્યા તથા વેચાણ માટે રાખે છે તે જગ્યાની આજુબાજુ તથા નજીકમાં કોઈપણ પ્રકારની ગંદકી કરવા કે કોઈપણ પ્રકારની મૂર્તિ સેડ ઉપર જાહેરમાં ટ્રાફિકને અડચણ થાય તે રીતે ખુલ્લી રાખવવા પર, મૂર્તિઓના સ્થાપના દિવસ બાદ મૂર્તિકારોએ વેચાણ ન થયેલી તથા બનાવટ દરમ્યાન ખંડિત થયેલી મૂર્તિઓને બિનવારસી હાલતમાં મુકવા પર, કોઈપણ ધર્મના લોકોની લાગણી દુભાય એવા કોઈ ચિન્હો કે નિશાની વાળી મૂર્તિઓ બનાવવા/ખરીદવા/વેચવા/સ્થાપના કરવા, વિસર્જન પૂર્ણ થયા બાદ મંડપો બે દિવસથી વધારે દિવસ સુધી રાખવા પર, ફાયબરની મૂતિ વિસર્જનના દિવસે તથા ત્યારબાદ સરઘસના રૂપે બહાર કાઢવા પર, પરમીટમાં દર્શાવેલ રૂટ સિવાયના રૂટ ઉપર વિસર્જન કરવા પર, મુર્તિઓની બનાવટમાં પાણીમાં સરળતાથી ઓગળી ન શકે તેવા ઝેરી કેમિકલયુક્ત રંગોનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ પ્રતિબંધો સુરતની બહારથી શ્રીજીની મૂર્તિ લાવી વેચતા મૂર્તિકારો/વેપારીઓને પણ લાગુ પડશે. આ જાહેરનામું તા.૦૭/૦૯/૨૦૨૬ સુધી અમલમાં રહેશે. હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

### અમેરિકાએ ઈરાન

પહેલા પાનાનું ચાલુ

અમેરિકા હોર્મુઝ સ્ટ્રેટની સુરક્ષા કરશે. તેના બદલામાં ત્યાંથી પસાર થતા દરેક કાર્ગો જહાજ પર ૨૦% સુરક્ષા ટેક્સ વસૂલવામાં આવશે. આ સાથે જ ઈરાની જહાજો અને તેના ગ્રાહકો પર નવા પ્રતિબંધો લાગુ કરવામાં આવ્યા છે.CENTCOM એ બંદર અબ્બાસ સ્થિત સબમરીન અને નેવલ મેઈન્ટેનન્સ ફેસિલિટી પર સી-ડ્રોનથી હુમલો કર્યો. આ હુમલા દ્વારા ઈરાનની નૌકાદળની સૈન્ય ક્ષમતાને સીધું નિશાન બનાવવામાં આવી છે.ઈરાનના સુપ્રીમ લીડરના સલાહકાર મોહમ્મદ મોખબરે જણાવ્યું કે તેઓ હોર્મુઝ પર પોતાનું નિયંત્રણ જાળવી રાખશે. અમેરિકાની દખલગીરી અને દબાણ સામે તેઓ ક્યારેય ઝૂકશે નહી.અમેરિકા-ઈરાન તણાવ વચ્ચે રશિયાનું ખાસ કમાન્ડ એરક્રાફ્ટ Tu-214PU તેહરાન પહોંચ્યું છે. આ અદ્યતન વિમાનનો ઉપયોગ પરમાણુ કે મોટા યુદ્ધ દરમિયાન રાષ્ટ્રપતિ અને સેનાના હવાઈ કમાન્ડ સેન્ટર તરીકે કરવામાં આવે છે.બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુઇઝ ઇનાસિયો લુલા દા સિલ્વાએ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજો પર ૨૦% ટેક્સ લગાવવાની યોજનાની સખત ટીકા કરી છે.અલ જઝીરા અનુસાર, લુલાએ કહ્યું કે પહેલા આવા કામને દરિયાઈ ચાંચિયાગીરી કહેવાતી હતી. અમેરિકા જેવો મોટો દેશ જેણે વર્ષો સુધી દરિયાઈ ચાંચિયાગીરી સામે લડાઈ લડી હવે પોતે દરિયાઈ ચાંચિયા જેવું વર્તન કરી શકે નહી.

### બંગાળની ખાડીમાં

પહેલા પાનાનું ચાલુ

તપાસ પૂરી થયા પછી જ સામે આવશે. ઓડિશાના ત્રણ સગા ભાઈઓ પણ લાપતા ગુમ થયેલા માછીમારોમાં ઓડિશાના બાલાસોર જિલ્લાના ત્રણ સગા ભાઈઓ - રવીન્દ્ર માઝી (૫૨), જયરામ માઝી (૪૯) અને જગન્નાથ માઝી (૪૫) નો સમાવેશ થાય છે. તેમના સંબંધી સન્યાસી માઝીએ જણાવ્યું કે ત્રણેય પહેલા પણ ઘણી વખત માછલી પકડવા માટે શંકરપુર જતા રહ્યા હતા.

અધિકારીએ જણાવ્યું કે ટ્રોલર પર શરૂઆતમાં ૧૬ લોકોના જવાની યોજના હતી, પરંતુ એક વ્યક્તિ કોઈ કારણસર ગયો નહીં. બાકીના મૃતક અને ગુમ થયેલા માછીમારો પૂર્વ મેદિનીપુર, હાવડા અને નદિયા જિલ્લાના રહેવાસી છે. કાકદ્વીપ ઉપ-વિભાગીય હોસ્પિટલની મોર્ચરીની બહાર તેમના પરિવારજનો હજુ પણ રાહ જોઈ રહ્યા છે.

### અરુણાચલમાં કુમે

પહેલા પાનાનું ચાલુ

આઉટપોસ્ટ પર તૈનાત ITBPના ૧૫ જવાનો સાથે સંપર્ક તૂટી ગયો હતો.આસામના ટિયોકમાં પુથી નદીએ એક પાળો તોડી નાખ્યો. ઘણા ગામો અને ખેતીની જમીન પાણીમાં ડૂબી ગઈ છે. ઘણી જગ્યાએ રસ્તાઓ તૂટી ગયા.ખરેખર, હવામાં ભેજ વધવાથી શરીરમાંથી નીકળતો પરસેવો ઝડપથી સુકાતો નથી. આનાથી શરીર ઠંડું નથી થઈ શકતું અને હવામાન વાસ્તવિક તાપમાન કરતાં ઘણું ગરમ ??લાગે છે. આને હીટ ઈન્ડેક્સ કહે છે. ભુવનેશ્વરમાં ૩૬ ડિગ્રી તાપમાન અને ૬૩% ભેજ સાથે હીટ ઈન્ડેક્સ ૪૯ઝ સુધી પહોંચી ગયો. મુંબઈમાં ૩૨ઝ તાપમાન હોવા છતાં ૭૦% ભેજને કારણે ૪૦ ડિગ્રી જેવી ગરમી અનુભવાઈ રહી છે. દિલ્હી અને શ્રીગંગાનગરમાં હીટ ઈન્ડેક્સ લગભગ ૪૫-૪૬ ડિગ્રી સેલ્સિયસ છે.

### તેલંગાણામાં ૬

પહેલા પાનાનું ચાલુ

આરોપી શુક્રવાર (૧૦ જુલાઈ) ની રાત્રે છોકરીના ઘરે પહોંચ્યો અને તેની માતા અને દાદીની ગળું કાપીને હત્યા કરી દીધી હતી. આ પછી તે પીડિતાને ઢસડીને નજીકના જંગલમાં લઈ ગયો અને તેની પણ ચપ્પુના ઘા ઝીકીને હત્યા કરી દીધી હતી.આ પછી આરોપી પોતાના ઘરે પહોંચ્યો અને પોતાની પત્ની સરિતા અને બે પુત્રોની પણ ગળું કાપીને હત્યા કર્યા પછી ફરાર થઈ ગયો હતો. લગભગ અડધા કલાકમાં, તેણે આ છ હત્યાઓ કરી હતી.હત્યાની ઘટનાના તરત જ બાદ આરોપીએ પોતાના પિતાને ફોન કરીને ગુનો કબૂલ કર્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, તેણે પિતાને કહ્યું હતું કે તે હવે પોતાનો જીવ પણ આપી દેશે. આ પછી તેણે પોતાનો મોબાઈલ ફોન બંધ કરી દીધો હતો.આરોપીના માતા-પિતાએ ઘટનાની જાણ પોલીસને કરી હતી. આ પછી રાજકુમાર ફરાર થઈ ગયો હતો. તેની શોધ માટે તેલંગાણા પોલીસે ૧૪ વિશેષ ટીમો બનાવી હતી અને મોટા પાયે અભિયાન ચલાવ્યું હતું. ફરાર થયાના બીજા દિવસે તે રેલવે સ્ટેશન પાસે એક ઓટોમાં જોવા મળ્યો હતો. પોલીસ આસપાસના જિલ્લાઓમાં પણ તેની શોધ કરી રહી હતી.

### ભારતીય નિકાસ

પહેલા પાનાનું ચાલુ

કરવાની બંધારણીય સત્તા માત્ર અમેરિકન સંસદ (કોંગ્રેસ) પાસે જ છે. આથી, કોર્ટે ગેરકાયદેસર રીતે વસૂલાયેલી આ જકાત તુરંત પરત કરવાનો આદેશ આપ્યો હતો.

અમેરિકાના આ ટેરિફના કારણે ભારતીય નિકાસકારો લાંબા સમયથી મુશ્કેલીનો સામનો કરી રહ્યા હતા. ટ્રમ્પ સરકારે એપ્રિલ ૨૦૨૫માં ભારતમાંથી આવતી ચીજવસ્તુઓ પર પ્રારંભિક ૨૬ ટકા વધારાની ડ્યુટી લાદી હતી, જેને ઓગસ્ટ ૨૦૨૫માં વધારીને ૫૦ ટકા સુધી કરી દેવામાં આવી હતી.

આ આકરા પગલાને કારણે ભારતીય માલ અમેરિકન માર્કેટમાં મોંઘો બન્યો હતો અને વેપારીઓનો નફો સાવ ઘટી ગયો હતો. ભારતમાંથી આ સમયગાળા દરમિયાન અમેરિકામાં અંદાજે ૭૨ બિલિયન ડોલરનો માલસામાન નિકાસ થયો હતો, જેમાં સી-ફૂડ અને ટેક્સટાઈલ સેક્ટરને સૌથી મોટો ફટકો પડ્યો હતો.

રિફંડ મેળવવાની ટેકનિકલ પ્રક્રિયા થોડી જટિલ છે, કારણ કે અમેરિકી નિયમો મુજબ રિફંડની રકમ સીધી ભારતીય નિકાસકારોના ખાતામાં આવતી નથી. કસ્ટમ્સ વિભાગ આ નાણાં અમેરિકાનાં એ જ રજિસ્ટર્ડ આયાતકાર (ઈમ્પોર્ટર ઓફ રેકોર્ડ) ને ચૂકવે છે જેમણે માલ મંગાવતી વખતે આ જકાત ભરી હતી.

તેથી ભારતીય નિકાસકારોએ પોતાની રકમ પાછી મેળવવા માટે અમેરિકાનાં ખરીદદાર પર નિર્ભર રહેવું પડે છે. વૈશ્વિક સ્તરે અમેરિકા અત્યાર સુધીમાં આવા આશરે ૭૧ બિલિયન ડોલરના રિફંડ પ્રોસેસ કરી ચૂક્યું છે.

કાયદાકીય નિષ્ણાતોના મતે, આ રિફંડ મેળવવામાં ભારત અને અમેરિકાનાં વેપારીઓ વચ્ચેનાં વ્યાપારિક સંબંધો સૌથી મહત્વની ભૂમિકા ભજવશે. કાનૂની રીતે અમેરિકન આયાતકારો આ નાણાં ભારત મોકલવા માટે બંધાયેલાં નથી, પરંતુ વર્ષો જૂના વ્યાપારિક સંબંધો અને વિશ્વાસના કારણે યુએસનાં વેપારીઓ આ રકમ ભારતીય નિકાસકારોને ટ્રાન્સફર કરી રહ્યાં છે. કેટલાક કિસ્સામાં જ્યાં ભારતીય વેપારીઓએ ટેક્સનો આખો બોજ પોતે સહન કર્યો હતો, ત્યાં તેમને પૂરેપૂરા નાણાં પાછા મળી રહ્યાં છે.

છેલ્લાં કેટલાક મહિનાઓથી આકરા ટેક્સના કારણે આર્થિક ભીસ

અનુભવી રહેલાં ભારતીય નિકાસકારો માટે આ રિફંડ આશીર્વાદ સમાન સાબિત થઈ રહ્યું છે. જોકે, નાણાકીય અને ટેક્સ નિષ્ણાતો વેપારીઓને ચેતવણી આપી રહ્યાં છે કે રિફંડનો દાવો કરતી વખતે તમામ દસ્તાવેજો એકદમ સચોટ હોવા જોઈએ, કારણ કે અમેરિકી કસ્ટમ્સ વિભાગ આ દાવાઓની ખૂબ જ કડક તપાસ કરી રહ્યું છે. એકંદરે, મુશ્કેલ સમયમાંથી પસાર થયા બાદ ભારતીય બજાર અને નિકાસકારોના બિઝનેસમાં આ રકમથી ફરી નવી રોનક આવશે.

### બ્રિટનમાં હિન્દુ મંદિરની

પહેલા પાનાનું ચાલુ

હવે ન્યાયિક સમીક્ષામાં એ તપાસ થઈ રહી છે કે નિર્ણય લેવાની પ્રક્રિયા કાયદા મુજબ હતી કે નહીં. મંદિર પ્રબંધને સ્પષ્ટ કર્યું છે કે તેનો વિરોધ મુસ્લિમ સંસ્થાથી નહીં, પરંતુ કાઉન્સિલના નિર્ણય અને પ્રક્રિયાથી છે. હવે કોર્ટ તપાસ કરશે કે સંપત્તિ વેચવાનો નિર્ણય કાયદા અને સમાનતાના નિયમો મુજબ લેવામાં આવ્યો હતો કે નહીં.

ભારત હિંદુ સમાજનું કહેવું છે કે પીટરબરોનું આ મંદિર માત્ર ધાર્મિક સ્થળ નથી, પરંતુ વિસ્તારના ૪,૦૦૦ હિંદુઓનું એકમાત્ર સામાજિક-સાંસ્કૃતિક કેન્દ્ર પણ છે. જો આ પરિસર બંધ થાય છે, તો હિંદુઓને પૂજા-અર્ચના અને તહેવારો માટે નજીકના મંદિર (કેમ્બ્રિજ-૫૬ કિમી) અથવા (લેસ્ટર-૬૪ કિમી) તરફ જવું પડશે.

પીટરબરોનો વિવાદ બ્રિટનમાં એકલો નથી. અહીંની કાઉન્સિલો વધતા ખર્ચ અને ઓછી સરકારી મદદને કારણે સામાજિક પરિસર, સ્પોર્ટ્સ સેન્ટર અને કોમ્યુનિટી ભવન વેચીને બજેટ સંભાળી રહી છે. ૨૦૨૫ના 'કી સિટીઝ' સર્વેમાં ૬૦% કાઉન્સિલોએ સંપત્તિ વેચાણને ખોટ ભરવાનો રસ્તો ગણાવ્યો.બર્મિંગહામને ૨૪-૨૫નું બજેટ સંતુલિત કરવા માટે ૨,૮૮૩ કરોડ રૂ.ની સંપત્તિઓ વેચવાનું લક્ષ્ય રાખવું પડ્યું. નોટિંગહામની ૨૦૨૫-૨૬ની ખોટ ૨૬૭ કરોડ અને ચાર વર્ષનો કુલ અંદાજિત તફાવત ૬૮૯ કરોડ રૂ. હતો.

### બ્રાંડની સફળતા

પેજ-૨ પાનાનું ચાલુ

ચેરમેન શ્રી પુનિત ગજેરાએ ઉપસ્થિત વક્તાઓનો સત્તાવાર પરિચય આપ્યો હતો. સમગ્ર સત્રનું સફળ સંચાલન ચેમ્બરની આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ કમિટીના ચેરમેન શ્રી ચિત્રાંગ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું. વક્તાઓએ શ્રોતાઓના મૂંઝવતા પ્રશ્નોના સંતોષકારક જવાબો આપ્યા બાદ, ગ્રૂપ ચેરમેન ડૉ. અનિલ સરાવગીએ આભારવિધિ કરીને કાર્યક્રમનું સમાપન કર્યું હતું.

### કુલ ૩૨૦૧૭

પેજ-૨ પાનાનું ચાલુ

દિવસ દરમિયાન સર્વેની કામગીરીની સાથે-સાથે વહીવટી તંત્ર દ્વારા ઘરવખરી સહાય પણ ચૂકવવામાં આવી છે.

જયારે ઘર વખરીની વિગતો જોઈએ છ તાલુકાના ૧૦૫૩૩ અસરગ્રસ્તોને કુલ ૫.૨૬ કરોડની સહાય ચુકવાઈ છે વિગતો વાર જોઈએ તો કતારગામ તાલુકામાં ૫૮૧ પરિવારોને રૂ.૨૯ લાખ, પુણા તાલુકામાં ૩૧૭૬ પરિવારોને રૂ.૧.૫૮ કરોડ, મજુરા તાલુકામાં ૧૫૮૧ અસરગ્રસ્તોને રૂ.૭૯ લાખ, અબ્રામા તાલુકામાં ૬૦૯ પરિવારોને રૂ.૩૦.૪૫ લાખ અને મુખ્ય અસરગ્રસ્ત એવા ઉધના તાલુકામાં ૪૫૨૦ પરિવારોને રૂ.૨.૨૬ કરોડ તથા અડાજણમાં ૬૬ લાભાર્થીઓને રૂા.૩.૩૦ લાખની ઘરવખરી સહાય ચૂકવવામાં આવી છે. પૂર અસરગ્રસ્ત વિસ્તારોમાં હજુ પણ સર્વેની કામગીરી શરૂ છે.

### જમીન દફતર

પેજ-૨ પાનાનું ચાલુ

કતારગામ, અબ્રામા, પુણા, ઉધના, મજુરા, અડાજણ, ચોર્યાસી, ઓલપાડ, કામરેજ, પલસાણા, બારડોલી, મહુવા, અંબિકા, માંડવી, અરેઠ, માંગરોળ અને ઉમરપાડા) માટે સ્થાનિક સેવા સદન, મહેસુલી ભવન કે સાંસ્કૃતિક ભવનો ખાતે જ નવી અદ્યતન કચેરીઓ કાર્યરત કરવામાં આવી છે. જેથી તમામ જનતાને હવેથી જૂની કચેરીના બદલે પોતાની રજૂઆત કે વહીવટી અરજીઓ નિયત કરવામાં આવેલા પોતાના જ સ્થાનિક તાલુકા મથકના સરનામે કરવા વિનંતી કરવામાં આવે છે.

સુરત શહેરના વિવિધ ઝોન વિસ્તારના અરજદારો માટે વહીવટી સરળતા માટે સુરતના નાનપુરા સ્થિત બહુમાળી ભવન ખાતે ઓફિસો ફાળવવામાં આવી છે. જેમાં સુરત શહેર (કતારગામ) તાલુકાની જમીન દફતર નિરીક્ષકની કચેરી બહુમાળી ભવનના એ-બ્લોકના સાતમા માળે કાર્યરત કરાઈ છે. એ-બ્લોકના સાતમા અને આઠમા માળ પર 'સુરત શહેર (અબ્રામા) તાલુકાની જમીન દફતર નિરીક્ષકની કચેરી તેમજ છઠ્ઠા માળ પર 'સુરત શહેર (પુણા)' તાલુકાની જમીન દફતર નિરીક્ષકની કચેરી કાર્યરત કરાઈ છે. જયારે સી-બ્લોકમાં આઠમાં માળ પર સુરત શહેર (મજુરા) તાલુકાની કચેરી, સાતમા માળ પર 'સુરત શહેર (ઉધના)ની કચેરી' તેમજ સી બ્લોકના પહેલા માળ પર '(ચોર્યાસી) તાલુકા'ની કચેરીઓ વહીવટી સેવાઓ આપી રહી છે.

સુરત જિલ્લાના ગ્રામ્ય અને તાલુકા વિસ્તારોના અરજદારો માટે કચેરીઓનું વિકેન્દ્રીકરણ કરીને જે તે વિસ્તારના સ્થાનિક સરકારી પરિસરો નિયત કરાયા છે. જેમાં સુરત શહેર (અડાજણ) તાલુકાની જમીન દફતર નિરીક્ષકની કચેરી અડાજણના પાલ ખાતે સિટી પ્રાંત (ઉત્તર)-અડાજણના મહેસુલી ભવનમાં કાર્યરત કરવામાં આવી છે. ઓલપાડ તાલુકાની જમીન દફતર નિરીક્ષકની કચેરી તાલુકા સેવા સદનના બીજા માળે, ઓલપાડ હાથીસા રોડ, કોર્ટ બિલ્ડિંગની સામે ઓલપાડ, કામરેજ તાલુકાની કચેરી નવાગામ ખાતે નેશનલ હાઈવે નં. ૮ની બાજુમાં તાલુકા સેવા સદનના ગ્રાઉન્ડ ફ્લોર પર અને નર્મદા જળ સંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર યોજના-પલસાણા સેક્શન ઓફિસ, મામલતદાર કચેરી પલસાણાની બાજુમાં પલસાણા તાલુકાની જમીન દફતરની કચેરી કાર્યરત છે. બારડોલી જમીન દફતર નિરીક્ષકની કચેરી તાલુકા સેવાસદનના બીજા માળે, સિટી સરવે કચેરી કાર્યરત છે.

વધુમાં, મહુવા તેમજ અંબિકા તાલુકાની જમીન દફતર નિરીક્ષકની કચેરીઓ સંયુક્ત રીતે મહુવા તાલુકા સેવાસદન ખાતે કાર્યરત છે. જયારે અન્ય વિસ્તારોમાં માંડવી તાલુકાની કચેરી તાલુકા પંચાયત કચેરીની બાજુમાં, જૂની પ્રાંત કચેરી ખાતે શરૂ કરાઈ છે.


**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ
દીવ્યેશકુમાર કમલેષકુમાર દાલિયા હતું જે બદલીને
નવું નામ
દીવ્યેશ કમલેષકુમાર દાલિયા રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.
સહી/- દીવ્યેશ કમલેષકુમાર દાલિયા
સરનામું :૭/૪૪૭૧, કડિયા સ્ટ્રીટ, એસએમસી કોમ્યુનિટી હોલ પાસે, ગલેમંડી, સુરત, ગુજરાત- ૩૯૫૦૦૩

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ
મલિકા અલી હતું જે બદલીને
નવું નામ
મલેકા અલીઅસગર ચન્નીવાલા રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.
સહી/- મલેકા અલીઅસગર ચન્નીવાલા
સરનામું :૪/૩૪૧૯, ફખરી એપાર્ટમેન્ટ, ૪થ ફ્લોર, ફ્લેટ નો.૪૦૧,૪૦૨, બેગમપુરા, બદ્રી રોડ, સુરત સિટી-૩૯૫૦૦૩, ગુજરાત, ઇન્ડિયા

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ
દેવર્શી વિજયભાઈ જોશી હતું જે બદલીને
નવું નામ
શબ્બીર વિજયભાઈ કસ્ટમવાલા રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.
સહી/- શબ્બીર વિજયભાઈ કસ્ટમવાલા
સરનામું :૨૦૨, હાજત એપાર્ટમેન્ટ, દસ્તુરવાડ, નવસારી-૩૯૬૪૪૫, ગુજરાત, ઇન્ડિયા

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ
કલ્પેશકુમાર ધનજીભાઈ ઝીંઝુવાડિયા હતું જે બદલીને
નવું નામ
કલ્પેશ ધનજીભાઈ ઝીંઝુવાડિયા રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.
સહી/- કલ્પેશ ધનજીભાઈ ઝીંઝુવાડિયા
સરનામું :સી – ૪૦૧ રાજહંસ પ્લેટિનમ રેસીડન્સી પાલનપુર સુરત સુરત સિટી, ગુજરાત ઇન્ડિયા ૩૯૫૦૦૯

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ
ઝાહેદાબેગમ ઉસ્માનગની પઠાણ હતું જે બદલીને
નવું નામ
જાહેદા ઉસ્માનગની પઠાણ રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.
સહી/- જાહેદા ઉસ્માનગની પઠાણ
સરનામું :૧૭/૭૭ દરગાહ કમ્પાઉન્ડ, દીપા કોમ્પલેક્ષની સામે, અડાજણ, સુરત ૩૯૫ ००૯

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ
શેખ અલ્માસ મોહમ્મદ શાહીદ અને અલ્માસાબીબી મહમદ સાદીક શેખ હતું જે બદલીને
નવું નામ
અલ્માસ મોહમ્મદઅયાઝ શેખ રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.
સહી/- અલ્માસ મોહમ્મદઅયાઝ શેખ
સરનામું :૭/૧૮૩૩,ફ્લેટ-૨૦૨,ફ્લોર-૨,સૈયદપુરા ટુંકી,ચીક્વાલી મસ્જીદ પાસે,સૈયદપુરા, સુરત-૩૯૫૦૦૩

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ
ફરહાના ઈરફાન એકલવાયા હતું જે બદલીને
નવું નામ
ફરહાનાબાનુ મહમદ ઈરફાન એકલવાયા રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.
સહી/- ફરહાનાબાનુ મહમદ ઈરફાન એકલવાયા
સરનામું :૮૦૮,નાની નગરી, દાભેલ, જલાલપોર, દાભેલ, નવસારી-૩૯૬૪૧૫

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ
ઈરફાન ઈબ્રાહીમ એકલવાયા હતું જે બદલીને
નવું નામ
મહમદ ઈરફાન ઈબ્રાહીમ એકલવાયા રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.
સહી/- મહમદ ઈરફાન ઈબ્રાહીમ એકલવાયા
સરનામું :૮૦૮,નાની નગરી, દાભેલ, જલાલપોર, દાભેલ, નવસારી-૩૯૬૪૧૫

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ
મોહમ્મદ ઈરફાન એકલવાયા હતું જે બદલીને
નવું નામ
મોહમ્મદ મહમદ ઈરફાન એકલવાયા રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.
સહી/- મોહમ્મદ મહમદ ઈરફાન એકલવાયા
સરનામું :૮૦૮,નાની નગરી, દાભેલ, જલાલપોર, દાભેલ, નવસારી-૩૯૬૪૧૫


Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 299-300/ Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka



ભારે વરસાદના કારણે સુરતમાં પુરતી સ્થિતિને પગલે ભારે આર્થિક નુકસાન થયું છે. મોટા વરાછા તાપી નદી તટે મંત્રા હાઈટ્સ નજીકનો બંને તરફનો પાળો ભારે વરસાદમાં ધોવાઈ જતા સુરત મહાનગરપાલિકા દ્વારા ઈન્ટેકવેલ પાસેના પાળાનું સમારકામ શરૂ કરી દેવામાં આવ્યું છે. (તસવીર : પ્રદીપ ગોહિલ)

# સુમુલ ડેરીની ૯ બેઠકો માટે ચૂંટણી : આવતી કાલે મતદાન

## તા.૧૭મીએ સુમુલ ડેરી ખાતે મતગણના હાથ ધરાશે

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૪**

સુમુલ ડેરીના વ્યવસ્થાપક મંડળની કુલ ૧૬ પૈકીની ૭ બિન હરીફ થયેલી બેઠકો સિવાઈની બાકી રહેલી ૯ બેઠકો માટે આવતીકાલે મતદાન યોજાશે. સુમુલ ડેરીના પ્રતિષ્ઠા સભર ચૂંટણી જંગ સંદર્ભે સુરત અને તાપી જિલ્લાના સહકારી તથા રાજકીય આગેવાનોમાં ભારે ઉત્તેજના છવાયેલી છે.

સુમુલ ડેરીની ચૂંટણી અંગે આવતીકાલે સવારે ૯ કલાકથી મોડી બપોરે ૪ કલાક સુધી મતદાન યોજાશે. અને મતદાન પૂર્ણ થયા બાદ તા.૧૭મીના રોજ સવારે ૧૧ વાગે સુમુલ ડેરીના બેંકવેટ હોલમાં મતગણના હાથ ધરાશે.

સુમુલ ડેરીના સંચાલક મંડળની કુલ ૧૬ બેઠકો પૈકી ૭ બેઠકો પર ભાજપ પ્રેરિત ઉમેદવારો બિનહરીફ વિજયી થયા છે. બાકી ૯ બેઠકો ઓલપાડ, માંડવી, મહુવા, ઉમરપાડા, નિઝર, કુકરમુંડા, વ્યારા, સોનગઢ અને ડોલવણ માટે યોજાનારી ચૂંટણીમાં કુલ ૨૧ ઉમેદવારો મેદાનમાં છે.

દક્ષિણ ગુજરાતની સૌથી મોટી સુમુલ ડેરીના વહીવટ પર કબજો કરવા સહકારી ક્ષેત્રના ધુરંધરો ઉપરાંત ભાજપ-કોંગ્રેસના આગેવાનો પણ એડીચોટીનું જોર લગાવી રહ્યાં છે. યેનકેન પ્રકારે મહત્તમ બેઠકો કબજે કરવા આખરી સમયના દાવપેચ અજમાવવાનું શરૂ કરી દેવાયું છે અને મતદારોને રીઝવવાના તમામ પ્રયાસો ઉમેદવારો દ્વારા હાથ ધરાયા હોવાનું પણ જાણવા મળે છે.

# દિકરાની હત્યાની ધમકી આપી પરિણીતાનું શારીરિક શોષણ

## ભાવિક માંગુકીયા પરિણીતાને બ્લેકમેલ કરી વારંવાર હોટલમાં દુષ્કર્મ કરતો હતો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૪**

સિંગણપોર વિસ્તારમાં રહેતી પરિણીતાને અંગત, કાફેમાં મળવાના અને ગીફ્ટ આપવાના ફોટા પતિને મોકલી આપવાની તેમજ દીકરાને જાનથી મારી નશ્વાંખવાની ધમકી આપી બ્લેકમેઈલ કરી વારંવાર હોટલમાં બોલાવી શારીરીક શોષણ કરવામાં આવ્યું હોવાની ચોકાવનારી વિગત સપાટી ઉપર આવી છે. પોલીસે ભોગ બનનાર પરિણીતાની ફરિયાદને આધારે નરાધમ સામે ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસના જણાવ્યા મુજબ, સિગણપોર કોઝ-વે રોડ પર માધવકુંજ સોસાયટીમાં રહેતા ભાવિક મહેન્દ્રભાઈ માંગુકીયા (ઉ.વ. ૪૩)ઍ વર્ષ ૨૦૨૫થી લઈને ૮ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન પરિણીતાને તેના ફોટા જાહેર કરવાની ધમકી આપી સતત બ્લેકમેલ કરતો હતો. પરિણીતાને તેના દીકરાને મારી નાખવાની તેમજ તેના પતિને કાફેમાં મળવાના અને ભેટ આપેલી વસ્તુઓના ફોટા મોકલી દેવાની ધમકી આપી અનેક વખત હોટલમાં મળવા માટે દબાણ કર્યું હતું. ત્યાં ભાવિક માંગુકીયાઍ પરિણીતા ઉપર અનેક વખત બળાત્કાર કર્યો હતો.આખરે પરિણીતાઍ આ સમગ્ર મામલે ફરિયાદ નોદ્ધધાવતા સિંગણપોર પોલીસે ભાવિક માંગુકીયા સામે ગુનો દાખલ કરી ધરપકડ સહિત આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સુરતના વેપારી પાસેથી માલ ખરીદી દીલ્હીના વેપારી દ્વારા છેતરપિંડી

## કાપડનો માલ ખરીદ્યા બાદ ઓફિસ-દુકાન બંધ કરી વેપારી ફરાર

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૪**

રિંગરોડ, સહારા દરવાજા સ્થિત ઍસ.ઍમ.સીશ્ર.શોપીંગ સેન્ટરમાં ધંધો કરતા વેપારીને દિલ્હીના ઠગબાજ વેપારીઍ ઈન્ડિયા માર્ટ ઍપ્લિકેશન મારફતે સંપકર્શ્ર કરી પોતે પ્રતિષ્ઠ વેપારી હોવાની ઓળખ આપી વિશ્વાસમાં લઈ ફિનિસ વિસકોસ ફેબ્રીક્સ કાપડનો માલ ખરીદ્યા બાદ રૂપિયા ૨૮.૪૦ લાખ નહી ચુકવી ઓફિસ અને દુકાન બંધ કરી રફુચક્કર થઈ ગયો હતો.

સલાબતપુરા પોલીસ પાસેથી મળતી વિગત મુજબ અમરોલીના છાપરાભાઠા રોડ.અભયનગર પાસે, શાંતીકુંજ સોસાયટીમાં રહેતા કાપડ ભાવેશ ઘેલાભાઈ મકવાણા (ઉ.વ.૩૬) રિંગરોડ, સહારા દરવાજા સ્થિત ઍસ.ઍમ.સી. શોપીંગ સેન્ટરમાં દુકાન રાખી કાપડનો ધંધો કરે છે. મૂળ ભાવનગરના પાલીતાણા તાલુકાના પીપરડી ગામના વતની ભાવેશભાઈનો દિલ્હી, ગાંધીનગરમાં જી.કે.ટ્રેડીગ ફર્મના નામે ધંધો કરતા સોનું ઉર્ફે વિનીત ગુ।ઍ ઈન્ડિયા માર્ટ ઍપ્લિકેશનશ્ર મારફતે સંપર્ક કયો હતો અને પોતે પ્રતિષ્ઠીત વેપારી હોવાનો વિશ્વાસ અપાવ્યો હતો. ત્યારબાદ તા. ૧૧ ઓગસ્ટ, ૨૦૨૫થી ૩૦નવેમ્બર, ૨૦૨૫ દરમિયાન ડિલક્સ ઍક્સપ્રેસ કેરિયર ઍલઍલપી મારફતે અલગ-અલગ બિલોથી કુલ રૂ.૪૧,૪૫,૦૫૬નો ફિનિશ્ડ વિસ્કોસ ફેબ્રિકનો માલ મેળવ્યો હતો. શરૂઆતમાં વિશ્વાસ જાળવવા સોનું ઉર્ફે વિનીતઍ ટુકડે ટુકડે કરી રૂપિયા ૧૩,૦૫,૦૧૬ ચૂકવ્યા હતા. જ્યારે બાકીના લેવાના નિકળતા રૂપિયા ૨૮,૪૦,૦૪૦ ની ભાવેશભાઈ દ્વારા અવાર નશ્વવાર ઉઘરાણી કરતા ખોટા ખોટા વાયદાઓ આપ્યા બાદ દુકાન અને જીઍસટીમાં નોંધાવેલી ઓફિસ બંધ કરી રફુચક્કર થઈ ગયો હતો. ભાવેશભાઈને તેમની સાથે પ્લાનીંગથી છેતરપિંડી કરવામાં આવી હોવાનો ખ્યાલ આવતા ગતરોજ ફરિયાદ નોદ્ધધાવતા સલાબતપુરા પોલીસે સોનું ઉર્ફે વિનીત ગુ। સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# નકલી ચલણી નોટ કેસમાં શંકાના લાભથી આરોપીઓનો છૂટકારો

## ગ્રામ્ય એસઓજી પોલીસે નકલી નોટ સાથે બેને ઝડપી પાડ્યા હતા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૪**

બારડોલીમાં રૂ. ૩.૯૦ લાખની નકલી ચલણી નોટોના કેસમાં પુરાવાના અભાવે તમામ આરોપીઓને કોર્ટે શંકાનો લાભ આપી છોડી મૂક્યા હતા.

ઘટનાની વિગત એવી છે કે, તા.૬.૨.૨૦૧૩ના રોજ બારડોલી પોલીસ સ્ટેશન વિસ્તારના ધામદોડ ગામ પાસેથી ભારતીય બનાવટી ચલણી નોટો છાપીને હેરફેર કરવા અંગે દિલીપ રામજી ગજ્જર તથા મહેન્દ્ર જયરામ પ્રજાપતિને સુરત ગ્રામ્ય પોલીસ દ્વારા ઝડપી લેવાયા હતા. તેઓની પાસેથી હજારના ના દરની ૩૧૬ નોટો અને પાંચસોના દરની ૧૫૦ નોટો મળી કુલ ૩.૯૦ લાખથી વધુની નકલી નોટો કબજે કરવામાં આવી હતી. આ અંગે બારડોલી પોલીસ સ્ટેશનમાં બંને વિરૂદ્ધ ગુનો નોંધાયો હતો. તપાસ દરમિયાન અન્ય આરોપીઓ વિજયસિંહ ઉદયસિંહ પરમાર, સુજીતભાઈ પચ્ચીગર અને અશ્વિન રસીકલાલ વ્યાસની પણ ધરપકડ કરવામાં આવી હતી. આ કેસની સુનાવણી દરમિયાન બચાવપક્ષે સિનિયર વકીલ કેતન પી. રેશમવાલા તથા વકીલ જીમી બી. કાંટલીવાલાએ દલીલો રજૂ કરી હતી કે, ફરિયાદ પક્ષ પોતાનો કેસ નિઃશંકપણે સાબિત કરી શક્યો નથી. રેડ દરમિયાન નોટો કબજે કરવાનું પંચનામું, આરોપીઓની અટકાયત અને મુદ્દામાલ કબજે કરવાના પંચનામાઓ શંકાસ્પદ રહ્યા છે અને તે સાબિત થયા નથી. આ ઉપરાંત આરોપીઓ પાસેથી જ આ નોટો મળી આવી હોય તેવો કોઈ સ્વતંત્ર સાક્ષીનો પુરાવો રજૂ કરાયો નથી. કોર્ટે પુરતા પુરાવાના અભાવે તમામને ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો આદેશ કર્યો હતો.

# કામની લાલચ આપી ૧૩ વર્ષની છોકરી પર વકીલનો બળાત્કાર

## ડીંડોલી પોલીસ દ્વારા એડવોકેટ પ્રણયરાજ ગોવિંદની ધરપકડ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૪**

ડિંડોલી વિસ્તારમાં રહેતા ઍડવોકેટે તેના અસીલ ઍવા ૧૩ વર્ષીય કિશોરીને ઘરકામ માટે મહિને ૧૫ હજાર પગાર આપવાની લાલચ આશ્વપી ઘરે બોલાવ્યા બાદ બળાત્કાર ગુજાર્યો હતો તેમજ મોબાઈલમાં વીડીયો ઉતાર્યો હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. પોલીસે ગુનો દાખલ કરી ઍડવોકેટની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસના જણાવ્યા મુજબ, ડિંડોલીના ઉમીયા ચોક સ્થિત વેદાંતવિલામાં રહેતા ઍડવોકેટ પ્રણયરાજ ગોવિંદભાઈ રણવીર (ઉ.વ. ૪૩) ઍ સચીન જીઆઈડીસી વિસ્તારમાં રહેતી ૧૩ વર્ષ ૬ માસની કિશોરીને ગત તા. ૧૨ જુલાઈના રોજ સાંજે છ વાગ્યે મહિને રૂપિયા ૧૫ હજારના પગારે ઘરકામ અપાવવાની લાલચ આપી પોતાના ઘરે બોલાવી હતી. ત્યાં પ્રણયરાજે કિશોરીને ધમકાવી તેના કપડા ઉતરાવ્યા બાદ તેની સાથે જબરદસ્તીથી દુષ્કર્મ આચર્યુ હોવાનો આક્ષેપ ફરિયાદમાં કરવામાં આવ્યો છે. ઍટલું જ નહીં, સમગ્ર ઘટનાનો વીડિયો પોતાના મોબાઇલ ફોનમાં ઉતાર્યો હતો. આ બનાવ અંગે સચીન જીઆઈડીસી પોલીસે કિશોરીના પરિવારની ફરિયાદને આધારે ગુનો દાખલ કરી પ્રયણરાજ રણવીરની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.




સુરત શહેરમાં આગામી ગુરુવારે ભગવાન જગન્નાથની રથયાત્રા નીકળશે. રથયાત્રાના આયોજન અર્થે જહાંગીરપુરા ખાતે આવેલા ઈસ્કોન મંદિરમાં પહોંચેલા ઈન્ચાર્જ પોલીસ કમિશનર વાબાંગ જમીર ભગવાનની આરતી કરી હતી. ઉપરાંત મંદિર સંકુલમાં સુરક્ષા વ્યવસ્થાનું પણ નિરીક્ષણ કર્યુ હતું. (તસવીર : પ્રદીપ ગોહિલ)

### કોઝવેનું જળસ્તર ૫.૮૪ મીટર

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૪**

સુરત શહેર જિલ્લા ઉપરાંત દક્ષિણ ગુજરાતમાં ક્યાંય વરસાદ પડવાના અણસાર દેખાતા નથી આ દરમિયાન સુરતના તાપી નદી પરનો કોઝવે આજે સવારે ભયનજક સપાટી ૬ મીટરથી નીચે વહી રહી છે. વરસાદના અભાવે તાપી નદીની જળ સપાટીમાં માતબર ઘટાડો નોંધાયો છે.ફ્લડ કંટ્રોલ વિભાગે જણાવ્યા મુજબ વિયર કોઝવેની સપાટી આજે સવારે ૧૦ વાગે ૫.૮૪ મીટર નોંધાઈ છે અને તાપી નદીમાં નવા પાણીની આવક ઘટી જતા વિયર કમ કોઝવે પરથી વહેતુ પાણી બંધ થઈ ગયું છે.આ પ્રકારે ઉકાઈ ડેમમાં આજે સવારે નવા પાણીની આવક માત્ર ૮૦૦ ક્યુસેક નોંધાવા સાથે ડેમની જળ સપાટી ૩૧૩.૬૨ ફૂટ નોંધાઈ છે. અને ડેમમાંથી ૮૦ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. ઉકાઈ ડેમના ઉપરવાસના મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશના વિસ્તારોમાં પણ વરસાદ નહીં પડતા ઉકાઈ ડેમમાં નવા પાણીની આવક નજીવી બની ગઈ છે.

# વિદ્યાર્થિનીની છેડતી કરનાર રિક્ષા ચાલકને બે વર્ષ કેદની સજા

## ૧૩ વર્ષની છોકરીને રિક્ષાચાલક ટ્યુશને લેવા તથા મુકવા જતો હતો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૪**

ટ્યુશન જવા-આવવા માટે રાખવામાં આવેલ રીક્ષાના ચાલકે ૧૩ વર્ષની વિદ્યાર્થિનીને એડલ્ટ સ્ટોરી સંભળાવી છેડતી કરવાનો પ્રયાસ કરવાના કેસમાં કોર્ટે આરોપી રીક્ષા ચાલકને બે વર્ષની કેદની સજાનો હુકમ કર્યો હતો.

ઉત્રાણ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ અનુસાર, ઉત્રાણ ખાતે રહેતી અને ધોરણ-૭ માં અભ્યાસ કરતી ૧૩ વર્ષીય સગીરાને ટ્યુશને જવા આવવા માટે ઓટો રીક્ષાનો ઉપયોગ કરતી હતી. ૨૮ નવેમ્બર ૨૦૨૪ના રોજ સાંજે વિદ્યાર્થિની તેનો રિક્ષા ચાલક ટ્યુશનથી પરત ઘરે મૂકવા આવી રહ્યો હતો, ત્યારે ચાલકે તેણીને પૂછ્યું કે, "તારે હોરર કે એડલ્ટ સ્ટોરી સાંભળવી છે?"

સગીરાએ એડલ્ટ સ્ટોરી સાંભળવાની હા પાડી હતી. જેથી વિદ્યાર્થીનીને એડલ્ટ સ્ટોરી સંભળાવી રીક્ષા ચાલકે તેણીને ખોટા ઈરાદાથી સ્પર્શ કરવાનો પ્રયત્ન કર્યો હોવાનો ફરિયાદમાં આરોપ લગાવ્યો હતો. વિદ્યાર્થીનીની માતાએ ઉત્રાણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી આરોપી રીક્ષા ચાલકની ધરપકડ કરી હતી અને કાયદેસરની ચાર્જશીટ કોર્ટમાં રજૂ કરી હતી.

કેસની સુનાવણી દરમિયાન બચાવ પક્ષે દલીલ કરી હતી કે ભોગ બનનારના નિવેદનમાં વિરોધાભાસ છે અને ગુનો સાબિત થતો નથી. જોકે, સરકારી વકીલ વી. એલ. ફળદુએ દલીલો અને દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા હતા. કોર્ટે ભોગ બનનારની જુબાનીને અત્યંત વિશ્વાસપાત્ર અને સચોટ માની હતી. કોર્ટે આરોપીને ૨ વર્ષની સજાનો હુકમ ફરમાવ્યો હતો.

# ગુરુવારે ભગવાન જગન્નાથની નગર યાત્રા સુરત શહેર પોલીસ દ્વારા લોખંડી બંદોબસ્ત

## જગન્નાથ રથયાત્રા માટે પોલીસ તંત્ર સજ્જ, ડ્રોન સર્વેલન્સ અને ટ્રાફિક ડાયવર્ઝનની વ્યવસ્થા : પોલીસ કમિશનર વાબંગ જામીરના માર્ગદર્શન હેઠળ શહેરભરમાં સુરક્ષાનું આયોજન

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૪**

આગામી ૧૬ જુલાઈએ ભગવાન જગન્નાથજીની રથયાત્રાને લઈને સુરત શહેર પોલીસ સંપૂર્ણ તૈયારીમાં લાગી ગઈ છે. શહેરમાં પરંપરાગત રીતે નીકળતી ૮ રથયાત્રા ઉપરાંત વધુ ૩ રથયાત્રા મળીને કુલ ૧૧ રથયાત્રા યોજાનાર હોવાથી કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે અને શ્રદ્ધાળુઓને કોઈ મુશ્કેલી ન પડે તે માટે વિશેષ સુરક્ષા અને ટ્રાફિક આયોજન કરવામાં આવ્યું છે.

સોમવારે રાજ્યના પોલીસ મહાનિર્દેશક (DGP) એસ. એમ. મલિકની અધ્યક્ષતામાં યોજાયેલી વિડિયો કોન્ફરન્સમાં તમામ શહેરોને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેના અનુસંધાને સુરત શહેર પોલીસ કમિશનર વાબંગ જામીરના માર્ગદર્શન હેઠળ સમગ્ર આયોજનને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે.

સંયુક્ત પોલીસ કમિશનર ડૉ. કરણ રાજ વાઘેલા, સેક્ટર-૧ના અધિકારી બલરામ મીના, સેક્ટર-૨ના મહેન્દ્ર બાગડિયા, ટ્રાફિક કમિશનર સજનસિંહ પરમાર, ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી ભાવેશ રોજિયા, સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના રાજદીપસિંહ નકુમ તેમજ વિવિધ ઝોનના નાયબ પોલીસ કમિશનરોને અલગ-અલગ જવાબદારીઓ સોંપવામાં આવી છે.

### રથયાત્રા માટે શહેર પોલીસની મુખ્ય તૈયારીઓ

- શહેરમાં કુલ ૧૧ રથયાત્રા યોજાશે.
- ડ્રોન અને કંટ્રોલ રૂમથી સતત સર્વેલન્સ.
- ટ્રાફિક માટે ગ્રીન કોરિડોર અને ડાયવર્ઝન યોજના.
- સંવેદનશીલ વિસ્તારોમાં નાઈટ કોમ્બિંગ અને ફૂટ પેટ્રોલિંગ.
- એકતા કમિટી અને સાધુ-સંતોના સહયોગથી શાંતિપૂર્ણ આયોજન.
- રથયાત્રાના રૂટ પર વિશેષ પોલીસ બંદોબસ્ત અને સતત મોનિટરિંગ.

રથયાત્રાના સમગ્ર રૂટ પર ડ્રોન કેમેરા અને કંટ્રોલ રૂમ મારફતે સતત નજર રાખવામાં આવશે. આ મોનિટરિંગની જવાબદારી ડીસીપી એ. એમ. પરમારને સોંપવામાં આવી છે. ઉપરાંત ટ્રાફિક વિભાગ દ્વારા રથયાત્રાના રૂટ પર ગ્રીન કોરિડોર, ટ્રાફિક ડાયવર્ઝન અને જરૂરી સ્થળોએ સમયબદ્ધ રોડ બંધની વ્યવસ્થા કરવામાં આવી છે, જેથી શહેરના નાગરિકોને અનાવશ્યક ટ્રાફિક સમસ્યા ન સર્જાય.

રથયાત્રા પૂર્વે શહેરના સંવેદનશીલ વિસ્તારોમાં નાઈટ કોમ્બિંગ અને ફૂટ પેટ્રોલિંગ શરૂ કરવામાં આવ્યું છે. રથયાત્રા જે વિસ્તારોમાંથી પસાર થવાની છે, ત્યાંના પોલીસ અધિકારીઓ અને સ્ટાફને વિશેષ સૂચનાઓ આપવામાં આવી છે. કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને સમગ્ર રથયાત્રા શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થાય તે માટે એકતા કમિટીના સભ્યો તેમજ સાધુ-સંતો સાથે પણ સતત સંકલન રાખવામાં આવી રહ્યું છે.

# અડાજણમાં રાત્રી સમયે કોલ-ડ્રીન્કસની દુકાનમાંથી ચોરી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૪**

અડાજણ પ્રાઈમ આર્કેડ પાસે આવેલ કોલ્ડ્રીક્સની દુકાનમાં ત્રાટકેલા બે તસ્કરો ધંધાના વકરાના રોકડા ૧.૨૫ લાખ ચોરી કરી ફરાર થઈ ગયા હતાઅડાજણ, ટેકરાવાલા સ્કુલ પાછળ, કસ્તુરબા મહિલા સોસાયટીમાં રહેતા કલ્પેશ રમેશભાઈ મેવાવાલા (ઉ.વ.૫૦)પ્રાઈમ આકેડ પાસે, સમરતકુંજ ઍપાર્ટમેન્ટમાં જગદંબા કોલ્ડ્રીકસ નામે દુકાન ધરાવે છે. તેમની દુકાનમાં ગત તા ૧૦મી જુલાઈના મોડી રાત્રે ચાર વાગ્યે બે તસ્કરો ત્રાટક્યા હતા. દુકાનનું શટર વચ્ચેથી વાળી અર્ધુ ઉંચુ કરી અંદર ઘુસેલા તસ્કરો કાઉન્ટર ટેબલના ખાનામાંથી રોકડા ૧,૨૫,૦૦૦ ચોરશ્વી કરી ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે અડાજણ પોલીસે તેમની ફરિયાદને આધારે ગુનો દાખલ કરી સીસીફુટેજના આધારે ઝડપી પાડવાના ચક્રોગતિમાન કર્યા છે.

# નાનપુરા ડચ ગાર્ડનમાં યુવક પર બ્લેડથી હુમલો કરી લૂંટ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૪**

નાનપુરા સ્થિત દયાળજી બાગ (ડચ ગાર્ડન)માં મોડી રાત્રે ફરવા ગયેલા યુવક પર અજાણ્યા શખ્સે બ્લેડ વડે જીવલેણ હુમલો કરી મોબાઈલ ફોન અને રોકડ લૂંટી ફરાર થઈ જતાં વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.અઠવા પોલીસ પાસેથી મળતી વિગત મુજબ તલાવડી નવસારી બજાર ખાતે રાજેશ્રી ક્વાર્ટર્સમાં રહેતા અનિતાબેન મુકેશભાઈ લકુમ (ઉ.વ.૩૫)નો ભાઈ દીપક સુરેશભાઈ મારુ ગઈકાલે રાત્રે નાનપુરામાં દયાળજી બાગ (ડચ ગાર્ડન)માં ફરવા માટે ગયો હતો તે વખતે ઍક અજાણ્યાઍ તેના ઉપર બ્લેડ વડે ગળા અને ગરદનના ભાગે ત્રણ ઘા ઝીકી ઓપો કંપનીનો અંદાજે રૂ.૫ હજાર કિંમતનો મોબાઈલ ફોન તેમજ રોકડા રૂપિયા ૭૦૦ લૂંટી ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે પોલીસે ગુનો દાખલ કરી લૂં? ટારૂને ઝડપી પાડવાના ચક્રોગતિમાન કર્યા છે.

**પશ્ચિમ રેલવે પાલઘર સ્ટેશનથી બાંદ્રા (ટી) - સુરત ઈન્ટરસિટી એક્સપ્રેસ સુધી વધારાનો સ્ટોપેજ પૂરો પાડે છે**

| ૧૨૯૩૫ બાંદ્રા (ટી) - સુરત ઇન્ટરસિટી એક્સપ્રેસ ૧૫ જુલાઈ, ૨૦૨૬ | સ્ટેશનનું નામ | ૧૨૯૩૬ સુરત-બાંદ્રા (ટી) ઇન્ટરસિટી એક્સપ્રેસ ૧૪ જુલાઈ, ૨૦૨૬ |
|---|---|---|
| સુધારેલ સમય | | સુધારેલ સમય |
| કોઈ ફેરફાર નહીં | વિરાર | કોઈ ફેરફાર નહીં |
| 07:58 (A) – 08:00 (D) | પાલઘર | 19:01 (A) – 19:03 (D) |
| 08:16 (A) – 08:18 (D) | બોઈસર | કોઈ ફેરફાર નહીં |
| 08:42 (A) – 08:44 (D) | ઉમરગામ રોડ | કોઈ ફેરફાર નહીં |
| 09:02 (A) – 09:04 (D) | વાપી | કોઈ ફેરફાર નહીં |
| 09:23 (A) – 09:26 (D) | વલસાડ | કોઈ ફેરફાર નહીં |
| 09:39 (A) – 09:41 (D) | બીલીમોરા | કોઈ ફેરફાર નહીં |
| 09:56 (A) – 09:58 (D) | નવસારી | કોઈ ફેરફાર નહીં |
| 10.40 (A) | સુરત | કોઈ ફેરફાર નહીં |

» પ્રાયોગિક ધોરણે વધારાના સ્ટોપેજ પૂરા પાડવામાં આવ્યા છે.
» અન્ય મધ્યવર્તી સ્ટેશનો પર સમયમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં.
» વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઈક કરો અને અમને ફોલો કરો :
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

કૃપા કરીને બધી અનામત ટિકિટો માટે મૂળ ID પુરાવો સાથે રાખો.